૧૮૮
D

[illegible]ની ઓળખાણ.

હ ર ભા ઈ.
મુખ્ય ગૃહપતિ અને આચાર્ય,
શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન,
ભાવનગર.

160111
Scanok
7/8/24.

પ્રકાશક:
ઠા. બેચર મેઘજી એન્ડ સન્સ.
રાજકોટ.
મે, ૧૯૩૪. ૭ આના

નં: ૧૧૭

શ્રી આદેશ્વર જૈન જ્ઞાનમંદિર

શ્રી આદેશ્વર જૈન જ્ઞાનમંદિરાલય. અમદાવાદ.

વિભાગ

વિ. નંબર

સાચી ઓળખાણ.

હ ર ભા ઈ.

મુખ્ય ગૃહપતિ અને આચાર્ય,
શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન,
ભાવનગર.

પ્રકાશક:
ઠા. બેચર મેઘજી એન્ડ સન્સ.
રાજકોટ.
મે, ૧૯૩૪.

છ આના

પ્રકાશક :
બેચર મેઘજી એન્ડ સન્સ,
પરા બજાર-રાજકોટ.

પહેલી વાર : ૧૫, મે, ૧૯૩૪.
પ્રત : ૨૦૦૦

મુદ્રક :
બુક-બાઇન્ડર રણછોડ મનજી,
સરસ્વતી પ્રિન્ટીંગ પ્રેસ,
રાજકોટ.

અનુક્રમણિકા.

એ ચોર ન હતો અને નથી ૧
સર્વત્યાગ ૧૯
હર્ષદરાય ૩૨
ગુલાબજાંબુ ૫૯
જીવનપલટો ૭૨
ઋણ ૮૫
જુવાનના તરંગો ૧૦૦
પિતાની ડાયરી ૧૨૯

પ્રસ્તાવના.

'સાચી ઓળખાણ' એ છ વાર્તાઓ, જુવાનની થોડીએક ડાયરીઓ અને પિતાની ડાયરીનો એક સંગ્રહ છે આ બધા જ લેખો 'છાત્રાલય' માસિકમાં પ્રગટ થઇ ગએલા છે.

જુવાન વિદ્યાર્થીઓ સાથે કામ કરવું, તેમના જીવનને ચોવીશે કલાક નિહાળ્યા કરવું, તેમના ગાઢ પરિચયમાં આવવું, તેમના દરેક દરેક કાર્યોને ઓળખવાનો પ્રયત્ન કરવો—એ બધુંય આપણા જીવનના એક લ્હાવા સમાન હોય છે. એ લ્હાવો તો જેણે લીધો હોય તે જ તેની સાચી કિંમત આંકી શકે.

જુવાનો ભણવા માટે અનેક સ્થળોએ ભેગા થતા હોય છે; હમણા હમણા ખાસ કરીને છાત્રાલયોમાં. આજે કોઇપણ મોટું શહેર એવું નહિ હોય કે જ્યાં સંખ્યાબંધ છાત્રાલયો નહિ હોય, હજી તો દિવસે દિવસે તેની સંખ્યા વધતી જ જાય છે. જે કોઇ આવા છાત્રાલયોના સહેજ પણ પરિચયમાં આવે છે તેને તુરતજ ભાન થઇ જાય છે કે મનુષ્ય જીવનના જેટલા જટીલ પ્રશ્નો તેટલા બધાજ છાત્રાલયમાં પણ એક યા બીજી

રીતે દેખા દેતા હોય છે. છાત્રાલયમાં ચોરીઓ થતી હોય છે, છાત્રાલયમાં છેતરપીંડીઓ ચાલતી હોય છે અને સાથે સાથે જ છાત્રાલય કોઇ એક બે વિદ્યાર્થીઓના જીવનમાં અજબ જેવું પરિવર્તન પણ કરી નાખતું હોય છે.

આપણે જેને ચોર કહીએ છીએ તે વાસ્તવિક રીતે ચોર નથી જ. તેની ચોરીઓ પાછળ તો કંઇ કંઇ છૂપાં બળો પડેલાં હોય છે. એ છૂપાં બળોને જો આપણે પકડી પાડી શકીએ તો કેટલાયે જુવાનોને અન્યાય થતો અટકે; એટલું જ નહિ પણ કેટલાયે જુવાનો ભવિષ્યમાં ચોરો થતા અટકે. છાત્રાલયમાં કોઇ એક નાનો એવો પ્રસંગ બને.—કોઇ મહાપુરૂષનું આગમન અથવા તો ગૃહપતિનું નાનકડું એવું સારૂં યા નરસું સૂચન. આવો પ્રસંગ કેટલાક જુવાનના મન ઉપર ઘણી ઉંડી છાપ પાડે છે; અને તેના જીવનનું આખુંયે વહેણ બદલાઇ જાય છે. આપણને ખબરે નથી પડતી તેવી રીતે તેના જીવનમાં પરિવર્તન થાય છે, અને મનુષ્ય આખો બદલાઇ જાય છે. જુવાનને આ રીતે ઓળખવા તથા તેના જીવનવહેણને પલટાવી નાખનાર બળાબળોને ઓળખવા અહિં પ્રગટ કરવામાં આવેલી વાર્તાઓ વાંચકને ખૂબ ઉપયોગી નીવડશે.

જુવાનની સાથે આપણે ગમે તેટલા નીકટના પરિચયમાં આવીએ તો પણ આપણે તેના મનનો યથાર્થ તાગ મેળવી શકવાના નથી જ. જુવાન જે બોલતો હોય છે, વિચારતો હોય છે કે વર્તતો હોય છે તેની પાછળ તો કંઇ બીજી જ ઉંડી વાતો અને વિચારો પડયા હોય છે. એ જાણવાનું સદ્ભાગ્ય તો કોઇકને જ મળે છે. પરંતુ હા, આ યુગમાં જુવાનની તેવી વિચાર સરણી જાણી લેવાનું એક સાધન હાથ લાગ્યું છે ખરૂં; અને તે તેની ડાયરી. ડાયરી લખવાની પ્રથા હમણા હમણા જોસમાં આવતી જાય છે, અને આવેજને? જુવાન પોતાનું ખરૂં અંતર કયાંઇ પણ વ્યક્ત ન કરી શકે તો પછી તેણે ડાયરીનો આશરો લીધે જ છૂટકો. આ પુસ્તકમાં તેવી થોડીએક ડાયરીઓ પણ મૂકવામાં આવી છે. આ ડાયરીઓ પૈકી કેટલીક જુવાનોની પોતાની જ ભાષામાં લખાયેલી છે; જ્યારે કેટલીક જુવાનોએ વિશ્વાસથી વ્યકત કરેલા પોતાના વિચારોને બીજી ભાષામાં મૂકવામાં આવેલી છે. એવે ઠેકાણે વિચારો જુવાનના જ રહે તેની બરાબર કાળજી રાખવામાં આવી છે. આ ડાયરીઓના વાચનથી જુવાનને કંઇક અંશે પણ ઓળખવાની ચાવી વાંચનારને અવશ્ય મળશે.

અને જુવાનના વડીલો પણ કોઇ કોઇ વખત ભારે અજબ જેવા વિચારો કરી રહ્યા હોય છે. જુવાનને તેની ઓછીજ ખબર હોય છે. આવા વિચારો જુવાન જાણી લે તો જુવાન અને તેના વડીલ વચ્ચે ઘણી ગેરસમજુતો છે તે ખસી જાય. ત્રીજા વિભાગમાં વડીલોનું મન જાણી લેવા માટે 'પિતાની ડાયરી' આપવામાં આવી છે આ ડાયરીઓ પણ ઉપજાવી કાઢેલી નથી. વળી કોઇ પિતાના વિચારો જાણીને પછી તેને ભાષા આપવામાં આવી છે તેમ પણ નથી. એ ડાયરીઓ ખુદ પિતાઓના પોતાના જ વિચારો તેમની પોતાની જ ભાષામાં તેમણે જે રીતે વ્યક્ત કરેલ તેમાંથી ચૂંટી કાઢીને અહીં મૂકવામાં આવેલી છે જુવાનો આ પુસ્તક વાંચશે તો વડીલોનું અંતર વાંચવામાં તેમને એ ખૂબ મદદગાર થઇ પડશે.

મેસર્સ એચર મેઘજી એન્ડ સન્સે 'છાત્રાલય સંમેલન' વખતેજ આ પુસ્તક પ્રગટ કરવાની જે હોંશ બતાવી છે તે ખરેખર આદરણીય છે. તેમના ઉત્સાહથી જ આટલા ટુંકા વખતમાં પણ આ નાનકડું પુસ્તક પ્રગટ થઇ શક્યું છે.

હરભાઇ.

એ ચોર નહતો અને નથી!

પ્રિય ચમનભાઇ,

ચિ૦ સુમંતને ત્યાં તમારી પાસે મોકલી દીધો છે. આપણે છેલ્લા મળ્યા ત્યારેથી મારા મનમાં એના સંબંધેનાં અનેક વિચારો ઘોળાયા કરતા હતા. તમારી વાત કેમે કરી ગળે ઉતરતી નથી. બાળક દશ અગીયાર વર્ષના થાય ત્યાં સુધી તો જાણે કે ઠીક, પરંતુ ચૌદ પંદર વર્ષની ઉંમર થાય ત્યાં સુધી તેની નાની મોટી ચોરીઓને માનસિક વ્યાધિ ગણ્યા કરવી એ તમારી ફિલસુફી મારે ગળે નથી ઉતરતી. કારણ ગમે તે હો પણ એ છોકરો સ્વભાવેજ ચોર છે. આજે હવે બધી ચોરીઓ અજાણપણે કરે છે તેમ પણ નથી. એની ચોરીઓની પાછળ ચોક્કસ યોજનાઓ હોય છે. એ યોજનાઓ ખુબ ચાલાકીથી પાર પાડવાની બહાદુરી પણ તેનામાં છે. મને તો આમાં નશીબને માન્યા સિવાય છૂટકો દેખાતો નથી. મારાં નશીબમાંજ આ પીડા માંડેલી હશે નહિતર મારે ત્યાં આવો કપુત કયાંથી જન્મે? પણ આમ શોક કર્યે પણ કયાં આરો છે?

તમારા ગયા પછી ભાઇ પરમાણંદ પંદરેક દિવસ માટે અહીં હવાફેર કરવા આવ્યા હતા. તેમની સાથે પણ સુમંત સંબંધે ખૂબ ચર્ચા થઇ. કોણ જાણે કેમ એ પણ તમારા ભક્ત દેખાયા! એણે તો મને સ્પષ્ટ સલાહ આપી કે વિચારો અને ચિંતાઓ છોડીને મારે તેને તમારે જ હવાલે સોંપવો. તમારી કાર્યપદ્ધતિમાં અને તમારા સિદ્ધાંતોમાં તેમને ખૂબ વિશ્વાસ જણાય છે.

હું પણ હવે તો થાકયો છું. શિક્ષા અને પોલીસને હવાલે કરી દેવાના વિચારો પણ મનમાં ઉગ્રપણે આવી જાય છે, પણ એ તો મારાથી નહિજ બને તેની ખાત્રી રાખજો. આખરે કંટાળીને હવે એને તમારી પાસે મોકલ્યો છે. એને ત્યાં મોકલવામાં મિત્ર પરમાણંદની સલાહ અને તમારો પ્રેમી આગ્રહ એ બે કારણોજ જાણજો. તમારા સિદ્ધાંત અને કાર્યપદ્ધતિમાં તો હવે તમે મારામાં વિશ્વાસ પેદા કરાવી શકશો. બાકી તો આપણે બાલમિત્રો છીએ એટલે એક દીકરાને મિત્રને સોંપ્યાનો સંતોષ પણ મળશે!

તેના સંબંધેના ખબરો અવારનવાર લખતા રહેશો. તેના પહોંચ્યાની પહોંચ લખજો અને છેવટે તેનાથી જરા સંભાળતા રહેજો તેમ પણ કહી દઉં છું.

સ્નેહાધીન,
હરિપ્રસાદ.

દશથી પંદર વર્ષની ઉંમર સુધીમાં સુમંતે પોતાના ઘરમાંથી તેમજ પડોશીમાંથી નાની મોટી અનેક ચોરીઓ કરી હતી. હરિપ્રસાદભાઇ કાંઠિયાવાડના એક દેશી રાજ્યના સારા એવા ગણાતા અમલદાર હતા. કેળવણીમાં તેમને ખુબ રસ હતો પોતાનો ફાજલ વખત તેઓ હંમેશાં કેળવણી સંબંધેનું સાહિત્ય વાંચવામાં અને તેની ચર્ચાઓ કરવામાં ગાળતા. પોતાને જો ફુરસદ હોત અને જે અમલદારી સ્વીકારવી પડી છે તેમાંથી બચી શકયા હોત તો પોતે પોતાનાં બાળકો ઉપર કેળવણીના પ્રયોગો પણ જરૂર કરત એમ અનેક વખત તેઓ કહે છે. સાચી કેળવણી મારફત સમાજમાંથી ચોરીઓ, ઢોંગ, લુચ્ચાઇ, અનીતિ વગેરેનો ફેલાવો અટકાવી શકાય છે તેમ તે માનતા, પરંતુ રૂઢ થઇ ગયેલા ગુન્હેગારો માટે નવીન કેળવણીને કશો રસ્તો હાથ નથી લાગ્યો તેમ પણ તેઓ માનતા અને હજી પણ માને છે. પોતાના એકના એક પુત્રમાં આવા કુસંસ્કાર કયાંથી આવ્યા તેનો ઉકેલ તેઓ નહોતા કરી શકતા તેથી તેમના મનની મુંઝવણ વધતી જતી હતી. પોતે કાંઇ કરી શકે નહિ અને નવીન કેળવણીની પદ્ધતિઓ કે સિદ્ધાંતોમા પૂરો વિશ્વાસ બેઠેલો નહિ તેથી કોઇ સ્થળે મૂકી પણ શકે નહિ.

આવી પરિસ્થિતિમાં એક મિત્રની સલાહ મળી અને તેમણે પોતાના સુમંતને પોતે જેને સારી ગણતા હતા તેવી એક સંસ્થામાં મોકલ્યો.

: ૨ :

સુમંતને અહીં આવ્યાને અઢી વર્ષ થઈ ગયાં છે. તેની ચોરી કરવાની આદતમાં તો અજબ ફેરફાર થઇ ગયો છે. હજી કયારેક કયારેક જૂનો સ્વભાવ તરી આવે છે ખરો. કોઇએ અપમાન કર્યું હોય તો નહિ સહન કરવાથી અથવા તો પોતાની ટેવ ઉપર જાતે મૂકેલો સંયમ પણ કયારેક શિથિલ પડી જવાથી કયારેક કયારેક તે એનો બદલો નાનકડી ચોરીઓથી વાળી લે છે, પરંતુ એ વસ્તુનું ભાન આવતાં ઝાઝીવાર લાગતી નથી. પોતાની બદલો વાળવાની વૃત્તિને વિનોદમાં ફેરવી નાખે છે; અને આજે તો હવે લગભગ બધાજ વિદ્યાર્થીઓ સુમંતનાં આવાં કામોને કેવળ મશ્કરી લેખે છે. સમજીએ છીએ માત્ર હું અને સુમંત આવું કંઇક બને ત્યારે સુમંત પોતેજ એકાંત શોધીને મારી પાસે આવે છે, પોતાની હકીકત પ્રગટ કરી જાય છે અને પોતે કેવી ખુબીથી હવે એને બેવડીની મશ્કરીમાં ફેરવી નાખશે તેની યોજનાઓ પણ કહી જાય છે. સુમંત સ્વભાવે ચોર ન હતોજ.

પરંતુ કેવા કેવા સંયોગોમાં તેનાથી નાની નાની ચોરીઓ થઇ જતી અને તેમાંથી માત્ર થોડીજ સહાયથી તે પોતાની જાતને કેવી રીતે બેસરી લઇ શકયો તેના અનેક કીસ્સાઓમાંથી નમુના રૂપે બે આ રહ્યાઃ—

: ૩ :

સાંજ પડવા આવી હતી. કામકાજથી પરવારીને બહાર જરા ફરવા જવાની તૈયારી કરતો હતો, એટલામાં હીરાચંદભાઇ આવી ચડ્યા. એ કંઇક ઉતાવળમાં હતા.

"કેમ ચંમનભાઇ શું ચાલી રહ્યું છે ?"

"આ જરા બહાર જવાનો વિચાર કરતો હતો. તમે અત્યારે કયાંથી ? બેસો તો ખરા !"

"ના. બેસીશ નહિ. જરા ઉતાવળ છે."

"તમે કયે દિવસ નીરાંત લઇને આવોજ છો ? બોલો શો હુકમ છે ?"

"હુકમ તો કશોએ નથી ! આ મારા સાળાનો પોપટ અહીં તમારી બોર્ડીંગમાં છે તેનું કાંડાનું ઘડિયાળ બે દિવસથી ગુમ થયું છે. એ કહેતો હતો કે કાંડેથી છોડી પોતાની પેટીમા મૂકીને જમવા ગયો એટલી વારમાં એ ચોરાઇ ગયું છે. તમે જરા તપાસ કરશો તો મહેરબાની. ગઇ કાલે એ

"પણ મારે હવે નથી જોઇતું. હું મારૂં ફોડી લઇશ."

"ઠીક તારી તેવી ઇચ્છા છે તો નહિ લખું. ચાલો ત્યારે હવે હું કામમાં બેસું. પાછા મળશું."

સુમંત ગયો. હું એને આમ અનેક વખત બોલાવતો. મને જ્યારે ફુરસદ હોય ત્યારે અને તેનું ખાસ કામ નીકળ્યું હોય ત્યારે હું તેને ગમે તે વખતે બોલાવવાનો. છું એની તેને ખબર હતી. કોઇ વખત કલાક બે કલાક વાતો કરૂં તો વળી કોઇ વખત બે પાંચ મીનીટ વાતો કરીને પણ જવા કહું. અમારો આવો ક્રમ ચાલતો હતો તેથી હું તેને રોકું કે રજા આપું તેની તેના ઉપર કશી ખરાબ અસર ન થતી.

સુમંત ગયો પણ એના છેલ્લા શબ્દોએ મને કંઇક સૂચન મળી ગયું 'હવે મારે ઘડિયાળ નથી જોઇતું, હું મારૂં ફોડી લઇશ.' 'હવે" અને 'ફોડી' શબ્દ ઉપર મારૂં ધ્યાન પરોવાયું. 'હવે' શા માટે? અને 'ફોડી' શી રીતે લેશે? મને અનુમાન કરવાનું કંઇક કારણ મળ્યું. અનુમાનમાં કંઇએ તથ્યાંશ છે કે નહિ તેની ખાત્રી કરવાનુ આવતી કાલ ઉપર છોડી હું બીજા કામે વળગ્યો.

: ૪ :

તમામ વિદ્યાર્થીઓને આજે એકી સાથે એકજ પંક્તિમાં ભોજન લેવાનું મેં જાહેર કરી નાખ્યું હતું. સુમંતને મોટે ભાગે પાછળથીજ જમવાની ટેવ હતી. આજે તો તેને પણ પહેલી પંક્તિમાં જવાનું હતું.

બધા ભોજનશાળામાં બેસી ગયા હતા. ભોજન પીરસાઇ રહ્યું અને ભોજનના નેતા તરફથી શરૂ કરવાની પરવાનગી મળી ગઇ...એટલે તુરતજ મેં ભોજનશાળા છોડી. ભોજન શરૂ થયા પછી તુરતજ અથવા તો ભોજનની અધવચ્ચે હું ઘણી વખત આમ ચાલ્યો જતો. એટલે મારો ચાલ્યો જવાનો બનાવ છેકજ સ્વભાવિક હતો.

ભોજનશાળામાંથી હું સીધો પહોંચ્યો નિવાસગૃહમાં. સુમંતની જગ્યાએ જઇ મેં તેની ટ્રંક ઉતારી. મારી પાસેના ચાવીના ઝુડામાંથી મેં એક ચાવી લાગુ કરી. તેનો ટ્રંક ઉઘાડયો. જમણી બાજુનાં કપડાં અને ચોપડીઓ ઉંચા કરીને જોયું તો ખુણામાંજ કાંડાનું એક ઘડિયાળ પડેલું.

: :

ટ્રંકને ઉઘાડો રાખી હું ભોજનશાળામાં ગયો. ભોજનના નેતાને સુમંતને બોલાવવા કહ્યું. સુમંત

આવ્યો; આંગળીના ઇસારા વડે હું તેને મારી પાછળ લઇ ગયો. એ એઠે હાથેજ હતો. તેના ટ્રંક પાસે લઇ જઇ ખૂણામાંથી ઘડિયાળ હાથમાં લઇ તેને કહ્યું:

"પોપટનું ઘડિયાળ લેવા માટે મેં તારો ટ્રંક ઉઘાડયો હતો. હવે તે ગોઠવીને પાછો બંધ કરી દઇશ. ઘડિયાળ લીધાના તને ખબર તો આપવા જોઇએ. માટેજ મેં તને જમતાં જમતાં અહીં બોલાવ્યો છે. લે હવે આ ઘડિયાળ પોપટને તું જ આપીશ કે હું આપી દઉં?"

આટલું કહેતાં મારાથી ખડખડાટ હસી જવાયું. સુમંત પણ નીચું ઘાલીને મંદ મંદ હસતો હતો. ઉભો થઇને હું તેના તરફ જવા ગયો ત્યાં તો એ ઉતાવળે પગલે ચાલ્યો ગયો. મેં પણ તેનો ટ્રંક બરાબર કર્યો, તાળું વાસ્યું અને ઘેર ગયો.

બીજે દિવસે સુમંતને મેં એક સુંદર કાંડા ઘડિયાળ ભેટ આપ્યું: હરિપ્રસાદભાઇને તેના ખબર પત્રથી પહોંચાડયા.

: ૫ :

હજુ સવાર પડયું ન હતું હું દાતણ કરતો ઘરના ઓટલા ઉપર બેઠો હતો. એટલામાં

રતિલાલ હાથમાં લોટો લઇને નીકળ્યો અને મને ખેડેલો દેખી મારી પાસે આવ્યો.

"ચમનભાઇ, એક વાત કહેવી છે"

"અત્યારના પહોરમાં!"

"હાજી."

"કહો ત્યારે."

"મેં ચાર દિવસ પહેલાં એક નવી ફાઉન્ટનપેન ખરીદી હતી. એ ગઇ કાલે ગુમ થઇ છે. મારા કોટના ખીસામાં રાખીને હું તળાવે નહાવા ગયેલો; આવું ત્યારે ન હતી. એ પંદર રૂપિયાની છે એટલે જરા ખટકે છે. સામાન્ય હોત તો તો વાત ન પણ કરત."

"ભલા માણસ તુરતજ કહેવું હતું ને? સામાન્ય હોય તોપણ મને તો કહેવુંજ જોઇએને? ચાલો, હું તપાસ કરૂં છું."

રતિલાલ મોટી ઉંમરનો વિદ્યાર્થી છે. પૈસાદાર કુટુંબનો અને ખાનદાન છે, તે કોઇ દિ' કશી ફરિયાદ કરતો જ નથી. આજે તેની પેન ગઇ અને તેને લાગી આવે, એ સહજ હતું.

પ્રાતર્વિધિ પતાવી હું ઑફીસમાં ગયો. આજે તો પહેલું કામ રતિલાલનું હાથ ધરવાનું હતું. સુમંતની સાથેનો સંબંધ તો એટલો બધો

ગાઢ થતો જતો હતો કે હવે તેને પૂછવું સહેલ હતું. એની ટેવમાં એમ તો પચાસ ટકા ઘટાડો થઇ ગયો હતો; પરંતુ કયારેક અટપટા સંજોગો તેને મુંઝવતા. તેનો સ્વભાવ તેને બીજો માર્ગ લેવડાવતો. પેનની બાબત પણ પહેલાંતો તેનેજ પૂછવું. મારો એ ક્રમજ હતો.

સુમંતને બોલાવવાનો વિચાર કરૂં છું, ત્યાં ધીરૂ ઑફિસમાં દોડતો આવ્યો.

"ચમનભાઇ, ચમનભાઇ ! મારાં એક રૂપિયાનાં પોસ્ટકાર્ડ ચોરાઇ ગયાં."

"જરા ધીમે ! પોસ્ટકાર્ડ ચોરાઇ ગયાં; તે એમ કયાં મૂકયાં હતાં ?"

"કબાટ ઉપર મૂકીને વિનુએ બહાર બોલાવ્યો તે એને મળવા ગયો. હમણાંજ પેટીમાં મૂકી દઇશ એમ હતું, પણ પાછો આવું ત્યાં તો ન મળે !"

"ચાલો. હું હમણાંજ તપાસ કરૂં છું."

"ચમનભાઇ, મને પેલા સુમંત ઉપર શક આવે છે. એ ત્યાં નજીકજ હતો."

"કંઇ ફિકર નહિ. જયાં હશે ત્યાંથી આવી જશે. તમે જાઓ."

રતિલાલ વિવેક રાખીને સુમંતનું નામ નહોતો બોલ્યો તે હું જાણતો હતો; પણ આ ધીરૂ તો બાળક. એણેતો તંડને ફંડ સંભળાવી દીધું કે ચોરીનો શક સુમંત ઉપર જાય છે. મારે હવે ઉતાવળ કરવી જાઇએ ઑફિસ છોડી હું સુમંત પાસે જવા નીકળ્યો. રસ્તામાંજ મહેશ મળ્યો.

"ચમનભાઇ, ગઇ કાલેજ ખરીદેલી મારી ડઝન પેન્સિલો ગુમ થઇ છે."

"ફિકર નહિ. હમણાંજ હું પાછો આવું છું. પછી તપાસ કરશું."

"પણ ભાઇશા'બ, મારૂં પૂરૂં સાંભળો તો ખરા."

"હું જરા ઉતાવળમાં છું. તમે ઑફિસમાં બેસો. હમણાંજ આવું છું."

મહેશને એમ ને એમ મૂકી હું ઉતાવળો ઉતાવળો સુમંત પાસે ગયો. સુમંત પોતાનું ખમીસ બદલતો હતો. ઇશારાથી મેં એને બોલાવ્યો. એણે પોતાના કપડાં એમ ને એમ પેટી ઉપર મૂકી હાથમાં પોતાની ચાવીઓનો જુડો લઇ મારી પાછળ ચાલવા માંડયું. હું એને મારે ઘેર લઇ ગયો. મારા ઓરડાના બારણા બંધ કરી અમે

અંદર બેઠા. મારા કબાટમાંથી એક પૅડ કાઢી મેં તેના હાથમાં મૂકયો.

"સુમંત હું લખાવું તે લખ."

"લાવો, પેન્સિલ કયાં છે?"

"પેન્સિલથી નહિ, શાહીથી લખવાનું છે."

"તો ખડિયો કલમ કયાં છે?"

"તારી ઇન્ડીપેનથી લખ. મારા ખડિયામાં શાહી નથી."

હું જરા હસ્યો.

"મારી પાસે ઇન્ડીપેનજ નથી."

"કેમ, તારી પાસે હતી તે કયાં ગઇ?"

"એ તો રજામાં ખોવાઇ ગઇ; બાપાજીને બીજી લેવા માટે પૂછાવી જોયું તો કડક જવાબ આપ્યો."

"શું જવાબ આપ્યો?"

"એમ ઇન્ડીપેનો ખોઇ નાખો અને વારંવાર તેની પાછળ પૈસા ખરચો તે પોસાય નહિ, ઇન્ડીપેન વિના ચલાવી લે."

"પછી?"

"પછી શું? બાપા અમસ્તા તો હજારો રૂપિયા ખરચે પણ મારી એક પેનનો સવાલ

આવે ત્યાં ખરચ થઈ જાય. મારે નથી જો એની પેન. હું ગમે તેમ ચલાવી લઇશ. ”

“ ના ના, એમ ન ચાલે. પેન હું ત અપાવીશ અને પૈસા હરિપ્રસાદભાઇ પાસેથી મંગાવી લઇશ. ”

“ ના રે ના. મારે એમ પેન જોઇતીજ નથી. મારે જોઇતી હશે તો હું મેળવી લઇશ. ”

મારે માટે સુમંતનું આ વાકય બસ હતું. આ પછી અમારી વાત થોડોએક વખત ઇન્ડીપેન ઉપરજ ચાલી. અને આખરે મેં જરા હસીને કહ્યું:

“ પણ રતિલાલની પેન તો એને આપીજ દેવાની. તમને નવી ન મળે ત્યાં સુધી આ મારી વાપરો. ” કહી હું ઉભો થયો ·મારા ખીસામાંથી મારી પેન કાઢી તેના હાથમાં મૂકી; સુમંત નીચું જોઇ ગયો.

“ ચમનભાઇ, તમે ગજબ કરો છો હો ! રે આં તમારી પેન નથી જોઇતી; અને લો લાલની પણ લાવી દઉં. ”

‘ ના, એમ ઉતાવળ નથી. બેસો. હજી છે. ”

હવે વળી શું બાકી છે ? ”

"ઘણુંયે હોય, ભાઇ."

"પોસ્ટકાર્ડ પેન્સિલ જોઇએ છીએ? લો, એ પણ લેતો આવીશ."

"હા, એ જોઇએ છીએ પણ હવે હમણાં નહિ. હમણાં તો એક સવાલ પૂછવો છે."

'પૂછો.' અરધો ઉભો થયેલો સુમંત પાછો બેસી ગયો.

"સીધુંજ પૂછું છું. 'પોસ્ટકાર્ડ' પેન્સિલો શા માટે લીધાં?"

"પણ ત્યારે શું કરૂં? ઇન્ડીપેન તો બાપાજીએ આપી નહિ; પણ થોડાએક રૂપિયા મંગાવ્યા તો તે પણ ન મોકલ્યા. ચમનભાઇ, મારો સ્વભાવ એવો છે કે મારી પાસે કોઇ કંઇ માગે અને હું ન આપી શકું તો મારો જીવ કંપાઈ જાય. મારે તો થોડીએક પેન્સિલો અને પોસ્ટકાર્ડો મારી પાસે રાખવાં હતાં. કોઇ ભાઇબંધ દોસ્તદાર માગે તો કાઢીને આપી દઇએ. આ તો એ પણ ન મળે. પછી મને કેમ ચાલે? પૈસા ન હતા ત્યારે પૈસાદાર મિત્રના લીધા!"

"ઠીક; પણ સુમંત, હવેથી તેમ નહિ કરતો. હરિપ્રસાદભાઇ ન આપે તો હું આપીશ અને

તેની પાસેથી પૈસા પણ નહિ લઉં. તારા બાપાના તો મારા ઉપર અનેક ઉપકારો છે. એવા મિત્રના દિકરા માટે પાંચ પચીશ રૂપિયા ભારે નહિ પડે. અને તું પણ મને પુત્રવતજ છે ને ! જા ભાઇ, હવે એ બધું અહીં લઇ આવ.

તેજ દિવસે રાત્રે આખી હકીકત સમજાવતો એક લાંબો પત્ર મેં હરિપ્રસાદભાઇ ઉપર લખી નાખ્યો. તેમાં એ પણ લખ્યું કે:

"સુમંત ચોર હતોજ નહિ અને નથી, તેની હવે તમને ખાત્રી થઇ હોવી જોઇએ."

હરભાઇ.

સર્વત્યાગ

(ગૃહપતિ પોતાની ઓફીસમાં એકલા બેઠા બેઠા કંઇક વિચાર કર્યા કરે છે. વચ્ચે વચ્ચે પોતાની નોંધપોથી ઉઘાડીને તેમાં કંઇક ટપકાવી લેતા જણાય છે. તેમના મ્હોં ઉપર મૂંઝવણની છાપ સ્પષ્ટ દેખાઇ આવે છે. થોડી વારે ટોકરી વગાડી પટાવાળાને બોલાવે છે અને રમેશને પોતાની ઓફીસમાં બોલાવી લાવવા હુકમ આપે છે. બે ચાર મિનીટ એમને એમ વીતી જાય છે અને રમેશ ગૃહપતિની ઓફીસમાં આવીને ઉભો રહે છે.

રમેશ ઉંચો, ભરાવદાર અને દેખાવડો વિદ્યાર્થી છે. તેના ચ્હેરા ઉપર મંદ હાસ્ય છવાઇ રહેલું છે; અને છતાં તેના મંદ મંદ હસતા હોઠે તેની પાછળ છૂપાઇ રહેલ કડકાઇ જાહેર કર્યા વિના રહી શકતા નથી. રમેશ વિવેકપૂર્વક ગૃહપતિને નમન કરે છે અને તેમની ખુરશીની સામે અદબ-વાળી શાંત ચ્હેરે સ્થિર ઉભો રહે છે. મર્દાનગીથી ભરપૂર એવા રમેશના પડછંદ દેહ સામે ગૃહપતિ ઘડીભર જોઇ રહે છે અને પછી બન્ને વચ્ચે ટૂંકી વાતચીત ચાલે છે.)

ગૃહપતિઃ 'રમેશ' મેં તમને આઠ દશ વખત તો જવા દીધા છે. પણ આજે હવે તેમ કરવું પોસાય તેમ નથી. વજુભાઇના ટ્રંકમાંથી દશ રૂપિયા ગયા છે અને તમેજ લીધા છે, તમારે તે પાછા આપવા પડશે"

રમેશઃ "કોણ કહે છે કે એ મેં લીધા છે? આઠ દશ વખત તમે મને જતો કર્યો છે તેમ કહીને તમો સાહેબ મારૂં ભારે અપમાન કરો છો. મેં તમને કહ્યું જ છે કે મેં આજ દિન સુધી કોઇની એક પાઇ પણ લીધી નથી. ગમે તેવા વિદ્યાર્થીની ગમે તેવી વાતો સાંભળીને તમે મારા ઉપર શક કાં લાવ્યાજ કરો છો. અને આળ ઓઢાળતા પણ અચકાતા નથી? વજુના પૈસા મેં જ લીધા છે તેમ કોણ કહે છે?"

ગૃહપતિઃ "વજુ પોતેજ. તે કહે છે કે તમારી પાસે એક એવી ચાવી છે કે જે બધાય તાળાને લાગુ કરી શકાય. તમે તેનો ઉપયોગ કર્યો છે અને તેના પૈસા લીધા છે."

રમેશઃ "તેની પાસે કંઇ પૂરાવો છે?"

ગૃહપતિઃ "હા. ગઇકાલે રાત્રે જ્યારે બધા જમવા ગયા ત્યારે તમે એકલાજ નિવાસગૃહમાં પાછળ રહ્યા હતા. જમીને પાછા ફરતા વજુએ તમને

પોતાના કબાટની પાસે અંધારામાં કંઇક કરતા જોયા. તેમના રૂપિયા તેજ વખતે ગુમ થયેલા એમ તેનું કહેવું છે."

રમેશઃ "તેમના કબાટ પાસે એકલા ઉભા રહેવું એટલેજ ચોરી કરવી એ ન્યાય સરસ! સાહેબ, મને માફ કરો. મારે મારો બચાવ કરવો નથી. મેં વજુના પૈસા લીધાંજ નથી તે સત્ય છે. તમારે માનવું હોય તો માનો."

ગૃહપતિઃ "રમેશ, રમેશ, આ નહિં ચાલે. તું હંર વખત વાતને ઉડાવી જાય છે તે આ વખતે નહિ બને, સમજ્યો? વજુ બિચારો ગરીબ માબાપનો દીકરો છે. ગઇ કાલેજ હજી તો તેના બાપાએ સત્રની ફીના રૂપિયા મોકલ્યા છે. તેમાંથી દશ રૂપિયા જેવી રકમ જાય તો તે બિચારો હેરાનજ થઇ જાયને?"

રમેશઃ "તે હેરાન થાય એટલા માટે હું જવાબદાર? હું કહું છું કે મને તેના પૈસાની કશીજ ખબર નથી."

ગૃહપતિઃ "પણ તું સમજે છે કે આ વખતે હું તને છોડું તેમજ નથી? મારી પણ ખાત્રી થઇ ગઇ છે કે એ પૈસા તેંજ લીધા છે. આ વખતે જો તું તે પાછા નહિ આપે તો તેનું ભારે

ખરાબ પરિણામ આવશે. હાં, આ વાત તું કહીશ તો હું પ્રગટ નહિ કરૂં, પણ તારે તે પૈસા તો આપવાનાંજ."

રમેશ: "સાહેબ, આપને ઠોલ દીપાવવો હોય તો તેમ કરવાની પણ છૂટ છે. ઠોલ દીપાવવાથી અસત્ય સત્ય નથી બની જવાનું. હું કહું છું કે મેં વજુના પૈસા લીધાજ નથી."

(આટલું બોલી રમેશ કડકાઇથી ઓફીસની બહાર ચાલ્યો જાય છે. ગૃહપતિ એ નીડરતાથી અને રોફબંધ ચાલી જતી આકૃતિની સામે એકીટશે જોઇ રહે છે. રમેશ અદૃશ્ય થયા પછી ગૃહપતિ પોતાની નોંધપોથી ઉઘાડે છે અને તેની અંદર કંઇક ટપકાવી લે છે.)

(તેજ રાત્રે વજુની ટ્રંક, કંઇક અજબ રીતે તૂટે છે અને વજુના બાકી રહેલા પંચાસ રૂપિયા ગુમ થાય છે.)

: ૨ :

(ઉપરનો પ્રસંગ બન્યાને પંદર દિવસ થઇ ગયા છે. ગૃહપતિની ગંભીરતા વધતી જાય છે. રમેશની એ નિશ્ચિંત અને બેદરકાર પ્રવૃત્તિઓ તેને હવે ખૂંચવા લાગી છે. આજે તો છેક અંધારૂં થઇ ગયું છે છતાં તે ઓફીસમાંથી ખસ્યા નથી.

તેના મ્હોં ઉપરની ગંભીરતાએ આજે સ્હેજ પીળામણું સ્વરૂપ પકડ્યું છે. તેના ચ્હેરા ઉપર આજે એકલી મૂંઝવણ નથી; સાયંકાળના એ ઝાંખા પ્રકાશમાં પણ તેના હોઠ ઉપરની સખ્તાઇ સ્પષ્ટ દેખાઇ આવે છે. મનની મૂંઝવણ ટાળવા માટે જાણે કે આજે તેમણે સખ્ત થવાનો નિશ્ચય કર્યો હોય તેમ દેખાય છે. આ સખ્તાઇ કેટલે સુધી ટકી રહેશે કે નહિ તેની ખાતરી હજી તેની આંખો નથી પૂરી શકતી. પોતાની સામે પડેલી પોતાની નોંધપોથીને જાળવીને તે બંધ કરે છે અને રમેશને પોતાની પાસે હાજર કરવાનો હુકમ છોડે છે. આજની વાતચીતનું સ્વરૂપ કંઇક જૂદું છે.)

ગૃહપતિઃ "રમેશ, હવે હદ થઇ છે!"

રમેશઃ (ખૂબ ગંભીર છે અને ઓલે છે પણ કડકાઇથી.) "શું છે સાહેબ?"

ગૃહપતિઃ "શું છે સાહેબ? ધંધો અવળા કરવા અને પછી નિર્દોષ હોવાનો ઢોંગ કરવો? રમેશ, તમે સમજી લેજો કે આ ગૃહપતિને સખ્ત થતાં પણ આવડે છે."

રમેશઃ "આપને જે કહેવું હોય તે સીધુંજ કહી દોને, સાહેબ. આમાં હું કશુંજ નથી સમજતો."

ગૃહપતિઃ " શાનો સમજ ! હવે તો ગુંડાગીરી પણ શરૂ કરવી છે એટલે શાનો સમજ ? "

રમેશઃ " એટલે ? "

ગૃહપતિઃ (ખુરશીમાં સહેજ ઉંચા થાય છે.) " એટલે એમ કે પેલા નાનુ રસોયાએ તારાં બાપનું શું બગાડયું છે તે તેને પજવ્યા કરે છે ? "

રમેશઃ " સાહેબ, આપના જેવા સંસ્કારી માણસના મોઢામાં આવી ભાષા શોભતી નથી. "

ગૃહપતિઃ " તે મારે જોવાનું છે. મારે તારી સલાહની જરૂર નથી. બોલને કે પેલા બિચારા ગલરૂ નાનુને હેરાન શા માટે કરે છે ? "

રમેશઃ " હું શું કરું છું તે કહો એટલે જવાબ આપી શકીશ. "

ગૃહપતિઃ " અહીં મારી પાસે પણ ગુંડાગીરી ? ઠીક છે, જોઉં છું. તારે તેનું પરિણામ ભોગવવુંજ પડશે. બોલ નાનુની ચોટલી કેમ કાપી નાખી ? અને બિચારા ગરીબ માણસના કોટને પણ કાપ મૂકયો કેમ ? તારો બાપ પૈસાદાર છે એટલે ગરીબને કંઇ આપી દેવાનો નથી ! "

રમેશઃ (સહેજ હસે છે અને પાછો ગંભીર બની જાય છે.) " વળી પાછી અસભ્ય ભાષા, સાહેબ. "

ગૃહપતિ: "એ ડહાપણ રહેવા દે. અને મને જવાબ આપ."

રમેશ: "મારો જવાબ એ છે કે મેં નાનુની ચોટલી કાપી નથી. અને તેના ફ્રોકને કાપ પણ મૂકયો નથી. બીજું મારે કહેવાનું એ છે કે મારો ગુન્હો સાબીત કર્યા પછી આપ મને ઠપકો આપી શકો."

ગૃહપતિ: "ઠપકો શાનો? આ વખતે તો સખત પગલાં લેવાશે. અને તારે ગુન્હાની સાબીતી જોઇએ છીએ? સાબીતીમાં નાનુ પોતેજ. એ કહે છે કે તને એના ઉપર અદાવત છે; ભોજન-શાળામાં તું તેને હેરાન કર્યા કરે છે."

રમેશ: "ભોજનશાળામાં તેની ગફલતો બતાવવી એ તેને હેરાનગતી લાગે છે? અને એટલાજ માટે નાનુ માને છે કે હું તેની ચોટલી અને કપડાં કાપું છું; અને આપ પણ એટલાજ માટે માનો છો કે હું ગુંડો બન્યો છું? ચાલ, સાહેબ, મારે કશો જવાબ આપવાનો નથી."

(રમેશના મ્હોં ઉપર સહેજ રોષ દેખાય છે અને આડું અવળું જોયા વિના તે ઓફીસ છોડીને સડસડાટ ચાલ્યો જાય છે. 'રમેશ' 'રમેશ' એવી ગૃહપતિની બૂમોની તે દરકાર કરતો નથી.)

(બીજે દિવસે સવારમાં ફરિયાદ આવે છે કે નાનુના ભાંગ્યા તૂટ્યા ટ્રંકને તેની કોટડીમાંથી રાતમાં કોઇ બહાર લઇ ગયું હતું અને તેના તમામ કપડાંઓ ઉપર કાતર ચલાવવામાં આવી હતી.)

: ૩ :

(ગૃહપતિની ચિંતાનો આજે પાર નથી. હજીતો વિદ્યાર્થીઓનાં સ્નાન શૌચ વિધિ પણ આટોપાયાં નથી તેટલામાં હમેશ કરતાં ઘણા વહેલા ગૃહપતિ આજે ઓફીસમાં આવીને બેઠા છે. વિદ્યાર્થીઓનાં ટોળેટોળાં ઓફીસની ચારેપાસ ઘુમરી ખાતાં ફર્યાં કરે છે બધાયના મ્હોં ઉપર ચિંતા અને ગભરાટ દેખાય છે. એક રમેશ ફક્ત નિશ્ચિંતતાથી અને હમેશની શાંતિથી પોતાનું રોજનું કામ પતાવ્યે જતો દેખાય છે. ગૃહપતિ ઘડીમાં ખુરશી ઉપરથી ઉભા થઇ ઓરડામાં આમતેમ આંટા મારે છે અને ઘડીમાં પાછા હતાશ થયાં હોય તેમ ખુરશીમાં પડે છે. આજનો મામલો ગંભીર છે. ઉપરના પ્રસંગ બન્યાને આજે ચોથો દિવસ છે.

ગૃહપતિનો બોલાવ્યો રમેશ પોતાનું કપડાં ધોવાનું કામ છોડીને આવે છે. તેના શરીર ઉપર એક પંચીયું માત્ર પહેરેલું છે. શરીર ભીનું છે.

વાળ વીખરાયેલા છે અને હાથ ઉપર સાબુ ઘસવાથી વળેલી છારી બાઝેલી છે તેના મ્હોં ઉપર કશાજ વિકારો દેખાતા નથી. એ તો હમેશના જેવોજ અક્કડ અને બેપરવા દેખાય છે. આજે તો વિદ્યાર્થીઓ તેનાથી ખ્હીતા હોય તેમ જણાય છે. રમેશને જોઇને ગૃહપતિ સ્હેજ વધારે કડક બને છે. તેના ચ્હેરા ઉપર આજે મૂંઝવણ કે મૂંઝવણને ટાળવા માટેના વિચારોની કેવળ સખ્તાઇ નથી. આજે તો તેમના હોઠ કંઇક ઉગ્ર નિશ્ચય પ્રગટ કરે છે. આજે તો તેની આંખ કંઇક કડક. પગલું ભરશે તેવી ખુમારી દર્શાવે છે. ઉઘાડા શરીરવાળો રમેશ તેની સામે આવીને કડક ઉભો રહે છે. ગૃહપતિ શક્ય તેટલી બધી કડકાઇ ધારણ કરે છે અને પછી વાતચીત ચાલે છે.)

ગૃહપતિ: "રમેશ, તું આટલે સુધી જઇશ એ તો મારી કલ્પનામાં પણ વસેલું નહિ."

રમેશ: "કેટલી હદે?"

ગૃહપતિ: "હવે બસ કર. આજે હવે તને પોલીસને હવાલે કરવાનાજ વિચારો કરી રહ્યો છું. આ તો અતિ ભયંકર."

રમેશ: "આપ ઇચ્છામાં આવે તેમ કરી શકો છો આપ અમારા ગૃહપતિ એટલે અમારા

ઉપરી છો અને અમે તમારા વિદ્યાર્થી એટલે તમારા તાબેદાર છીએ. આપ પોલીસને સોંપી શકો છો, પણ કારણ બતાવશો કે સાહેબ?"

ગૃહપતિઃ "રમેશ, આજે મારો મિજાજ હાથમાં રહે તેવું નથી માટે સંભાળીને બોલજે."

રમેશઃ "સંભાળીનેજ બોલું છું સાહેબ."

ગૃહપતિઃ "આટલી બધી ધૃષ્ટતા? હા, પણ જે માણસ ચોર અને ગુંડો થવા ઇચ્છતો હોય તેણે ધૃષ્ટતા કર્યા વિના કેમ ચાલે? રમેશ, આજે તિજોરીનું તાળું તોડયું. હવે કાલે તો ધાડ પાડવી છે કે?"

(રમેશ મૂંગો ઉભો છે) "બોલ, જવાબ કેમ નથી દેતો?"

રમેશઃ "મારે જવાબ આપવાપણું કશું છેજ નહિ."

ગૃહપતિઃ "તો પછી મારે ફાવે તે પગલાં લઉં કે?"

રમેશઃ "જરૂર લઇ શકો છો."

ગૃહપતિઃ "તો પછી હું તને આ સંસ્થામાંથી ડીસમીસ કરું છું. ચોવીશ કલાકની અંદર તારે સંસ્થા છોડીને ચાલ્યા જવું. જો તેમ નહિ કરે તો હું તને કાલે પોલીસને હવાલે કરીશ અને

તારા પિતાને તારથી બોલાવી બધી હકીકત જાહેર કરીશ. બોલ તારો શો જવાબ છે?"

રમેશઃ "આપની આજ્ઞા પ્રમાણે વર્તવું તે મારો જવાબ. કાલે સવારે સંસ્થા છોડીને ચાલ્યો જઇશ. સાહેબ, કંઇ અવિવેક થયો હોય તો માફ કરશો અને મને આપનોજ બાળક ગણી દર-ગુજર કરશો. મારા પિતાને હું ખબર આપું કે આપ આપશો?"

ગૃહપતિઃ "આજેજ હું તાર કરી મોકલુંછું."

રમેશઃ "ભલે."

(આટલું કહી કશું પણ વધારે બોલ્યા વિના રમેશ પોતાની હમેશની કડકાઇથી ઓફીસ છોડી ચાલ્યો ગયો. ગૃહપતિ તેની સામે એકીટસે જોઇ રહ્યા. તે અદૃશ્ય થયો એટલે ગૃહપતિ તારનું ફોર્મ કાઢી તાર લખવા બેઠા.)

: ૪ :

છાત્રાલયમાંથી કોઇને પણ ખબર આપ્યા વિના રમેશના ચાલ્યા ગયાને આજે ચાર દિવસ થયા છે. ગૃહપતિએ આ ચાર દિવસથી ધાન પણ નિરાંતે ખાધું નથી. સંસ્થાની તિજોરીમાંથી અઢીસો રૂપિયા ગયા છે. શક રમેશ ઉપર જાય છે પણ હવે કયે રસ્તે તેને પાછો બોલાવવો અને સનાવવો તેજ પ્રશ્ન છે. વિદ્યાર્થીઓ રમેશના આવા વર્તનથી

આભા બની ગયેલા છે. કેટલાક તો તેના ચાલી જવાથી ખુશ પણ થયા છે.

એકાએક ચોથે દિવસે બપોરે ગૃહપતિ ઉપર રમેશનો પત્ર આવે છે. પત્ર વાંચ્યા પછી ગૃહપતિના જીવમાં જીવ આવે છે. તેના ચહેરા ઉપર આનંદ સાથે પસ્તાવાની રેખાઓ પણ દેખાવ દે છે. આ રહ્યો રમેશનો પત્રઃ—

પૂજ્ય ગૃહપતિજી,

આ પત્ર તમને મળશે ત્યારે તમારી કેટલી ચિંતાગ્રસ્ત સ્થિતિ હશે તે હું બરાબર કલ્પી શકું છું. તમને આવી ઉપાધિમાં નાખવા બદલ હું ખરેખર દિલગીર છું, પણ મારાથી તેમ કર્યા સિવાય રહેવાયું નહિ. આજે મને લાગે છે કે તેમ ન કર્યું હોત તો ચાલત. પણ મને તેનો પસ્તાવો નથી. મારા જેવો વિદ્યાર્થી આવી પરિસ્થિતિમાં તેમ કરે તેમાં તેનો વાંક નથી. હવે થોડોએક ખુલાસો કરું.

તમે જે દિવસે પહેલ વહેલું આળ ઓઢાડયું તે દિવસે મને ભારે આઘાત થયો હતો. પછી તો બે ચાર દિવસ જાય અને એકાદ નવું આળ મારા માથા ઉપર આવ્યુંજ હોય. મને લાગ્યું કે એ વાત મને હવે સદી ગઇ છે. પણ તેમ ન

હતું. મારા મનમાં મારા ઉપર ભારે રોષ જમા થતો હતો તે મારે કબૂલ કરવુંજ જોઇએ. વિના કારણ ચોરીનું આળ આવ્યા કરે છે, ત્યારે લાવને ચોરી ફરીજ બતાવું એવો હલકો વિચાર મારા મનમાં આવ્યો અને મેં તે રાત્રે વજુના પચાસ રૂપિયા લીધા. પેલો હરામખોર નાનુ રસોયો પોતાની ભૂલોને છુપાવવા મારા ઉપર ખોટાં આળ ઓઢાડે એ મારાથી ન સહન થયું અને તે રાત્રે મેં તેના કપડાંને ચીરી નાખ્યા! તિજોરીની બાબતે તો મારા મનમાં એવો બળવો જગાવ્યો કે મારાથી સહેવાયજ નહિ. તિજોરી પણ તોડી અને રૂપિયા અઢીસો લીધા!

પણ આ બધાનું મારે તો કશુંજ કામ ન હતું. તમારા ઉપર વેર વાળવા આ બધું મેં કર્યું. તમને ખૂબ પજવ્યા છે અને દુભવ્યા છે તેની આજે આ પત્રથી ક્ષમા માગી લઉં છું. આખરે તો તમારો વિદ્યાર્થીજ છું ને? ક્ષમા આપશોને?

આપણા ભંડકના જમણા ખૂણામાં રૂના કોથળા પડ્યા છે તેની નીચે મેં મારો એક ટ્રંક સંતાડયો છે. તેમાં અઢીસો રૂપિયા અને ઉપરાંત બીજા પચાસ રૂપિયા પડેલા છે તે સંભાળીને લઈ લેશો. મારા પચાસ મારે નથી જોઇતા. તેનો તમને

ઠીક લાગે તે ઉપયોગ કરશો. આ ઉપરાંત મારો એક ટ્રંક મારી ઓરડીમાં પડયો છે, તે ખોલજો. તેમાં મારાં જેટલાં કપડાં છે તે બધાય નાનુને આપી દેશો. મારૂં ગાદલું તથા ઓઢવાનાં પણ નાનુને ભેટ. તેને મેં પજવ્યો છે તેનો આટલો અંદનો બદલો ! આપને મારી એક નમ્ર વિનતિ છે. ચોરી કે ગુંડાગીરી માટે તપાસ ભલે ચલાવો પણ એકદમ કોઇના ઉપર સીધું આળ ચડાવતાં પહેલાં હજારવાર વિચાર કરજો.

નમ્ર સેવક
રમેશ.

ગૃહપતિએ પોતાની નોંધપોથીમાં એક વાકય લખ્યું.

" રમેશે આજ જીંદગીનો અદ્વિતીય પાઠ શીખવ્યો ! "

હરભાઇ.

હર્ષદરાય.

[છાત્રાલયના નવા વર્ષની શરૂઆત છે. ગૃહપતિનો સવારનો લગભગ બધો સમય નવા વિદ્યાર્થીઓને મૂકવા આવેલાં માબાપોની સાથે ઓળખાણ પિછાણ અને વાતચીત કરવામાં જાય છે.]

: ૧ :

ભીમજીભાઇ એક દેશી રાજ્યના મોટા અમલદાર છે. પોતાના પુત્ર હર્ષદરાયને છાત્રાલયમાં મૂકવા માટે જાતેજ આવ્યા છે. સવારના સ્નાન શૌચથી પરવારી ભીમજીભાઇ ગૃહપતિની ઓફિસમાં આવે છે. ગૃહપતિ સહેજ હસીને આવકાર આપે છે અને નમસ્કાર કરે છે. ભીમજીભાઇ તેથીયે વિશેષ નમ્રતાથી સામા નમસ્કાર કરે છે અને ગૃહપતિની સામે ખુરશી ઉપર બેસે છે.

ભીમજીભાઇ: "મારો કાગળ તો આપને મળ્યોજ હશે."

ગૃહપતિ: "જી હા. હું આપની રાહજ જોતો હતો. ચિ. હર્ષદને લઇનેજ આવ્યા છો કે?"

ભીમજીભાઇઃ "હાજી. હમણાંજ હું સ્નાન શૌચથી પરવારી આપની પાસે આવ્યો અને હર્ષદ પોતાને આપેલ જગ્યાં ઉપર ગયો."

ગૃહપતિઃ "સારૂં થયું. હવે આપને એક વાત સીધીજ પૂછી લઉં કે?"

ભીમજીભાઇઃ "જરૂર; એટલા માટે તો હું જાતે આવ્યો છું. આપની સાથે રૂબરૂ વાતચીત કરી લેવી છે તે આપણે કરીજ લઇએ."

ગૃહપતિઃ "વિનંતિ પત્રની અંદર છાત્રાલયમાં મોકલવાનું કારણ જણાવતાં આપે જે કંઇ લખ્યું છે તે બરાબર સ્પષ્ટ નથી, માટે તે સંબંધમાં આપણે જરા વિગતથી વાતો કરવાની જરૂર છે."

ભીમજીભાઇઃ "ભલે."

ગૃહપતિઃ "આપે લખ્યું છે કે 'કોઇની નાની ચીજ ઉપાડી જવાની ટેવ છે.' વગેરે. તો હું આપને ચોખ્ખું પૂછવા ઇચ્છું છું અને આપ વગર સંકોચે સ્પષ્ટજ જવાબ આપશો એવી આશા રાખું છું."

ભીમજીભાઇઃ "હું આપને ખુલ્લેખુલ્લી વાત કરવાજ આવ્યો છું. વગર સંકોચે આપ પૂછો અને તેમ છતાંય આપના પૂછવામાં રહી જ તો હું પોતે પણ કહેવાનો છું."

ગૃહપતિ: " હર્ષદને ચોરી કરવાની ટેવ છે એમજ આપને કહેવું છેને ? "

ભીમજીભાઇ: "હા, એમ તો ખરૂં. જો કે એને હું સામાન્ય ચોરીના અર્થમાં ચોર નથી કહેતો. "

ગૃહપતિ: " તે હું સમજ્યો. હવે આપ તેની નાની નાની ચોરીઓનાં બે ત્રણ દૃષ્ટાંતો આપી શકશો ? "

ભીમજીભાઇ: " જરૂર. દૃષ્ટાંતોથી વાત ચોખ્ખી થશે, અને મારે કહેવાનું છે તે આપ સમજી શકશો. જુઓ સાહેબ, આમ બને છે. હું રહ્યો અમલદાર; મારે ત્યાં નાના મોટા સ્નેહીઓ આવેજ. અમે જમવા બેઠા હોઇએ ત્યારે કોઇપણ સ્નેહીના કોટના ખીસામાં હાથ નાખી આની બે આની જે કાંઇ હાથમાં આવે તે ઉપાડી લે. મહેમાનને આ વાત કહીને ચેતવાય પણ નહિ કારણકે એમાં તો આબરૂનો સવાલ આવે."

ગૃહપતિ: " માફ કરજો, વચ્ચે વચ્ચે ખુલાસા માટે કંઇ પણ પૂછતો જાઉં તો. હર્ષદ એવા જે કંઇ પૈસા લે તેનો શો ઉપયોગ કરે છે તે જાણી શકયા છો ? "

ભીમજીભાઇ: " જી હા. તેને બહારની ચીજો ખાવાની બહુ ટેવ પડી ગઇ છે. પૈસા લઇને

એ સીધો કોઇ એક દુકાને પહોંચી જાય છે, અને જે કંઇ ઠીક લાગે તે ખરીદીને ખાઇ લે છે."

ગૃહપતિઃ "આપે એને બચપણમાં તેવી ચીજો ખાવાની લત લગાડી હશે, તેનું કદાચ આ પરિણામ હોય."

ભીમજીભાઇઃ "નહિ રે સાહેબ, નાનપણમાં એને જે તે ખાવાની લોલુપતા રહ્યા કરતી એટલે જાણી બૂઝીને તેને વારવો પડતો. એ પૈસો માગે તોપણ અમે ના આપીએ, અને બહારની કોઇ ચીજ તો હરગીજ ન અપાવીએ! તે ખૂબ રડતો પણ અમે તેની દરકાર ન કરતા. અમે તો એ બાબતમાં એટલા બધા કડક હતા કે તેને માંડમાંડ બચાવી શક્યા છીએ. એટલે બચપણમાં તેને કશીજ ટેવ નથી પડવા દીધી."

ગૃહપતિઃ (વિચાર-નિમગ્ન) "ઠીક, હવે બીજી કઇ જાતની ટેવ છે તે કહો."

ભીમજીભાઇઃ "બીજી એક કુટેવ છે તે જેનાં તેનાં ચશ્માંનાં ઘરાં ઉપાડી લાવવાની. અમારા પડોશીઓનાં તેમજ મહેમાનોનાં ચશ્માંનાં ઘરાં કેટલીયે વાર 'વગર કહ્યે ઉપાડી લાવે છે, અને પછી અર્ધ ફાટેલાં તૂટેલાં તેમને માંડ પાછાં

મળે છે! હવે તો બધાએ કંટાળીને તેનું નામ 'ઘરાંચોર' પાડયું છે. અમને તો..."

ગૃહપતિ: "ઉભા રહો, વચ્ચે વળી પાછો એક સવાલ પૂછી લઉં. ખાલી ઘરાંજ ઉપાડી લે છે કે ચશ્માં પણ ભેગાં?"

ભીમજીભાઇ: "જે મળ્યાં તે પણ મોટે ભાગે ખાલી ઘરાંજ તેને હાથમાં આવે છે આટલું સુખ છે."

ગૃહપતિ: "ચશ્માં પણ ઘરાં ભેગાં આવ્યા હોય, તો પછી તેને શું કરે છે તે કહી શકશો?"

ભીમજીભાઇ: "હા. પોતાની આંખ ઉપર ચડાવે છે અને પછી મોજથી આમતેમ ફરે છે."

ગૃહપતિ: "એક વધારે સવાલ. તેની આંખો તો સારી છે કે?

ભીમજીભાઇ: "આંખોમાં ખાસ કંઇ વાંધો જણાતો નથી."

ગૃહપતિ: "કોઇ વખત કોઇ ડૉકટરને બતાવવી પડી છે?"

ભીમજીભાઇ: "કશી ખાસ જરૂર પડી નથી. જો કે હમણાં હમણાં દૂર જોવું હોય ત્યારે આંખોને જરા બગાડીને જુએ છે તેથી મને

શંકા જાય છે કે જેનાં તેનાં ચશ્માં પહેરી પહેરીને કદાચ તેની આંખો સહેજ બગડી હોય."

ગૃહપતિ: "સારૂં. કોઇનાં ચશ્માં કોઈ વખત ફોડી નાખે છે કે?"

ભીમજીભાઇ: "કાચ નથી ફોડી નાખતો એ એક મહેરબાની છે. બાકી ફ્રેમમાંથી કાચને મરડી મચરડીને કાઢી નાખે છે, અને તેથી ફ્રેમ ઘણી તોડી નાખે છે."

ગૃહપતિ: "સમજ્યો. હવે કોઇ બીજી એવીજ ટેવ હોય તો કહો."

ભીમજીભાઇ: "આવીજ એક અત્યંત ખરાબ ટેવ તે કોઇની ઘડિયાળ ચોરી લાવવાની છે. કોઇને ત્યાં અમે ગયા હોઇએ અથવા તો પરગામ સગાંસ્નેહીને ત્યાં ગયા હોઇએ તો અમારે ખૂબ ધ્યાન રાખવું પડે છે. કોઇ પણ ગેઢી ઘડિયાળ નજરે દીઠી કે થઇ રહ્યું! એ તો ઉપાડીજ છે. છાનીમાની ઉપાડીને કરે ખોતાની ટ્રંક ભેગી!"

ગૃહપતિ: "ઓહો! ત્યારે તો એણે ઘણી ઘડિયાળો ભેગી કરી હશે!"

ભીમજીભાઇ: "ના. ઘડિયાળો ભેગી કરવી અને સંઘરવી તેવો શોખ નથી."

ગૃહપતિઃ "ત્યારે ?"

ભીમજીભાઇઃ "જ્યારે પણ અવકાશ મળે ત્યારે ઘડિયાળને ઉઘાડે છે, અને પછી તોડી ફોડી તેના સંચેસંચા નોખનોખા કરી નાખે છે. વખતસર જો અમને ખબર પડી જાય તો તો ઘડિયાળ બચે; નહિતર ભૂકેભૂકા!"

ગૃહપતિઃ "ઘડિયાળને તોડી નાખ્યા પછી પાછી હતી તેમ ને તેમ ગોઠવવાનો પ્રયત્ન કરે છે કે ?"

ભીમજીભાઇઃ "ના, એવું કશું દેખાતું નથી. એ તો તોડી નાખવામાંજ મજા માણે છે."

ગૃહપતિઃ "તમે તેને પોતાની હોય તેવી ઘડિયાળ અપાવી છે કે ?"

ભીમજીભાઇઃ "અરે સાહેબ, એક નહિ અનેક. પણ બને છે એવું કે કોઇ બીજાની ઘડિયાળ ન મળે તો એ પોતાની પણ તોડી નાખે છે. તેને પૂછીએ કે તેણે શા માટે તોડી ? તો કહેશે કે સહેજ બંધ પડી ગઇ હતી તે સરખી કરવા જતાં તૂટી ગઇ. આવી રીતે એણે આજ દિન સુધીમાં દસ બાર ઘડિયાળો તોડી નાખી હશે."

ગૃહપતિઃ "સમજ્યો. આ ટેવ જરા વધારે મૂંઝવે તેવી છે. હવે કાંઇ વિશેષ એમના સંબંધમાં કહેવાનું રહે છે ?"

ભીમજીભાઇઃ "ખાસ કશું રહેતું નથી. પણ આટલી કુટેવો સુધરી જાય તો મને લાગે છે કે તેનું ચારિત્ર્ય સુધરી જાય."

ગૃહપતિઃ "મારાથી બનતા બધા પ્રયત્નો કરવા હું ચૂકીશ નહિ. પરિણામ તો ઇશ્વરના હાથમાં."

ભીમજીભાઇઃ "પણ મારે આપને એ કહી દેવુંજ જોઇએ કે હર્ષદને અહીં મૂકવાનો મારો હેતુ તેની ચારિત્ર્ય સુધારણાનો છે. એ ભણે ન ભણે તેની મને બહુ ચિંતા નહિ રહે; તેની આવી કુટેવો જાય એજ મારે મન મોટું ભણતર છે."

ગૃહપતિઃ "હું પણ એમજ માનું છું."

: ૨ :

ભીમજીભાઇ તો આવ્યા તેજ રાત્રે પાછા ચાલ્યા ગએલા. સંસ્થા શરૂ થવાને પૂરૂં અઠવાડિયું પણ નથી થયું, ત્યાં તો હર્ષદની બૂમો આવવા લાગી એક વિદ્યાર્થી કહે કે પોતાના ગજવામાંથી પૈસા ઉઠાવતો હર્ષદને તેણે નજરોનજર જોયો છે; બીજો કહે કે હર્ષદ પાસે ચશ્માંનું જે ઘરૂં હતું તે એનું પોતાનુંજ હતું તેની તેને ખાત્રી હતી. હર્ષદ પાસેથી તેણે માગ્યું. હર્ષદે તે પાછું પણ આપ્યું. પણ ઘરૂં બીલકુલ તૂટી ગએલું. ત્રીજો કહે કે તેની નવી ને નવી ઘડિયાળ ચોરાઇ ગએલી તે ત્રણ

દિવસ પછી હર્ષદના કબાટમાંથી ભાંગી ગએલી હાથ લાગી..

હર્ષદ સંબંધેની આવી ફરિયાદોની ગૃહપતિને ચિંતા ન હતી જેટલી હર્ષદને વિદ્યાર્થીઓ ચીડવે તેની ચિંતા હતી. વિદ્યાર્થીઓની અંદર ચણભણ ચણભણ વાતો શરૂ થઇ ગઇ હતી હર્ષદ તરફ સૌ કોઈ શંકાની નજરથી જોવા માંડ્યા હતા. હાલતાં ચાલતાં કેટલાક વિદ્યાર્થીઓ તેના તરફ આંગળી ચીંધાડતા હતા. અને કેટલાક અડપલા છોકરાઓ તો તેની પાસે થઇને પસાર થતાં ઘડિયાળ ચોર કહીને ચીડવવાનો પ્રયત્ન પણ કરતા હતા. હર્ષદને આ બધું નવું લાગતું. અત્યાર સુધી તેને કોઇએ આવી રીતે ચીડવ્યો ન હતો. વળી તે એક 'અમલદારનો દીકરો હતો તેથી. પણ કેટલીએક ટીકામાંથી બચી ગએલો માબાપને તેની રીતભાતથી દુઃખ થતું પણ એકનો એક લાડકો દીકરો તેથી તે ચીડાય કે દુઃખી થાય તેવું કશું કહેતાં નહિ. બહારની જે કાંઇ ફરીયાદો આવતી તે પણ અમલદાર હોઇને સૌમ્ય સ્વરૂપમાં આવતી અને બીજા લોકો આગળ તો હર્ષદને કોઇ પણ કુટેવ વિનાનોજ દેખાડવામાં તેઓ પ્રતિષ્ઠા સમજતાં. અહીં છાત્રાલયમાં આ સ્થિતિ નહોતી. અહીં તો

અનેક પ્રકારના વિદ્યાર્થીઓ એકઠા થએલા. અહીં હર્ષદ અમલદારનો દીકરો હતો તેની કોઇને ખબર પણ ન હતી. અહીં માબાપની ખોટી છાયા પણ ન હતી. અહીં તો હર્ષદ માટેનું વાતાવરણ ઘણું ઉગ્ર બની જાય અને જતે દિવસે તેને માટે અસહ્ય થઇ જાય તેવું હતું. આવા વાતાવરણથી હર્ષદ થોડાજ દિવસોમાં ગભરાવા લાગ્યો. તેને વારંવાર પોતાનું અપમાન થતું જણાવા લાગ્યું. બધા વિદ્યાર્થીઓ જાણે કે તેને ચીડવવાનો ધંધોજ લઇ બેઠા હોય તેમ જણાવા લાગ્યું. આવી બધી ફરિયાદો લઇને તે ગૃહપતિ પાસે દોડી જવા લાગ્યો, પણ જ્યાં પોતે ભૂલ કરી હોય ત્યાં ગૃહપતિ તેને મદદ પણ શી કરે?

ગૃહપતિની મૂંઝવણ વધતી જતી હતી. હર્ષદના પ્રશ્નનો નિકાલ તુરતજ થઇ નહિં જાય તો તેને છાત્રાલયમાંથી રજા પણ આપવી પડે. અને તેને તે ગમતું ન હતું. પોતે પોતાના મનમાં હર્ષદ સંબંધે કંઇક નક્કી કરી નાખ્યું હતું. હર્ષદની મૂંઝવણમાં પણ વધારો થતો જતો સ્પષ્ટ દેખાતો હતો.

: ૩ :

હર્ષદના કોયડાનો વિચાર કરતા આજે ગૃહપતિ બેઠા છે. બીજા આઠ દિવસ વીતી ગયાં છે અને હર્ષદને સંસ્થામાં રહ્યે પંદર દિવસ થયા છે. હવે તો કંઇક શરૂ કરવુંજ જોઇએ એમ તેમના મનમાં થયા કરે છે એ એકાંતમાં એકલા બેઠા હતા. નીચે પ્રમાણેના વિચારો તેમના મનમાંથી પસાર થતા હતા.

"હર્ષદને ચોરીની ટેવ છે. ચોરીઓ પણ જુદી જુદી જાતની. એ પૈસા ચોરે છે; એ ચશ્માંનાં ઘરાં ચોરે છે આ બધીજ ચોરીઓ છે પણ તેના પ્રકારો ભિન્ન છે. એવી ચોરીઓ કરવાની પાછળનાં પ્રેરક કારણો પણ ભિન્નભિન્ન છે. એના મૂળમાં જઇને એનાં કારણો પકડી પાડ્યાં હોય અને પછી એ કારણો જડમૂળથી ઉખેડી નાખીએ એટલે તેનો ચોરીનો ધંધો કદાચ બંધ થઇ જાય. કદાચ શા માટે? કારણના નાશની સાથે જ રોગનો નાશ નિર્માયો છે. રોગનું મૂળ ડામો એટલે રોગ ગયો સમજવો.

"એ પૈસા ચોરે છે! ચોરીને ગમે તે જાતની બજાર ચીજ ખાય પીએ છે. ગમે તે ચીજ ચરતું મોઢામાં નાખવી એવી ખુરી ટેવ તો

તેને નથીજ. પણ ભીમજીભાઇ કહે છે કે છેક બાલ્યપણમાં તેને તેમ કરતો અટકાવવાના પ્રયત્નો કરવામાં આવેલા. જબરદસ્તીથી તેને બજારૂ ચીજો ખાવામાંથી રોકવામાં આવતો, અને ગમે તે કરે તોપણ તેને પાઇ પણ ન મળતી. ભીમજીભાઇની આ હકીકત છે. ત્યારે તેની ખોટી સાચી પણ ઇચ્છાનો ખોટી પદ્ધતિથી અવરોધ કર્યો તેનું એ સાટુ વાળતો હશે? માબાપે નાનપણમાં ન આપ્યું અને ન આપવા માટે ખૂબ દબાવ્યો એટલા માટે આજે તે પોતાની મેળાએજ બીજાંનું લેતો હશે? એની ચોરીઓ મામુલી હોય છે અને એનો ઉપયોગ પણ ચોક્કસ છે. એ પાઇ સંઘરતો નથી કે કોઇને આપતો નથી. ત્યારે તો નાનપણના ખોટી રીતના દબાણનું આ પરિણામ હશે? ભીમજીભાઇએ બજારૂ ચીજો નહિ ખાવા દેવા માટે બીજી કોઇ રીત અજમાવી હોત તો કદાચ આવું પરિણામ ન આવત. પણ હવે શું થાય? હવે એ કારણને દૂર કરવા માટે બીજી કોઇ રીતને ઓછો અવકાશ રહે છે. એક બે વાત કરીએ. હાલ તુરત માટે એને બજારમાંથી જે કંઇ ખાવું પીવું હોય તેની છૂટ; માત્ર ખાધા પીધા પછી એ મને કહી જાય. બીજું એ માટે તેને

જેટલા પૈસા જોઇએ તેટલા વગર પૂછે આપવા. ઠીક ત્યારે એમ કરવા દે. પરિણામ જોયા પછી આગળ વિચાર કરશું.

"એ ચશ્માનાં ઘરાં ચોરે છે. ઘરાને ફેંકી નથી દેતો, નાખી પણ નથી દેતો. તેને વેચીને પૈસા કરતા હોય તેમ પણ નથી. પણ ઘરાંને ખૂબ બંધ ઉઘાડ કર્યા કરે છે અને તેથી ઘરાં બગડી જાય છે. કયારેક તૂટી પણ જાય છે. ખોલી ઘરાં વધારે ભાંગે છે. ઘરાં સાથે ચશ્માં જો મળી ગયાં તો ઘરાંની આવરદા વધે છે! ચશ્માંને પોતાની આંખો ઉપર ચડાવી શોખથી મોટા માણસની જેમ ફરતાં ભીમજીભાઇએ તેને અનેક વખત જોયો છે. ચશ્માં પહેરે છે ત્યારે એને મજા ખૂબ આવે છે એમ તેમનું કહેવું છે. ત્યારે એ ચશ્માં ચોરતો હશે તેની પાછળ તેની આંખોની નબળાઇ તો કારણભૂત નહિ હોય કે? હોય પણ ખરી. ભીમજીભાઇ એમ તો કહેતાજ હતા કે ડોકટરને તેની આંખોના સંબંધમાં સહેજ શંકા તો પડેલી. ચશ્માં પણ વેચ્યાં હોય કે જાણી બૂઝીને તોડયાં હોય તેવો દાખલો નથી ત્યારે આમ કેમ હશે? નવું માનસશાસ્ત્ર તો એમ પણ કહે છે કે આંખો નબળી હોય અને ચશ્માં ન

મળ્યા હોય તો ફાંફા મારતો અને કંઇક શોધતો માણસ ચોરી કરવા સુધી પણ જાય છે. એ બહુ ઉંડા વિચારને જવા દઇએ અને તેની ચોરીઓ માટે આવાં કારણોની શોધ ન કરીએ તોપણ ચશ્માંની જરૂર-સાચી જ જરૂર તેની પાસે આમ કરાવતી હોય તેમ કાં ન બને? બીજાં ઉંડાં કારણોની શોધને પાછળ રાખીને હમણાં તો તેની આંખો તપાસરાવું. જો એમજ હશે તો તેની આંખો બગડતી બચાવી શકાશે અને તેના રોગનું પણ નિવારણ થઇ શકશે.

"એ ઘડિયાળો ચોરે છે. ઘડિયાળોને પણ વેચી નથી દેતો; નાખી નથી દેતો; સંતાડી નથી રાખતો; વાપરતો પણ નથી. ભાંગી નાખે છે. ભાંગીને પાછી સરખી રીતે સંચાઓની ગોઠવણ કરવામાં વખત નથી ગાળતો. ભાંગીજ નાખે છે અને સંચેસંચાને નોખનોખા કરી નાખે છે. ઘડિયાળોને સંઘરવાનો શોખ હોય તેમ પણ નથી. એકેય ઘડિયાળ આજ પોતાની પાસે નથી રાખી. વળી પારકી ઘડિયાળો ઉપર ઘડિયાળ સમી કરવાનો એ પ્રયોગ કરે છે તેવું પણ નથી દેખાતું. ભીમજીભાઇજી કહેતા હતા કે તેમણે પોતે તેને અનેક ઘડિયાળો અપાવી છે અને તે બધીયે તેણે તોડી

નાખી છે. પોતાની હો કે પારકી, તેને ઘડિયાળ તોડી નાખવાનો અને અંદરના સંચાને વીંખવાનો ખૂબ શોખ જણાય છે. ત્યારે તે કંઇક શોધે છે તેમ નહિ હોય? આ નિર્જીવ ઘડિયાળ ચાલે છે એ તેને મન કૌતુક હશે? ઘડિયાળ જેવી વસ્તુમાં આવો જીવ ક્યાંથી? તેને મન એ એક કોયડો હોવો જોઇએ. સંચાને નોખનોખા કરી નાખવા છતાં તેને કશો ઉકેલ હાથ લાગતો નથી અને ઘડિયાળની સજીવતાનું રહસ્ય તેને જડતું નથી. તેથી જેટલી ઘડિયાળો હાથ આવે તેટલી બધીયને તે ભાંગી નાખે છે.

"માનસશાસ્ત્રના એક પ્રખર વૈજ્ઞાનિકે એક ઠેકાણે એવું કહ્યું છે કે ઘડિયાળની આવી ચોરીઓ અને ભાંગતોડના મૂળમાં જાતીય વિકૃતિ પડેલી હોય છે. કોણ જાણે! પણ એ દિશામાંયે પ્રામાણિક અને શુદ્ધ પ્રયત્ન કરવો એ ખોટું નથી. હર્ષદની ઉંમર પણ એ રીતે નાની નહિ કહી શકાય. કંઇ નહિ તો તેને સત્ય જ્ઞાન મળી જશે તોયે વાંધો નથી. ચાલો ત્યારે, ઉપાયો નક્કી થઇ ચૂક્યા. હવે તેના પ્રયોગો શરૂ કરૂં."

વિચાર કરતાં તો ગૃહપતિના ત્રણેક કલાક ચાલ્યા ગયા. તેમાં કેટલુંક અગત્યનું કામ પણ

વગર આટોપવું રહી ગયું. પણ ત્રણ કલાકના વિચારને અંતે તેને કંઇક શાંતા વળી હોય તેમ જણાયું. તેના મ્હોં ઉપરથી ચિંતાનો ભાર ઓછો થયો હોય તેમ દેખાતું હતું; અને હર્ષદના સંબંધમાં કંઇક આશાવાન બનેલું હોઇ પ્રસન્ન દેખાતા હતા.

: ૪ :

રાત પડવા આવી છે, હમણાંજ બધા વિદ્યાર્થીઓ જમી ઉઠયા છે અને પોતાની ચીજ વસ્તુઓની ગોઠવણીમાં પડયા છે. ગૃહપતિ પોતાના ઘરની ઓશરીમાં આંટા મારે છે. પોતે હજી જમ્યા નથી. હર્ષદની તેમને રાહ છે. હર્ષદ કહી ગયો છે કે બધા વિદ્યાર્થીઓ જમવા બેઠા હશે એટલામાં તો તે પાછો ફરશે. હર્ષદનો હજી પત્તો નથી તેથી ગૃહપતિને સહેજ ચિંતા થાય છે. હર્ષદ એમ પણ કહી ગયો છે કે નાસ્તાથી તેનું પેટ નહિ ભરાય તો પોતે ગૃહપતિને ઘેર જમશે. મોડું થયા છતાં ગૃહપતિ જમવા નથી બેઠા તેનું આ પણ કારણ છે. શહેરમાં ફરતાં ફરતાં કંઇ આડેઅવળે ચડી તો નહિ ગયો હોય એવો તર્ક પણ ગૃહપતિના મનમાંથી પસાર થઇ જાય છે. ત્યાં તો હર્ષદનાં પગલાં સંભળાયાં. ગૃહપતિ ઓશરીના પગથિયાં

આગળ ઉભા રહી ગયા. હર્ષદ પગથિયાં ચડી ગૃહપતિની છેકજ પાસે આવી ઉભો રહ્યો.

ગૃહપતિ: "કેમ હર્ષદ, બહુ વાર લાગી!"

હર્ષદ: "આજે તો સાહેબ, બહુ ભારે થઇ."

ગૃહપતિ: "શું વળી?"

હર્ષદ: "મનગમતો નાસ્તો શોધવા માટે દસ બાર દુકાને આથડયો પણ કોઇ ઠેકાણેથી લેવાનું મનજ થાય નહિ."

ગૃહપતિ: "કેમ? તારે તો ભજીયાં ને જલેબી ખાવા હતી ને?"

હર્ષદ: "હા પણ ભજીયું ચાખ્યું એટલે કાચું અને ખોરૂં લાગે, અને જલેબીથી મોળા જીવજ થાય! આપણે તે દિવસે ઘેર જે ભજીયાં ખાધાં હતાં અને બોર્ડિંગમાં મીજબાની વખતે જે જલેબી ખાધી હતી તે ખાધા પછી હવે બજારૂ ચીજ મને ખાવી ગમતીજ નથી."

ગૃહપતિ: "ત્યારે પછી કર્યું શું? કંઇ ખાધું કે ભૂખ્યો પાછો આવ્યો?"

હર્ષદ: "ખાવાનું ગમેજ નહિં પછી શું ખાઉં? લો, આ બધા પૈસા પાછા. અને હવે તો આવી રખડપટ્ટી કરવા જવા ઇરાદોજ નથી.

રખડી રખડીને થાકી ગયો! આના કરતાં તો જ્યારે પણ આવું કંઇક ખાવાની ઇચ્છા થશે ત્યારે હું તો તમનેજ કહેવાનો બોર્ડિંગમાં નહિ બની શકે તો પછી તમારે ઘેર."

ગૃહપતિ: "ઘણીજ ખુશીથી. આજેજ આપણે ત્યાં ભજીયાનું પ્રોગ્રામ છે અને હું તારી રાહ જોઇનેજ ઉભો છું; અને જલેબીનું પ્રોગ્રામ તું કહીશ ત્યારે આપણે રાખશું."

ગૃહપતિ અને હર્ષદ સાથેજ જમવા બેઠા. જમતાં જમતાં બન્ને જણાએ ખૂબ ખૂબ વાતો કરી. હર્ષદે કબુલ કર્યું કે બહારની ગમે તે ચીજ ખાવામાં શરીરને નુકશાનજ છે. ગૃહપતિએ ગમે ત્યારે પૈસા માગવાની છૂટ આપી તો તેના બદલામાં તેણે ઓછામાં ઓછા પૈસા વાપરવા જોઇએ તેમ તેને લાગે છે તે પણ જણાવ્યું. હર્ષદના સરળ સ્વભાવની આ તકનો લાભ લઇને ગૃહપતિએ પણ તેને યોગ્ય માર્ગદર્શન કરાવ્યું. હર્ષદે તેજ વખતે ગૃહપતિને વચન આપ્યું કે ભવિષ્યમાં પોતાના મનમાં જે કંઇ વિચારો આવશે તે વગર સંકોચે પોતે પ્રગટ કરશે અને ગૃહપતિની સલાહ પ્રમાણે વર્તશે. જમીને મોડી રાત સુધી બંને જણાયે ખૂબ વાતો કરી. હર્ષદ ગૃહપતિની ઘણો

નજીક આવ્યો તેવી લાગણી ગૃહપતિને થઇ. હર્ષદની ચોરીનો રોગ નાબૂદ થઇ જવાનો તેવી પણ તેને ખાત્રી થઇ.

: ૫ :

બપોરના ભોજનનો સમય થઇ ગયો છે. બધા વિદ્યાર્થીઓ જમવા માટે ભોજનશાળા તરફ જઇ રહ્યા છે. ગૃહપતિ ચારેકોર ફરીને વિદ્યાર્થીઓની સ્વચ્છતા ઉપર ધ્યાન ખેંચી રહ્યા છે અને વખતસર ભોજનશાળામાં પહોંચી જવા માટે નાના વિદ્યાર્થીઓને સમજાવી રહ્યા છે. ફરતાં ફરતાં ગૃહપતિની નજર એક ખૂણામાં બેઠેલા હર્ષદ તરફ પડે છે. ગૃહપતિ હર્ષદ પાસે જઇને ઉભા રહે છે.

ગૃહપતિ: "હર્ષદ, હજી અહીં કેમ બેઠો છે? બધા જમવા માટે ભોજનશાળામાં પણ પહોંચી ગયા."

હર્ષદ: (ચોપડીમાંથી માથું ઉંચું કર્યા વિના) "આ વાર્તામાં ખૂબ રસ આવ્યો છે. આ છેલ્લું પ્રકરણ પૂરૂં કરીને હમણાંજ જાઉં છું."

ગૃહપતિ: "પણ ત્યાં અડધું પડધું જમાઇ પણ રહેશે. તેં પાછળ જમવાનો પાસ નાખ્યો છે?"

હર્ષદ: "ના; એ તો ભૂલીજ ગયો. ત્યારે જમી આવું."

[અનિચ્છાએ પુસ્તક બંધ કરતો હોય તેમ પુસ્તકને નીચે મૂકી ઉભો થાય છે.]

ગૃહપતિ: "હર્ષદ તું બહુ વાંચ વાંચ કરીશ તો પછી તારી આંખો વધારે બગડશે તે ધ્યાનમાં છે કે ?"

હર્ષદ: "પણ હવે ક્યાં વાંધો છે ? હવે તો ચશ્માં લઇ લીધાં છે એટલે વધારે આંખ નહિ બગડે. અને છતાં કંઇ થશે તો આ છે એથી વધારે નંબરનાં ચશ્માં લેવાનાં એટલુંજ કે કંઇ બીજું ?"

ગૃહપતિ: "પણ ડાકટરે શું કહ્યું છે તે યાદ નથી ? તારે આંખોને ખૂબ ઓછી તસ્દી આપવાની છે. તારી આંખો ધ્યાન નહિ રાખવાથી-જ ખૂબ બગડેલી છે."

હર્ષદ: "હવેથી બહુ નહિ વાંચું; બસ ?"

(ભોજનશાળા તરફ જવા માંડે છે.)

ગૃહપતિ: "રોજ કેટલા કલાક વાંચે છે ?"

હર્ષદ: "સાતથી આઠ કલાક થતાં હશે."

ગૃહપતિ: "અરરર ! એ તો બહુ કહેવાય ?"

હર્ષદ: "પણ શું કરૂં ? તોયે સંતોષ થતો

નથી. આ ચશ્માં લીધાં પછી મને તો સાહેબ, વાંચવા સિવાય કશું ગમતુંજ નથી."

હર્ષદ ભોજનશાળામાં જાય છે અને ગૃહપતિ પોતાના ઘર તરફ વળે છે. હર્ષદને ચશ્માં અપાવ્યા પછી રાત દિવસ વાંચવા સિવાય બીજું કશું તે કરતોજ નથી. તેના સંબંધેની ખૂમો તો છેકજ ઓછી થઇ ગઇ છે વાંચવામાંથી નવરો પડતો નથી તેથી બીજા વિચારો પણ ઓછા કરતો જણાય છે. ગૃહપતિ મનમાં ખૂબ સંતોષાયા છે.

: ૬ :

આજે તો ગૃહપતિએ હર્ષદને રાત્રે દસ વાગે બોલાવ્યો છે. હર્ષદના મનમાં શંકા હતી કે ગૃહપતિ હવેથી રાત્રે વાંચવાની બીલકુલ બંધી કરવાના છે. તે મનમાં એમ પણ વિચારી રહ્યો હતો કે ગમે તે ઉપાયે દસ વાગ્યા સુધી વાંચવાની રજા તો મેળવવીજ. આ બાબત પોતે ગૃહપતિને સમજાવી શકશે તેવી પણ તેને ખાત્રી હતી. આવા વિચાર કરતો કરતો તે ગૃહપતિના ઘરનાં પગથિયાં ચડયો. ગૃહપતિના ઘરમાં તમામ સૂઇ ગયાં હતાં. માત્ર પોતે એકલાજ ઓશરીમાં ખાટ ઉપર ધીમે હીંચકે હીંચકતા બેઠા હતા.

ગૃહપતિ. " આવ, હર્ષદ, હું તારીજ રાહ જોતો હતો. બરાબર વખતસર આવ્યો. મને ભય હતો કે જો વાંચવામાં ચઢી જઇશ તો જરૂર મોડો થઇશ અને મારે ત્યાં આવવું પડશે."

હર્ષદ: " વાંચવામાં મોડું કેમ કરૂં ? રોજ દસ વાગ્યા સુધી વાંચવા દેવાની રજા તમારી પાસેથી મેળવવાનો છું, માટે તો બરાબર નિયમિત આવ્યો છું."

ગૃહપતિ: " એ તો તને મળશે. પણ આજે તો તને મેં એક ગંભીર વાત કરવા બોલાવ્યો છે "

હર્ષદ: " ગંભીર વાત ? મેં કશીજ કલ્પના કરી નથી. જલદી કહો, મારા મનમાં કંઇ કંઇ થાય છે. "

ગૃહપતિ: " તારો કંઇ ગુન્હો નથી કહેવાનો ? નિરાંતે બેસ. પછી કહું. "

હર્ષદ: "લો, કહો." (હર્ષદ સામેની ખુરસી ઉપર બેસે છે.)

ગૃહપતિ: "તને ખબર છે હર્ષદ, કે હું, તું અને આપણે બધા મનુષ્યો દુનિયામાં ક્યાંથી આવ્યા ? "

હર્ષદ સહેજ શરમાતો હોય તેમ જણાય છે મ્હોં નીચું કરે છે. કશું બોલતો નથી છતાં કંઇક

કહેવા ઈંતિજાર હોય તેવાં હાથ પગના ચાળા કરે છે.

ગૃહપતિઃ "કહે ને હર્ષદ, તું જે કંઇ જાણતો હોય તે કહે. આપણે બધા કયાંથી આવ્યા હોઇશું? તને ખબર ન હોય તો ના કહે."

હર્ષદઃ (મ્હોં નીચું રાખતો) "મને બરાબર ખબર તો નથી, પરંતુ હું નાનો હતો ત્યારે બા કહેતી કે મને કોઇ આવીને સોંપી ગયું હતું અને નાના ભાઇને કાકાએ રંગુનથી પારસલમાં મોકલ્યો હતો."

ગૃહપતિઃ "હર્ષદ, તું એ સાચું માને છે?"

હર્ષદઃ "એ સાચું માનવામાં આવતું નથી. પણ મારા જેવડા ઘણા જણને મેં પૂછયું છે અને કોઇ મને ગળે ઉતરે તેવું સાચું કહેતું જ નથી."

ગૃહપતિઃ "ત્યારે હું તને કહું."

હર્ષદઃ "તો તો મને એટલો બધો આનંદ થાય કે તેની સીમાજ ન રહે."

ગૃહપતિઃ "તને એ જાણવાની ઇચ્છા છે?"

હર્ષદઃ "એ ઇચ્છા કેટલી છે તે તમને કેમ કરીને સમજાવું? એ જાણવા માટે તો મેં આજદિન સુધી કેટલાંયે ફાંફાં માર્યાં છે. આ રોજ ચોપડીઓ ઉપર ચોપડીઓ વાંચ્યા કરૂં છું,

તે તેમાંથી પણ કંઇક જાણવા મળે તેવી પણ જીજ્ઞાસા ખરી. તે જાણવા માટે પુસ્તકોની પણ શોધ કરૂં છું, પણ મને તેવું કશું વાંચવા મળતું જ નથી."

ગૃહપતિઃ "તો પછી મને કેમ પૂછતો નથી ?"

હર્ષદઃ "એ વાત કોઇને પૂછાય ખરી ? એક વાર નાનપણમાં કાકાને પૂછી હતી ને જવાબમાં તમાચા અને ગાળો મળેલી. તમને તો કેમજ પૂછાય ?"

ગૃહપતિઃ "ત્યારે તો હું તને વગર પૂછ્યે કહેવા આવ્યો છું."

હર્ષદઃ "તો હવે ઝટ કહોને. મને જાણવાની ખૂબ ઇંતેજારી છે."

ગૃહપતિઃ "તો પછી તને કહીજ દઉં. હું, તું અને બધા માણસો દરેક આપણી માતાના ઉદરમાંથી આવ્યા છીએ."

હર્ષદ, સ્હેજ ચમકયો હોય તેમ જણાયું. પણ તેના મ્હોં ઉપર સંતોષ ફેલાયો છે તેમ પણ જોઇ શકાય તેમ હતું. તેણે ધીમે રહીને પોતાનું મ્હોં ઉંચું કર્યું અને ગૃહપતિના મ્હોં સામું જોઇ રહ્યો. તે ગંભીર હતો.

હર્ષદ: "ત્યારે શું, આ તમે કહો છો તે વાત સાચી છે?"

ગૃહપતિ: "હા તેજ વાત સાચી છે."

હર્ષદ: "મારા એક જૂના ભાઇબંધ મોહનાએ આવુંજ કંઇક કહ્યું હતું. પણ તેમાં અડધું તો હું સમજ્યો ન હતો અને મેં માન્યું ન હતું. ત્યારે આપણે બધા આપણી માતાનાં પેટમાંથી આવ્યા છીએ?"

ગૃહપતિ: "જરૂર. તેમજ છે."

હર્ષદ: "તો પછી સાહેબ, એ કેમ બન્યું હશે તે સમજાવોને?"

ગૃહપતિ: "એ પણ તને બરાબર સમજાવવાનો છું. આવતી કાલથી રોજ અત્યારે અડધો અડધો કલાક આવતો રહેજે, એટલે ચાર પાંચ દિવસમાં હું તને બધું સમજાવી દઇશ. અત્યારે તો જરા મોડું થયું છે માટે સૂઇ જઇએ."

હર્ષદ: "પણ જરૂર કહેશોને સાહેબ?"

ગૃહપતિ: "તને ન કહું તેમ બનેજ કેમ? જરૂર, તને બધુંયે સમજાવી દઇશ."

હર્ષદ તે રાત્રે તો ગયો. પછીથી રોજ તે ગૃહપતિને ઘેર આવતો અને ગૃહપતિ શરીર-રચનાથી માંડીને પ્રજોત્પત્તિ સુધીની વાતો સાદી

અને સરળ ભાષામાં હર્ષદને સમજાવતા. જેમ જેમ હર્ષદ સાથેની વાતો વધતી ચાલી તેમ તેમ ગૃહપતિને ખાત્રી થવા લાગી કે તેને તેવા સત્ય જ્ઞાનની અત્યંત જરૂર હતી. તેવા જ્ઞાનના અભાવે અને ખોટા જ્ઞાનના પરિણામે તે કેટ-કેટલા ભયંકર અને નુકશાનકારક વિચારો સેવતો થઇ ગએલો. ગૃહપતિ સાથેની વાતચીતે તેનામાં જીજ્ઞાસા, તૃપ્તિ અને સંતોષ પ્રગટાવ્યાં.

કહેવાની જરૂર નથી કે હર્ષદના સમગ્ર ચારિત્ર્યમાં ભારે મહત્વના ફેરફારો થઇ રહ્યા હતા.

હરભાઇ.

ગુલાબજી બુ.

શીવલાલનો છેલ્લો પત્ર મળ્યાને તો બે વર્ષ થઇ ગયાં હતાં. બે વર્ષ પહેલાં તેની પત્રધારા એકધારી ચાલીજ આવતી. હું કોઇ વખત અવકાશ મળી જાય અને લખવાનું સૂઝી આવે એટલે જવાબ વાળતો. બાકી તો તેના પત્રો આવે તે વાંચવા અને આનંદ માનવો એ મારી પ્રકૃતિ થઇ ગએલી. મને છેલ્લો પત્ર લખીને તે આફ્રિકા ચાલ્યો ગયો હતો. એ પત્રમાં આફ્રિકાનું પોતાનું શીરનામું લખી મોકલ્યું હતું. મને તેણે એમ પણ લખેલું કે તેના એ પત્રનો આફ્રિકામાં જવાબ મળશે. પછીજ તે પત્રો લખવાને છે. બન્યું પણ તેમજ. આફ્રિકામાં ગયાને ચાર માસ તો થઇ ગયા, પણ શીવલાલ તરફથી કેશો પત્ર મળે નહિ! મને તેના પત્રો મેળવવાનો છંદ લાગ્યો હતો એમ મને એ વખતે જણાયું. હું જરા અસ્વસ્થ થએલો. મેં તેને ઝટપટ કાગળ લખી નાખ્યો અને તેનો પ્રત્યુત્તર જલદી આવશે એવી આશામાં રાહ જોતો બેઠો. બીજા બે ત્રણ માસ ચાલ્યા ગયા પણ શીવલાલનો કેશોજ કાગળ

ન આવ્યો ! ધંધામાં પડ્યા પછી જુવાન માણસો-નું પત્રવ્યવહારની બાબતમાં આવુંજ બની જાય છે. શીવલાલ જ્યાં સુધી વિદ્યાર્થી હતો ત્યાં સુધી તેને આવા પત્રો લખવા અને તેના તેવા જવાબો મેળવવા તેમાં રસ અને આનંદ પડતો. હવે તેને નવા ધંધામાં રસ પડશે. આવા વિચારો કરીને મેં મારા મનને મનાવ્યું અને શીવલાલના પત્રની આશા છોડી.

આજે એ વર્ષના ગાળા પછી મારા હાથમાં ઝાંઝીબારની ટપાલની છાપવાળો એક પત્ર આવી પડ્યો. કવર ઉપરના અક્ષરો મેં તુરતજ ઓળખી કાઢ્યા. એ અક્ષરો શીવલાલના હતા. તેના અક્ષરોથી હું એટલો બધો પરિચિત થઇ ગયો હતો કે રખડતો કાગળનો ટુકડો પણ જો તેના હાથનો લખેલો હાથ લાગે તો તે શીવલાલે લખ્યો છે એમ તુરતજ કહી દઉં ! કવર હાથમાં રાખી શીરનામા-ના અક્ષરો તરફ એકીટસે બે ત્રણ મિનિટ સુધી હું જોઇ રહ્યો. હું વિચારે ચડી ગયો હતો. મારા મનમાંથી કંઇ કંઇ ભાવો પસાર થઇ જતા હતા. હૃદયના ધબકારા પણ થોડાએક વધ્યા હશે. આસ્તે રહીને મેં તે ફોડયો. ઘડી પાડેલો કાગળ બહાર કાઢીને જોઉં છું તો તેની ઉપરના કોરા

કાગળના ચોસલા ઉપર લખેલું 'દિલમાંથી હાંકી કાઢવાના ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં જે ખસતાજ નથી તેવા મારા મણિભાઇને ચરણે.' અક્ષરો મોતીના દાણા જેવા હતા. અત્યંત ઝીણા, ચોખ્ખા અને સુવાચ્ય અક્ષરો લખવાનો શીવલાલને ભારે શોખ હતો. કાગળ પહોળો કર્યો. પાતળા નોટપેપરના માપના છ કાગળો ભરીને મોતીના દાણા જેવા અક્ષરે લખેલી એ એક વાર્તા હતી. એ ઉપરાંત બીજું કશું તેમાં લખેલું ન હતું. આખી વાર્તા હું વાંચી ગયો. વાર્તામાં આવતાં પાત્રોને ઓળખી લેતાં મને જરાયે વાર લાગી નહિ. આ રહી એ વાર્તા.

લેખક.

ગુલાબજાંબુ.

મારા એક મિત્ર એક વાર એક ટ્રેનમાં જતા હતા. ગાડી ઉપડવાને હવે એક મિનિટની વાર હતી. સૌ કોઇ સ્ટેશનના ઘંટની કે ગાર્ડની સીટીની ક્ષણે ક્ષણે રાહ જોઇ રહ્યું હતું. સ્મશાન તરફ લઇ જતા મૃતદેહ પ્રત્યે ડાહ્યુઓને જે ભાવ હોય છે તેવા ભાવથી સ્ટેશનનો અમલદાર વર્ગ ટ્રેનની વિદાય ક્રિયા કરી રહ્યો હતો. અવરજવર બહુ ઓછો થઇ ગયો હતો. સૌ અશાંત મનથી શાંતિ સહી રહ્યાં હતાં.

મને એકાએક ખબર પડી કે મારા મિત્ર જાય છે ! એમ તો હું પોતેજ એમને સ્ટેશને વળાવવા આવ્યો હતો. વળી નીકળતી વખતે બાલુની બાને સાડલા માટે પાંચ રૂપિયા તેમણેજ વળગાડ્યા હતા. મેંજ તેમને આગ્રહ કરી કરીને પ્રેમપૂર્વક જમાડ્યા હતાં. અરે, બાલુની બાએ રાત આખીનો ઉજાગરો કરીને તેમને માટે રસોઇ બનાવી હતી. (બાલુની બાને રસોઇની તૈયારીમાં રાત આખીનો ઉજાગરો વેઠવો પડયો હતો તો મારોય આગ્રહપૂર્વક પીરસી પીરસીને દમ નીકળી ગયો હતો. બાલુની બાની આંખ પણ સૂઝી ગઇ હતી તો માઇ પણ ગળુ બેસી ગયું હતું.) પણ મને એકાએક ખબર પડી કે મારા મિત્ર જાય છે.

બાલુની બાએ ગઇ કાલ રાત્રે અગિયાર વાગે ઘરકામમાંથી પરવારીને આજને માટેની રસોઇની તૈયારી આદરેલી. મહેમાન કાંઇ રાજરજવાડાનાં ન હતાં. તેમ તેમની ગાંઠે કાંઇ લાખ અધલાખનો જીવ પણ ન હતો. પણ અમારો સંબંધ ઘરવટનો. જબરી મહોબત અને વળી લાંબે ગાળે તેઓ આ બાજુ ડોકાએલા એટલે તો બાલુની બા તેમને છોડેજ શાની ? આજ બપોરના અગિયાર

વાગ્યાના જમણ માટે તેણે કાલ રાતના અગિયાર વાગ્યાથી ચૂલો માંડેલો. ચૂલો માંડયો રાતના અગિયાર વાગ્યે પણ તે ઉંચી નીચી થતી હતી તો કાલ બપોરની. જાયફળ ને ખસખસ; બદામ ને પિસ્તાં, એલચી ને તજ, લવિંગ ને ધાણા, પાન ને સોપારી; કેસર ને કસ્તુરી, ગુલાબજળ ને અત્તર, રાખ અને ધૂળ—બાપ રે! શી આ બૈરાંની જાત? દુકાનવાળા ગાંધીને તો થયું કે નક્કી મારા બાલુના વેવિશાળનીજ વાત છે. આ બધો હારડો કાલ બપોરનો તેણે મારી પાસે રજુ કરેલો. એટલે એણે તૈયારી તો કાલ બપોરથીજ કરવા માંડેલી. એમ તો એ લાંબી નજરની છે! હા, ચીજજણસની વપરાસમાં હાથ જરા છૂટો રહે ખરો, પણ એમાં છેવટે તો ઘરનીજ શોભા છે ને? મહેમાન જવાના છે એની ખબર એને કાલ બપોરની હતી. પણ મને એકાએક ખબર પડી કે મહેમાન જાય છે.

કોઇ દિવસ નહિ ને કાલે બાલુ મોડે સુધી જાગેલો. રાત્રે પોણાચાર વાગે એક ગુલાબજાંબુને બે હોઠ વચ્ચે રમાડતો રમાડતો તે દિવાનખાનામાં આવ્યો. એજ વખતે મારા મિત્રને હું બન્ને જણા વાદવિવાદમાં ઉભી થએલી ગૂંચ ઉકેલવામાં

કરાયા હતા. ' મોડી રાત સુધી કેમ જાગ્યો ?" કે." અમારી ચર્ચામાં કેમ આડે આવ્યો ? " એવી કોઈ વિધિ કરીને તેને ખખડાવું તેની પહેલાંજ તે મને કહે: " બા બોલાવે છે. "

જેટલું હસીને તે બોલ્યો તેટલુંજ ભારેખમ મોઢું રાખીને તે ચાલતો થયો. છોકરાંઓ બીજાના મનના ભાવ જાણવામાં ઓછાં કુશળ નથી હોતાં.

રસોડામાં ગયો ત્યારે બાલુની બા કંદોઇની દુકાન માંડી હોય તેમ બેઠી હતી. માવાની અરધી ભરેલી થાળીમાં આંગળાં ખોસી બીજે હાથે બાલુ બીજાં ગુલાબજાંબુ ખાતો હતો. મેં બાલુની બા સામે જોઇને દૃષ્ટિથીજ સીધો સવાલ કર્યો " શું છે ? "

" આપણે ચમનભાઇ માટે કંઇક મોકલવું છેને ?" તેણે પૂંછયું.

ચમનભાઇ એ રામલાલના નાનાભાઇ. રામલાલની જેવોજ તેમની સાથે નાતો. એટલે રામલાલભાઇ સાથે ચમનને કંઇક મોકલવું એવી બાલુની બાની ઇચ્છા. મને તો કયારની એને લાંબો પત્ર લખવાની ઇચ્છા થઇ હતી. પણ વહેવારમાં શું મોકલવું જોઇએ તેમાં મને ઝટ સુઝ ન પડે એટલે જ્યારે બાલુની બાએ કંઇ મોકલવાનું પૂછયું

ત્યારે મને કશી ગમ ન પડી. અને ગમ પડત તો પણ એનોજ મત સ્વીકારવા હું તૈયાર હતો. વહેવાર માત્રના કામમાં એ પાવરધી. પણ એ પાછી ન પડે માટે એને કંઇ પ્રોત્સાહન આપવું જોઇએ એમ ધારી મેં મને આવડયું તેવું પૂછયું. "ચેવડો મોકલશું. ?"

"ચેવડો મોકલીએ, પણ ચમનભાઇને ગુલાબજાંબુ વધારે ભાવે છે."

"સારૂં, ગુલાબજાંબુ મોકલશું. પણ તું આમ કયાં સુધી જાગવાની છે? બારના ટકોરા તો થયા." મારે હજી ચર્ચા અધૂરી પડી હોવાથી મેં પૂછયું.

"આ હમણા મારૂં કામ પૂરૂં. બાલુને સૂવરાવીને આટલાં ગુલાબજાંબુ જરા કરી નાખું. પછી તો દૂધપાક કરીને પૂરી વણી લઇશ, જરા વહેલું નાહીધોઇ લઇશ....." એણે રાતના અગિયારથી બપોરના અગિયાર સુધીનો કાર્યક્રમ વર્ણવવો શરૂ કર્યો.

હું કંટાળતો હતો તેવામાં તેણે કહ્યું: "લ્યો, આ ગુલાબજાંબુ ચાખશો? બાલુને તો બહુ ભાવે છે. ચમનભાઇને પણ ગમશે."

"તું ચમનભાઇને ગુલાબજાંબુ મોકલે છે અને મારે પણ મોકલવાં છે"

બાલુની બા કંઇ ન સમજી. એથી એણે પૂછ્યું "એમ શાથી?"

"મારે એક ગુલાબજાંબુથીયે મીઠો કાગળ તેને લખવો છે."

એ હસી.

"ખરેખર કહું છું. તેને કાગળ લખવાનું વિચારું છું પણ રહીજ જાય છે હવે તો રામલાલભાઇ સાથેજ પત્ર મોકલી દઉં. હમણાં જાંતને લખીજ નાખું. આજ લખું, કાલ લખું કરતાં કેટલાયે દિવસ નીકળી જાય છે."

"ઠીક, પણ આ લેતા જાઓ." એણે ગુલાબજાંબુની બે રકાબી મારી સામે ધરી.

છેલ્લું ગુલાબજાંબુ ખલાસ કરીને બગાસાં ખાતાં ખાતાં મેં કાગળ ખડિયો શોધવા માંડ્યો. એ કાંઇ દૂર ન હતો. રામલાલના મગજમાં શુંયે આવ્યું હશે તે એણે મને પૂછ્યું: "હજી કોઇ વિષય ચર્ચાના ઝપાટામાં આવવો બાકી રહી ગયો છે કે શું?"

બંધું સૂનસૂન લાગતું હતું. એક મોટું બગાસું આવ્યું. આંખના ઝળઝળિયામાં લીલા પીળા રંગો

જોતાં મેં કહ્યું: "તમારી ભાભીએ ચમનને માટે ગુલાબજાંબુનો મોટો બધો ડબરો ભર્યો છે. હું યે તેને કંઇક મોકલવાનો છું."

"શું?" રામલાલે જરા જિજ્ઞાસાથી પૂછ્યું.

"મારા ગુલાબજાંબુમાં ખાવાને બદલે કાગળ હશે."

"આ બાલુને ક્યાં સૂવરાવવો છે?" બાલુની બા દિવાનખાનામાં આવી.

"તું જા. હું સૂવરાવું છું. તારે હજી બહુ મોડું થશે." મેં ઝપાટાબંધ બાલુની પથારી કરી નાખી. એ તેને સૂવાડીને પોતાના કામમાં પડી.

"હવે મને ક્યાં નાખવો છે?" રામલાલે ટોળમાં પૂછ્યું.

"વખારમાં." કહી મેં તેની પથારી પાથરી. રામલાલ સૂતો. એક થવા આવ્યો હતો. મારા માટે જાગવું અસહ્ય હતું. જેમ તેમ પથારી પાથરી તેની ઉપર હું ફસડાઇ પડ્યો.

સવારે ચા વખતે બાલુની બાની આંખો રતાશપર હતી. આખી રાત તે જાગેલી. ચાના પ્યાલા પાછી લઇ ગઇ ત્યારે તેની પાછળ હું રસોડામાં ગયો. ઉજાગરાથી તે જરાં ફિક્કી દેખાતી હતી.

"લાવ, હું ધોઈ નાખું છું." મેં જરા શરમાઇને કહ્યું.

"ના રે ના." તેણે હસીને કહ્યું: "તમે તમારે કામે વળગોને. મારે તો હવે પતી ગયું જાણો! જુઓ, આ ચમનભાઇ માટે ગુલાબજાંબુનો ડબ્બો ભરી રાખ્યો. તમને કેવાંક લાગ્યાં?"

ઘડીક રહીને તેણે પૂછ્યું: "તમે ચંમનભાઇ-અરે તમારાં ગુલાબજાંબુ—લખ્યાં?"

"હમણાં લખી નાખું છું. રાત્રે જરા આંખ ભારે થઇ ગઇ તે લખી ન શકાયું. હમણાં-જ નાહીને લખી નાખું." પ્યાલા રકાબી પડતાં મેલી હું પાછો આવ્યો. જોઉં છું તો હજામ આવેલો. તેને પતાવી ઉતાવળ કરીને નાહી લીધું. નાહીને આવ્યો ત્યાં છાપાં તૈયાર હતાં. આજે પેલા દૈનિકનો અગ્રલેખ બહુ વાંચવા જેવો હતો. અમસ્તો તો હું અગ્રલેખને અડકતો પણ નથી, પણ આજના લેખની દલીલો સીધી અને સોંસરવી ઉતરે તેવી હતી. નોંધો અરધી પરધી વાંચી ત્યાં તો બાલુનો સૂર કાને આવ્યો.

"...રાખશું હું હણિયાં...
અરજણિયા, હાલ્યની માસ્તર થાઈ."

છાપાંમાંથી માથું ઉંચું કરી જાઉં તો બંસીલાલ ચોપડીઓ લઇને ભણવા આવેલો. તેની સામે ચાળા કરતો-કરતો બાલુ ઉપલું ગીત ગાતો હતો. હજી તેણે હમણાજ નિશાળના સંવાદમાં આ ગીત સાંભળેલું, એટલે ત્યાર પછી બંસીને તે મારી પાસે ભણવા આવતો દેખે ત્યારે બાલુ અચૂક ઉપલી લીંટીઓ બરાડીને કંઇ હાવભાવ કરતો. એ ત્રણ દિવસની હેરાનગતી પછી બંસી પણ એનાથી ટેવાઇ ગયો અને પોતે પણ બાલુની સાથે ગાવા લાગતો.

બંસીલાલનું ટયૂશન પૂરૂં કરીને કાગળ બંડિયો લઇને હું લખવા જાઉં છું ત્યાં રામલાલ આવીને કહે: "કેમ કાળીદાસજી, કયું કાવ્ય લખો છો? ગુલાબજાંબુનું?"

"અરે રામલાલ, કમાલ કમાલ!" મેં એટલા જોરથી કહ્યું કે હું પોતેજ ચમકી ગયો. છેલ્લા મોડર્ન રીવ્યુમાં આવેલો કાલિદાસ ઉપરનો લેખ મેં તેને બતાવ્યો.

"લેખમાં શૈલી સારી છે. ભાષા લલિત છે. પણ નક્કર માહિતી કે ઇતિહાસની દૃષ્ટિ નથી."

મેં એને ઘણું પૂરવાર કરી દીધું કે એ ભીંત ભૂલે છે, પણ એ માનેજ શાનો? ખૂબ ગરમા-

ગરમ ચર્ચા થઇ; હું જીતવા આવ્યો. ત્યાં તો "કાકા જમવા ચાલો." બાલુએ છડી પોકારવાની ઢબે બૂમ મારતાં કહ્યું.

કાલિદાસને તેના લેખમાંજ રાખી અમે જમવા બેઠા. બાલુની બાનાં આખી રાતના ઉજાગરાને લીધે રામલાલને પણ તેના આગ્રહને વશ થઇ ઠીકઠીક જમવું પડયું. અને આ આગ્રહમાં મારો ફાળો ગૌણ ન હતો. કારણ કે પછવાડેથી ખુદ બાલુની બાએ મને કહેલું કે તમે આગ્રહ કર્યો તો રામલાલભાઇએ જરા ખાધું અતિથિસત્કારની આવડત મારામાં છે એમ તેણે ગૌરવપૂર્વક ઘણીવાર મને કહ્યું છે.

બિસ્તરા પોટલાં લઇને અમે સ્ટેશને પહોંચ્યા ત્યારે ગાડી ઉપડવાને પાંચ મિનિટ બાકી હતી જેમ તેમ ટિકિટ કાઢી અને એક ડબ્બાના ખાનામાં સામાન ગોઠવ્યો. રામલાલ સામાનના નંગ ગણવા લાગ્યો. નંગ મેળવીને હસતાં હસતાં કહે: "એક નંગ વધ્યું છે."

"કયું ?", મેં જરા નવાઇ પામી પૂછયું.

"ગુલાબજાંબુનું." રામલાલે હસીને કહ્યું. અને અચાનક સ્ટેશન ચેરજ મને સૂઝયું કે રામલાલ જાય છે. ડબ્બાની ભીંતની ઓથે કાગળ પેન્સિલથી

હું ચમનને કાગળ લખવા માંડયો. એક મિનિટ બાકી હતી. ફેરિઆઓ અને ખિસ્કોલીઓએ પણ નફાનો લોભ છોડી સ્ટેશનનું પ્લેટફૉર્મ ખાલી કર્યું હતું.

મેં શરૂ કર્યું.

"પ્રિય દોસ્ત ચમન !"

"તને કાગળ તો ઘણા દિવસથી લખવાનો હતો. કાલ રાતે લગભગ શરૂઆત પણ કરેલી, પણ એક વાગ્યા સુધી કામમાંજ રોકાએલો રહ્યો આજે સવારે તને લખવા બેઠો પણ એક પછી એક એવાં કામ નીકળ્યાં કે તને લખી ન જ શકાયું."

ગાર્ડની સીટી થઇ. ગાડીની બ્રેક ઉપડી.

"છેવટે અહીં સ્ટેશને પણ તને પત્ર લખવાની તક મેં મેળવી છે."

ગાડી ચાલવી શરૂ થઇ. "અરે, તમારાં ગુલાબજાંબુ ?" રામલાલે ટીખળ અવાજે મને પૂછયું. મેં કાગળ દેવા હાથ લંબાવ્યો પણ ગાડીની ગતિ વધતાં હું તેને પહોંચી ન શક્યો. હું દોડયો.

"ઓય માસ્ટર ! સમાલો." સ્ટેશનના એક અમલદારે મને કડક અવાજે ફરમાવ્યું.

ગાડી ગઇ.

"ચમનકાકાનાં ગુલાબજાંબુનું શું થયું ? બાએ મને સંભારવાનું કહેલું." આંગળીએ રમતા બાલુએ પૂછયું.

"ગયાંસ્તો." મેં ચીડાઇને કહ્યું.

આખો દિવસ મારૂં મન પસ્તાતું હતું. એ પ્રસન્ન હતી.

હરભાઇ.

ગૃહપતિનું ભાષણ પૂરૂં થયું અને સભામાં અસાધારણ શાંતિ ફેલાઇ. એક બે મિનીટ પછી અંદર અંદર ધીમો ગણગણાટ શરૂ થઇ ગયો. સભાની અંદર આજે પાંચને બદલે માત્ર બેજ કાનસો મૂકવામાં આવ્યાં હતાં. એ ઝાંખા પ્રકાશમાં કોઇ મિત્રની પાછળથી છૂપું ડોકિયું કરીને ગૃહપતિની આંખો સાથે પોતાની આંખો મીલાવી લેતા કોઇ કોઇ વિદ્યાર્થી નજરે પડતા હતા. આમ ને આમ પાંચેક મિનીટ ચાલી ગઇ. આખરે એ મૌનને ગૃહપતિએજ પાછું તોડયું.

"બોલો, તમારામાંથી આ બે કામો કોણ ઉપાડવા તૈયાર છે? આપણે અત્યારેજ એનો નિર્ણય કરવો જોઇએ. કાલથી તો કામ શરૂ થઇ જાય."

ગૃહપતિ અટકયા અને વળી પાછી ચૂપકીદી સ્થપાઇ. આ શાંતિ બે ક્ષણ રહી હશે ત્યાં તો એક ખૂણામાંથી ધીમો છતાં દૃઢ અવાજ આવ્યો.

"કોઇ તૈયાર ન હોય તો પછી એ બન્ને કામો હું ઉપાડું છું. મારૂં કામ શરૂ થયા પછી

જે ભાઇઓને તેમાં જોડાવાની ઇચ્છા થાય તે ખુશીથી જોડાઇ શકશે."

"પણ નરહરિ, તમારે જો સવિનયભંગની લડતમાં ન જવું હોય તો તો પછી પરીક્ષા શા માટે ન આપો? અહીંજ રહેવું હોય તો પછી ઉંધું ઘાલીને બે મહિના ખેંચી કાઢો અને બી. એ. થઇ જાઓ. મારી તો આવી સલાહ છે. પછી તમારી મરજી."

"સાહેબ, મેં એનો વિચાર કરી લીધો છે. આ વર્ષે બી. એ. થવાની મને ઉતાવળ નથી. શેરીઓ સાફ કરી લોકોના હૃદયમાં સ્થાન મેળવવાની મને હોંશ છે, અને પછી સ્વદેશી ચીજોની રેંકડી દિવસ આખો ફેરવવામા મને ખૂબ મજા આવશે. મને એવી પણ આશા છે કે મારૂં કામ શરૂ થયા પછી ઘણા મિત્રો તેમાં જોડાશેજ."

સભા વિખરાઇ ગઇ.

વિદ્યાર્થીઓની નાની નાની ટોળીઓ અંદર અંદર વાતો કરવા લાગી.

"નરહરિને આ શું થયું? જેલ જવાથી બ્હી ગયો લાગે છે!"

"હું તો જાણતોજ હતો. જેલમાં જવું એ કંઇ સહેલ વાત નથી. એક વખત જઇ આવ્યા

માટે બીજી વખત પણ તૈયારજ હોય તેમ શાના માનીએ."

"એ ભાઇ, જેલમાં જવાથીજ કયાં વિશેષતા છે? એમ જેલો ભરવાથી લાભ પણ શો છે? સ્વદેશીનું કામ કરશે તો દેશને ઉલટો વધારે લાભ કરશે તેવી મારી માન્યતા છે."

"નરહરિને અન્યાય કરવા આપણે માનતા નથી. અહીં રહીને આવાં સેવાનાં કામ કરવામાં તેણે વધારે મહત્વ માન્યું હશે. એ બહીકણ છે એમ તો હું માનવા તૈયાર જ નથી."

નરહરિ પોતાને સોંપાએલી નાનકડી ઓરડીમાં પહોંચી ગયો. ત્યાં જઇ સવારે શેરીઓ સાફ કરવા જવા માટે કયા કયા સાધનોની જરૂર પડશે અને સ્વદેશી વસ્તુઓની રેંકડી માટે કઇ કઇ ચીજો જોઇશે તેની યાદી કરવા બેઠો.

: ૨ :

નરહરિને આ છાત્રાલયમાં આવ્યાને ચાર વર્ષ થયાં છે. એ આવ્યો ત્યારે તો પૂરી પશ્ચિમની ઢબે રહેતો હતો. એના પિતા સરકારની ઉંચા હોદ્દાની નોકરી ઉપર હતા. એમના ઘરમાં રહેવા ખાવા વિગેરેની રીત પશ્ચિમના ઢબે ચાલતી. નરહરિ એવા વાતાવરણમાં ઉછરેલો એટલે બીજી

જાતના વાતાવરણની તો તેને ગંધ સરખી પણ ન હતી. છાત્રાલયમાં આવીને રહ્યા પછી સંધ્યાએ દેશી પોષાક પહેરીને રહેતા વિદ્યાર્થીઓ સાથે પશ્ચિમની ઢબે રહેવું તેને ખૂંચવા લાગ્યું. પોતાના કોટ પાટલુનને ટ્રંકમાં મૂકીને ધોતીઆ પહેરણના પોષાક ઉપર તે આવી ગયેલો.

એક વખત એક જાણીતા રાષ્ટ્રનેતા તેમની સંસ્થા જોવા આવી ચડેલા. સંસ્થાના સંચાલકોનો એવો રિવાજ હતો કે કોઇ મોટો માણસ આવે ત્યારે વિદ્યાર્થીઓ સાથે તેમની વાતચીતનો પ્રસંગ યોજવો. તે દિવસની વાતચીતમાં નરહરિને આ નેતા સાથે ભારે ટપાટપી ચાલેલી. પોતાના મનનું સમાધાન થતું ન હતું અને રાષ્ટ્રનેતાના વિચારો તરફ તેનું આકર્ષણ વધતું જતું હતું તેથી ચાર છ મહિના તેમની સાથે રહેવા દેવાની નરહરિએ રજા માગી. નરહરિના પિતા પોતાના પ્રાંતના ઘણાખરા નાયકો સાથે ગાઢ પરિચયમાં હતા. નરહરિ આવી માગણી કરે તેમાં તો ઓળખીતા નાયકોને આનંદજ થાય. નરહરિના પિતાની મંજુરી મેળવીને તેઓ તેને પોતાની સાથે લઇ ગયા.

ચાર માસના સંસર્ગથી અને નાયકની પ્રવૃત્તિઓના નિકટના પરિચયથી નરહરિની વિચાર-સરણીમાં અજબ ફેરફાર થઈ ગયો. ભણતરનો સાચો હેતુ મનુષ્યમાત્રની સેવા કરવી તે છે એમ તેને સ્પષ્ટ સમજાયું. માતૃભૂમિને ગુલામીના બંધનોમાંથી છોડાવવી, તેને છોડાવવાના સાધન તરીકે લોકોની જીવના જોખમે પણ સેવા કરવી, રાષ્ટ્રધનના રક્ષણ અને સંવર્ધન અર્થે દેશી વસ્તુઓ જ વાપરવી તથા લુગડામાં ખાદી જ માત્ર પહેરવી આ અને આવી બાબતો માટે તેને હવે કશી દલીલોની જરૂર ન હતી. માત્ર બીજાઓને આ વાત ગળે ઉતરાવવા માટે પોતાને દલીલો કરવી પડતી ; ત્યારે પોતાને થાક લાગતો અને સામાની બુદ્ધિમાં અવિશ્વાસ જન્મતો. પોતાનો અભ્યાસ પૂરો કરવા માટે નર-હરિ પાછો આજ છાત્રાલયમાં આવીને રહ્યો હતો.

: ૩ :

શહેરની એક ધનાઢ્ય ગણાતી પોળના નાકાના મકાનમાં બપોરની નવરાશને વખતે ચાર પાંચ સ્ત્રીઓ એકઠી મળીને ગમે તેવી વાતો કરી રહી હતી.

"નિર્મળાબહેન, એ જુવાનીઆને તો હું ત્રણ ચાર દિવસથી રોજ દેખું છું."

"હા, પથારીમાંથી ઉભી થઇને દાતણ હાથમાં લઉં છું અને રવેશમાં આવું છું ત્યારે હું પણ હમણા હમણાથી એને રોજ દેખું છું. આખી પોળનો કચરો સાફ કરતો કરતો છેવટે એ મારા આંગણામાં આવી પહોંચે છે. હું કુતુહલથી જોવા લાગું એટલામાં તો એ પોતાનું કામ પતાવીને ચાલવા માંડે છે. એ દિવસથી વહેલા ઉઠવાનો પ્રયત્ન કરું છું તોય મોડું થઇ જાય છે."

"અરે પણ મારી સાથે તો એ દિવસથી વાતોયે કરે છે." પોળના છેક છેડાના મકાનમાં રહેતાં શાન્તાબ્હેન અધીરાં થઇને વચ્ચે બોલ્યાં.

"શું કહો છો શાન્તાબ્હેન? ત્યારે બોલતાંય નથી? કહો તો ખરાં? એ કોણ છે, શું કરે છે અને આપણી પોળ વાળવાં શા માટે આવે છે?"

"મારી સાથેયે આજે તો થોડી વાતો કરી." શાંતાબ્હેનના પાડોશી કાંતાબ્હેને વચ્ચેજ બોલી નાખ્યું.

"ત્યારે ભલા માણસ વાત તો કરો. અમનેયે ખબર પડે." પાસે બેઠેલી બધી બ્હેનો એક સામટી બોલી ઉઠી.

"એ ભાઇ અહીંની એક બોર્ડિંગમાં રહીને કોલેજમાં અભ્યાસ કરે છે. એનું નામ નરહરિ."

"તે એને ભણતરનું કામ નહિ હોય?"

"ના. એમણે હમણાં ભણતર છોડયું છે."

"શા માટે?"

"એ કહેતા કે પોતે હમણાં થોડો વખત આકું કામ કરવા ધારે છે."

"એનું કારણ કંઇ સમજાતું નથી."

"મને એમણે પોતાની બધી વાતો આજે જ કહી." કાંતાબ્હેન જાણતા હતા માટે વગર પૂછયે બોલવા માંડ્યાં.

"એ ભાઇ કહેતા હતા કે આ આપણો લતો પૈસાદાર છે. અને પૈસાદાર છે માટેજ પરદેશી કાપડ અને પરદેશી ચીજો વાપરવામાં શહેરમાં પહેલે નંબરે છે!"

"તે આ વાળવાને અને પરદેશી વાપરવાને શું છે?"

"જરા ધીરજ રાખીને સાંભળો જરા. નરહરિભાઇ કહે છે કે આપણેને બધાયને દરેક ચીજ સ્વદેશી વાપરવાનું કહેવા માટે કહેનારે ભારે તપશ્ચર્યા કરવાની જરૂર રહે છે."

"એ વાત તો સાચીજ છે." નિર્મળાબહેન જરા સ્વદેશી તરફ ઢળેલાં હતાં તેમણે પોતાનો મત જાહેર કર્યો.

"પરદેશી છોડી ને સ્વદેશી વાપરવાનું કહેવા માટે આપણી પાડોશમાં કેટલાયે લોકો આવી ગયા; અને દેશહિત માટે સ્વદેશી વ્રત લેવું જોઇએ તેવું સમજાવતી પત્રિકાઓ તો આપણા દરેકના ઘરમાં ઢગલા બંધ પડી છે. આમ છતાં આપણે આપણો વ્યવહાર બદલતાજ નથી.

"બરાબર એમજ વાત છે." કાંતાબહેને આગળ ચલાવ્યું. "નરહરિભાઇ પણ એમજ કહેતા હતા. તેમનો મત એવો છે કે આપણા અધાયના મન પીગળાવવા માટે અને આપણા આજનાં જીવનમાં પલટો કરી નાખવા માટે તેમના જેવા કોઇકે ભારે તપશ્ચર્યા કરવી પડશે."

"તે આમ શેરીઓ સાફ કરીને શું કરશે?"

"આપણો કચરો અને આપણી ગંદકી સાફ કરીને આપણા ઉપર હૃદયનો અધિકાર જમાવશે. એવો અધિકાર મેળવ્યા પછી આપણા કોઇના ભાર છે શું કે તેમની ખાતર તે કહે તેમ આપણે નહિ કરીએ?"

"અરે પણ જીવનપલટો કરાવવાની આ રીત તો આકરી પડે તેવી છે. બિચારો કલૈયા કુંવર જેવો જુવાન કડકડતી ઠંડીમાં એક નાનકડી ચડ્ડી તથા બાંડીયું પહેરીને આવે અને આપણી ગંદકી ઉપાડે તે આપણાથી શે જોયું જાય? હું તો એમને કાલેજ કહી દેવાની છું કે હવેથી તેમણે આવવું નહિ. અમારી શેરીઓ અમેજ સાફ કરી લઇશું."

"પણ એને આપણી શેરીનીજ ગંદકી નથી વાળવી!" શાંતાબ્હેનનું મન પણ પીગળવા લાગ્યું હતું. "એને તો આપણા ઘરનો સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને પ્રકારનો કચરો વાળવો છે. એમનો ઇરાદો આપણું માનસિક તેમજ હાર્દિક પરિવર્તન કરાવી નાખવાનો છે."

"હું તો એ ભાઇની ખાતર સ્વદેશીનું વ્રત લેવા પણ તૈયાર થઇશ." વિમળા બ્હેને જાહેર કર્યું. "મને તો એના ઉપર એટલું બધું વ્હાલ છૂટે છે કે એની ખાતર ગમે તે કરૂં એમ મનમાં થઇ આવે છે."

"તો એમને તો એટલુંજ જોઇએ છીએ."

: ૪ :

નરહરિના કેટલાંક મિત્રો આજે સાંજે શહેરની ગુજરી તરફ જતા હતા. આગળથી તેઓને

કોલેજમાં રજા હતી તેથી નરહરિનું કામ જોઇ, બની શકે તો તેમાં મદદ કરવાની તેમની ઇચ્છા હતી. ગુજરી પાસે આવ્યા અને જોયું પણ નરહરિની રેંકડી દેખાઇ નહિ. ગુજરી હજી તો ભરાતી જતી હતી. કેટલાંક વેપારીઓ આવ્યે જતા હતા. એ ત્રણ રેંકડીવાળાઓ પોતાનો સામાન ગોઠવતા હતા. બધા મિત્રો નરહરિની રાહ જોતા ગુજરીની આસપાસ આંટા મારતા હતા. પાંચેક મિનીટ નહિ થઇ હોય તેટલામાં પાસેની ગલીમાંથી બોલાચાલીનો કંઇક અવાજ આવવા લાગ્યો. કુતુહલને લીધે બધા મિત્રો ગલી તરફ વળ્યા. ગલીમાં જઇને જુએ ત્યાં તો એ રેંકડીવાળાઓ નરહરિ સાથે કંઇક વડછડ કરતા હતા. નરહરિ પોતાની રેંકડી ઝાલીને શાંતિથી ઉભો હતો. પેલા રેંકડીવાળાઓ ખીજમાં આવીને મોંટેથી બૂમો મારતા હતા પણ નરહરિ તો તેના જવાબો ઠંડે પેટે આપ્યા કરતો હતો.

"મારૂં ઘરાક તારાથી લઈ શકાયજ કેમ?"

"મેં તમારૂં ઘરાક લીધુંજ નથી. મારી ચીજો વેચવા માટે તમારી માફકજ હું પણ બૂમ પાડું છું. મારી બૂમ સાંભળી ઘરાક મારી રેંકડી ઉપર માલ લેવા આવે તેમાં હું શું કરૂં?"

"હવે જાજા બૂમવાળા. પેલી બાઇઓ મારી રેંકડી તરફજ આવતી હતી તેમને તેં ઇશારાથી તારા તરફ બોલાવી લીધી."

"ના, મેં ખાનગી કશુંજ કર્યું નથી. સ્વદેશી ચીજો લેવી હોય તો અહીં આવજો તેમ કહેવાનો મારો અધિકાર તારી ચીજ માટેના તારા કહેવાના અધિકાર જેટલોજ છે."

"હવે જોયો નહિ હોય આજ કાલનો વેચવાવાળો. બહુ જાજી તીનપાંચ કરીશ તો પછી સાં....."

પેલો રેંકડીવાળો નરહરિ ઉપર ધસવા જતો હતો તેમની વચ્ચે નરહરિના મિત્રો દોડીને આવી ઉભા.

"ખબરદાર, કંઇ કર્યું છે તો."

"મહેરબાન, આઘા ખસો. આમાં તમારૂં કામ નહિ. આ તો અમારી વેપારીઓની હરિફાઇ કહેવાય. અમારા પેટ ઉપર પગ મૂકે તે અમારાથી ન સહેવાય."

"તમારી વાત સાચી છે, પણ અમે કોઇ રસ્તે ચાલતાં વટેમાર્ગુ નથી. આ રેંકડીવાળો નરહરિ અમારો ભાઇબંધ છે."

"વેપારમાં ભાઇબંધી ન ચાલે, મારા સાહેબ."

"અમસ્તી ભાઇબંધી નહિજ. એ રેંકડીજ અમારી છે. આ ભાઇ તો હવે ઘરે જશે અને રેંકડી અમે ફેરવવાના."

"ઓત્તારી! એમ છે? તમે બધા કોલેજોમાં ભણવાવાળા, રોજ અમારી પાસેથી માલ લેવાવાળા વળી આ ધંધે કયાંથી ચડ્યા? શેઠીઆઓ, આ તમારૂં કામ નહિ. આ ધંધો છોડી દો. આમાં પેદાશ કશી નહિ અને વગર મફતનો કજીયો વ્હોરી લેવાનો."

"અમે તમને બીજી સલાહ આપીએ. અમે તો હવે આ કામ છોડવાના નથી. તમને અમારી વિનંતી છે કે તમારી રેંકડીમાંથી તમે હવે આ વિદેશી ચીજો કાઢી નાખો. સ્વદેશી ચીજોની રેંકડી ફેરવો. પછી આપણે હરિફાઇયે નહિ અને કજીયોએ નહિ."

"ભાઇ સાહેબ, તમારૂં સ્વદેશી, સ્વદેશી કરો છો પણ એ કયાં હાલે તેમ છે? સ્વદેશી માલ મોંઘો અને ખરાબ. તેમાં અમારા રોટલા ન નીકળે."

"ખોટી વાત છે. જુઓ આ પ્રત્યક્ષ પૂરાવો. આ કાતર; આ ચપ્પુ, આ દાંતીઓ, પરદેશીને ટક્કર મારે તેવાં છે અને છતાં મોંઘા નહિ."

નરહરિ એક બાજુ ખસીને આઘો ઉભો હતો. આ કોલાહલને લીધે રેંકડીઓ આસપાસ એક નાનકડું ટોળું જમા થયું હતું. આ તકનો લાભ લઇને નરહરિ એકઠાં થએલાં ભાઇબ્હેનોને સ્વદેશી-નો મહિમા સમજાવવા લાગ્યો હતો. પોતાની પાસે છાપેલી પત્રિકાઓ હતી તે વહેંચતો હતો અને સમજાવવાનું કામ ચલાવતો હતો.

હરભાઇ.

ઋણ.

ગમે તેટલા પ્રયત્નો કર્યાં છતાં રમેશને-બુદ્ધિશાળી રમેશને હજી સુધી નસીબે યારી આપીજ નહિ. કેટલીએ નોકરીઓ બદલવી પડી. છેવટે કામચલાઉ અધ્યાપક તરીકે કૉલેજમાં તક સાંપડી ત્યારે તો મનમાં એમજ થએલું કે હવે એ જગ્યા ઉપર પોતે કાયમનો થઇ જશે. એક નાનકડા વ્યવસ્થાના સવાલ ઉપર પ્રિન્સિપાલની સાથે ચર્ચા કરતાં કરતાં હસવામાંથી ખસવું થઇ ગયું અને રમેશને એ જગ્યા પણ છોડવી પડી. કુટુમ્બી જનની સંખ્યા કંઇ ઓછી ન કહેવાય. વૃદ્ધમાતા જીવતાં હતાં, અને પોતાનેજ ત્રણ દીકરી અને એક દીકરો મળી ચાર સંતાન હતાં. અત્યાર સુધીમાં નોકરીઓ મળેલી પણ તેમાંથી પોતે કશુંજ બચાવી શકયો ન હતો.

આજે સાંજે તે રિવાજ પ્રમાણે બહાર ફરવા ન ગયો. તેના મોઢા ઉપર ચિંતા મિશ્રિત કંઇક દુઃખ દેખાતું હતું. તેની પત્ની રમા ઘર કામમાંથી બહાર આવી ફરવા જવા માટે બે વખત આગ્રહ કરી ગઇ; પરંતુ "આજે કશુંજ

ગમતું નથી " તેમ કહી તેણે ફરવા જવાનું માંડી વાળ્યું. રમેશની ચિંતાનું કારણ રમા સમજતી હતી; પણ એ કોઠાડાહી ગૃહિણીએ ચિંતાના મૂળ વિષયને છેડીને રમેશના દુઃખમાં ઘા મારો કરવાનું યોગ્ય ધાર્યું નહિ.

યજ્ઞેશ રમેશનો બાલમિત્ર હતો. તેઓ એક શેરીમાં ઉછરીને મોટા થએલા, એકજ નિશાળમાં ભણેલા અને મુંબઇ શહેરમાં કૉલેજનો અભ્યાસ પણ એક છાત્રાલયમાં સાથે રહીને કરેલો. બન્ને ગાઢ મિત્રો હતા. યજ્ઞેશ વેપારી પિતાનો પુત્ર હતો. પોતાની પેઢીનું કામકાજ શીખી લઇ આજે પોતે વેપારની ધુરા સારા પ્રમાણમાં વહી રહ્યો હતો. સાંજના સાથે ફરવા જવું અને રસિક વાર્તાલાપ કરવો તથા અંગત જીવનની ખારી મીઠી વાતો કરવી એ એમનો હમેશનો વ્યવસાય હતો. હમેશના નક્કી કરેલા સ્થળે યજ્ઞેશે રમેશને આજે જોયો નહિ તેથી પોતે રમેશને ઘેર આવ્યો. ફરવા જવાને બદલે મિત્રોએ આજે ઘેર બેઠાં બેઠાંજ ગોઠડી કરી.

" પણ રમેશ, ડાકટરો ભલે કહે. મારી તો ખાત્રીજ છે કે માજીના મોતીયા ઉતરાવો તો પણ હવે એ આજે દેખે છે તેથી વધારે દેખ-

વાનાજ નથી. તેમની આંખોએ એકલા મોતીયાજ નથી! વૃદ્ધાવસ્થાની એ ઝાંખપ છે અને તે હવે જીંદગી સુધી રહેવાની."

"મારૂં મન ન માને. ડાકટરો કહે કે માજીની આંખના મોતીયા ઉતરાવવાથી તેમની આંખે ચોક્કસ વધારે દેખાશે તો મારે તેમ કરવુંજ."

"માજી એમ છેક કયાં હજી આંધળાં થઇ ગયાં છે? દવા નાખવી શરૂ રાખો. તેમ છતાંએ સાવ ઝાંખપ આવી જાય ત્યારે જરૂર વિચાર કરશું. અત્યારે આ પૈસાની મુશ્કેલીનો પણ આપણે વિચાર કરવો જોઇએને!"

"તેનો વિચાર પહેલો કરવો."

"તો શું કરવું બોલ."

"શું કેમ? રમાની પાસે પાંચસો જેટલી કિંમતનાં ઘરેણાં તો છેજ. અત્યારે તેને જરૂર વેચી નાંખી શકીએ. રમા પણ તેમાં સંમત છે."

"રમા સંમત હોય તો પણ હું સંમત નથી ને? એટલું નજીવું સ્ત્રીધન છે તેયે વાપરી નાખવું છે? એ નહિ ચાલે. તને એ વેચવા નહિજ દઉં તે ચોક્કસ."

"તો મારે માજીના મોતીયા ઉતરાવવા છે એ પણ ચોક્કસ."

"તો એમ કર. વેપારની સ્થિતિ જરા ઠીક થવા દે. એચાર મહિના પછી આપણે માજીને જરૂર લઇ જઇશું."

"તારા ઉપર પણ હવે કેટલો ભાર લાદવો?"

"એની તારે ચિંતા નહિ. યજ્ઞેશને આજે વહેલા ઘરે જવાનું હતું, તેથી એ ગયો. રમેશ પાછો એકલો પડયો. તેના મનમાં અનેક જાતના વિચારો ચાલવા લાગ્યા. અડધોએક કલાક બીજો નીકળી ગયો. રમા સહેજ અધીરી થઇ; રમેશ પાસે આવી ધીમેથી કહ્યું:

"હવે જમવા ઉઠશો?"

"હા; ચાલો."

"યજ્ઞેશભાઇ સાથેની તમારી બધી વાત મેં સાંભળી છે. તમે જો આમને આમ ફિકર કર્યા કરશો તો તો થોડા વખતમાં તમારૂં શરીર પણ બગડશે અને આજે કરો છો તેટલું કામ કરવા જેટલી પણ શક્તિ નહિ રહે."

"તું કલ્પે છે તેવી ફિકર મને છેજ નહિ. તારો મીઠો સાથ મને મળ્યો છે પછી ફિકર શાની?"

"તો પછી હવેથી કોઇની સાથે પણ આ વિષયમાં ચર્ચા નહિ કરતા. મારાં ઘરેણાંઓ વેચી

નાણાં ઘર ભેગાં કરો અને પછી અહિંના ડાકટર સલાહ આપે કે તુરતજ માજીને મોતીયા ઉતરાવવા લઇ જાઓ.” -

“હા એમજ એ તો યજ્ઞેશે વાત કાઢી ત્યારે; નહિતર હું કંઇ બોલવાનોજ ન હતો.”

“રમેશ અને રમા અંદર ગયાં.

× × ×

“ટીકીટ ઉપર શાની છાપ છે એ તો જુઓ ?” રમાએ આશ્ચર્ય સાથે અધીરાઇ બતાવી.

રમેશે ટપાલની છાપવાળુ પરબીડિયું હાથમાં લીધું અને બારીકાઇથી છાપ વાંચવા લાગ્યો.

“છાપ તો ખંભાતની છે.”

“ખંભાતમાં તમારા કોઇ જૂના દોસ્ત રહે છે ?” .

“ખંભાતમાં કોઇ હોય તેમ યાદ નથી. અમે વડોદરામાં ભણતા હતા અને છાત્રાલયમાં રહેતા હતાં ત્યારે જે જે મિત્રો મેં કરેલા તેમાં ખંભાતનું કોઇ હતું નહિ. હા, ખંભાતનો એક વિદ્યાર્થી આવ્યો હતો પણ એતો માંડ એકાદ વર્ષ રહ્યો હશે. મારે ને એને મૈત્રિ જેવું તો કશું હતુંજ નહિ.”

"પણ છાત્રાલયમાં ન હોય તેવો કોઇ મિત્ર કોલેજમાં થવાનું યાદ છે?"

"કોલેજમાં મિત્રો ખરા. પણ રમા, છાત્રાલયમાં સાથે રહેવાથી જે ગાઢ મૈત્રિ જામે છે તે એકલી શાળા કે કૉલેજમાં નથી જામતી. મારા જે ગણ્યાગાંઠ્યા મિત્રો છે તે બંધાય મારા છાત્રાલયના સહવાસના. અમારા છાત્રાલયજીવનની મીઠી વાતો મેં તને અનેક વખત કરી છે હજી પણ એ મીઠાં સ્મરણો તાજાં કરતાં થાકું તેમ નથી. આં રૂપિયા પણ..."

રમેશ પોતાનું વાક્ય પૂરું કરે તે પહેલાંજ રમા વચ્ચે બોલી.

"અને મહેશ જેવા ભાઇબંધો પણ છાત્રાલયમાંથીજ મળેલા કે?"

"રમા, મને લાગે છે કે મહેશ સંબંધે તું કંઇક અવળું સમજી હોઇશ. મહેશને અને મારે હમેશાં મતભેદ રહ્યા કરતો. એવા મતભેદને પરિણામે હમેશાં ઝગડતા. પણ એ તકરારની પાછળ અંગત વૈર બંધાયું હોય તેમ હું પોતે માનતો નથી. મહેશ પણ તેમ માનતો હોય તેવું મારું ધારવું નથી."

"ત્યારે યજ્ઞેશભાઇની વાત ખોટી? એ તો કહે છે કે છેલ્લા વરસમાં તો તમારે એવી તકરાર

જામેલી કે તમે બન્ને કાયમ માટે એક બીજાના દુશ્મન બની ગયા છો. અને તેનો પૂરાવો યજ્ઞેશભાઇ કહે છે તેમ તમે એકબીજા પછી કોઇ વખત મળ્યા નથી કે તમારી વચ્ચે પત્રવ્યવહાર સરખો પણ નથી.!"

"યજ્ઞેશ પણ ભૂલ ખાય છે. વારંવાર મળ્યા કરીએ અને પત્રવ્યવહાર ચલાવીએ તોજ સાચો સંબંધ છે તેમ માનવું એ ભૂલ ભરેલું છે. મહેશ માટે મારા મનમાં ઘણો મોટો આદર છે. તેનું સેવાભાવી હૃદય આપણા હૃદયો કરતાં તો ક્યાંયે ચઢિયાતું છે."

"તો પછી યજ્ઞેશભાઇ એમ કહેતા હતા કે તમારા છાત્રાલયના ભૂત-વિદ્યાર્થીઓનું જે સંમેલન ભરાયું હતું તેમાં તમે આગળ પડતો ભાગ લીધેલો માટેજ મહેશે તેમાં હાજરી નહિ આપેલી: તે વાત શું ખોટી?"

'એ તો વળી સાવ ગેરસમજુતિ. યજ્ઞેશ હમણા હમણાંથી આવી ગેરસમજણો ઠીક કરવા લાગ્યો જણાય છે! એ બન્ને જણા પત્રવ્યવહાર મારફત હમણાં ટપાટપીએ ચડ્યા છે. એક બીજાને કાગળો લખ્યા કરવાથી મૈત્રી થતી નથી. તેમજ ઘણી વખત તો ઉપરની એવી ટપાટપીથી એક

બીજા સંબંધેની ગેરસમજણોની પરંપરા વધવા લાગે છે. યજ્ઞેશ અને મહેશનું તેમ થાય તેવી મને બીક છે."

રમા જરા ગંભીર થઇને બોલી:

"જ્યારે જ્યારે પણ મહેશની વાત નીકળે છે ત્યારે ત્યારે તમે તેમના સંબંધે વધારે પડતું સારૂં બોલો છો. યજ્ઞેશભાઇના કહેવામાં અતિશયોક્તિ કદાચ હશે પણ સાર અસત્ય છે એમ તો કેમ મનાય?"

"રમા, મહેશને તમે કોઇ નથી ઓળખતા. અમે સાત વર્ષ જેટલો લાંબો સમય એક સાથે એકજ છાત્રાલયમાં રહીને ભણ્યા છીએ. મારો એવો પણ દાવો છે કે મહેશને મારા સિવાય કોઇએ સાચી રીતે પિછાન્યો નથી. એનો એકાકી સ્વભાવ, એની સત્યપ્રિયતા અને તડફડ કરી નાંખવાની વૃત્તિથી ઘણા લોકો એને ઉંધી રીતે સમજતા. આજે પણ એ મુંબઇમાં જે લોકો વચ્ચે રહીને કામ કરે છે તે લોકો પણ તેવીજ ભૂલો કરે છે તેવા ખબર મળ્યા છે. તમારા બધાયનો ભ્રમ ભાંગવા ખાતર મને એવો વિચાર થઇ આવે છે કે એક વખત કાં તો હું ત્યાં જઇ આવું અને કાં તો તેને હવે એક આંટો અહિં બોલાવું."

"મહેશ તરફ તમારો પક્ષપાત છે તે વાત હું જાણું છું. તે સિદ્ધ કરવા માટે તમારે આટલી બધી લાંબી દલીલો કરવાની કશી જરૂર નથી. હું તો એમ કહેવા ઇચ્છું છું કે મહેશને તમારા તરફ અણગમો છે." રમાએ પોતાનું કથન સ્પષ્ટ કર્યું.

રમા રમેશની વાત વધારે ચર્ચાસ્પદ રૂપ ધારણ કરે તે પહેલાંજ યજ્ઞેશ એકાએક ઓરડામાં પ્રવેશ્યો. તે ઉતાવળમાં હતો એમ તેના મોં ઉપરથી સ્પષ્ટ દેખાતું હતું.

"કેમ પતિપત્ની વળી શી માથાઝીક કરી રહ્યાં છો?"

"તમે ઠીક વખતસર આવી પહોંચ્યાં યજ્ઞેશભાઇ." રમાએ પોતાને ટેકો આપનાર આવેલ જોઇને યજ્ઞેશને સત્કાર્યો.

"કેમ વળી પાછી તમારે મારી મદદની કંઇ જરૂર પડી છે કે?"

"અરે, કોઇ દિવસ નથી જરૂર પડી તેવી આજે પડી છે."

રમા ઉત્સાહમાં આવી ગઇ.

"પણ અત્યારે હું નવરો નથી ભાઇ'શાબ! હું તો એમ કહેવા આવ્યો છું કે આવતી કાલે

સવારે આઠ વાગે પેલા મહીપતને મેં મારે ત્યાં બોલાવ્યો છે એ વિલાયત જાય તે પહેલાં તેના માનમાં એક નાનકડી મિત્રમંડળી બોલાવવાનો મારો વિચાર તો હતોજ: પાછળથી મને ફુરસદ મળવાની નથી તેથી એ પ્રસંગ આવતી કાલેજ યોજવો છે. તમે બન્ને સાત વાગે ત્યાં હાજર થઇ જજો."

યજ્ઞેશ ઉઠવા લાગ્યો; રમાએ તેને હાથ પકડીને પાછો બેસાડયો.

"પણ એક ખુશખબર તો સાંભળતા જાઓ; અને દોડાદોડ શી કરો છો?"

"બધી તૈયારી કરાવું ને? બોલો, શા ખુશખબર છે?"

"આ એના ઉપરજ અમારી તકરાર ચાલતી હતી. ખંભાતથી કોઇએ હજાર રૂપીઆ રમેશ ઉપર મોકલ્યા છે. કોણે મોકલ્યા છે તે ખબર પડતી નથી. હવે તો બાનો મોતીયો ઉતરાવવા થોડા રોજમાં જવાના. તમે કહી શકશો આ મોકલનાર કોણ છે તે?

"મને શી ખબર પડે ભાઇશા'બ! રમેશને તો મારા જેવા અનેક મિત્રો, કોઇ એકાદાએ મોકલી દીધા હશે."

યજ્ઞેશ. કંઇક અર્થસૂચક હસ્યો અને ઉતાવળ કરી ઉભો થઇ ઓરડા બહાર ચાલતો થયો. જતાં જતાં બોલતો ગયો: "સવારે વહેલાં આવજો હો?"

* * *

"આમ આરામખુરશીમાં પડ્યા પડ્યા વાંચ્યા કરો છો તે યજ્ઞેશભાઇને થોડી મદદ કરો તો કેવું સારૂં?"

રમેશ યજ્ઞેશના ઓરડામાં એક આરામખુરશીમાં પડયો હતો અને કંઇક વાંચતો હતો. રમા નીચેથી ઉપર આવી અને રમેશને બેઠેલો જોઇ કંઇક મદદ કરવા જવાની સલાહ આપવા માંડી. રમેશે રમાની સામે જોયું. રમેશના હાથમાંનો કાગળ રમાએ દીઠો, સામેજ પડેલાં યજ્ઞેશના ટેબલનું જમણી બાજુનું ખાનું અર્ધ ઉઘાડેલું જોયું. રમાને જરા કુતૂહલ થયું. તરતજ પાછી જવાની હતી તેને બદલે ઘડીક રોકાઇ.

"મદદ કરતાં તો જાણે કે તમને સ્ત્રીઓનેજ આવડતું હોય તેવું મિથ્યાભિમાન તમારા લોકોના બોલવામાં હમેશાં તરી આવતું હોય છે. રમા, તમારે સ્ત્રીઓએ હવે આવું મિથ્યાભિમાન છોડી દેવું ઘટે."

"મિથ્યાભિમાન છોડાવી દેવાનો એકજ સીધો માર્ગ છે. તમારે કંઇ પણ તત્વજ્ઞાન ડોળ્યા સિવાય મદદ માટે દોડી આવવું."

"યજ્ઞેશ ના કહે ત્યાં હું શું કરૂં? મને કહે બેસ હમણાં આવું છું. એ ત્યાં શું કરે છે? કાં તો તું એને ઉપર મોકલ અને નહીંતર પછી હું નીચે આવું."

"પણ આ એના ટેબલનું ખાનું કેમ ઉઘાડયું છે? અને આ કાગળ કોનો છે?"

"પડ્યા પડ્યા ટેબલનું ખાનું વીંખવાનું કુતૂહલ થયું. વીંખતાં વીંખતાં મહેશના હસ્તાક્ષરવાળો આ કાગળ હાથ લાગ્યો. હજી વાંચ્યો નથી. યજ્ઞેશની રાહ જોઇને બેઠો છું. તે રજા આપશે તો વાચીશ.

"તમારામાં કુતૂહલ દાબવાની શક્તિ ઘણી છે. પરંતુ મહેશના કાગળ પરત્વે તમે એ જીજ્ઞાસા નહિ દબાવી શકો તેમ મને લાગે છે."

"ના, એવું પણ નથી. ઘણા દિવસોથી મહેશના હસ્તાક્ષર નથી વાંચ્યા તેથી સ્હેજ ઇચ્છા થઇ આવી. અને તેં એટલું તો કબૂલ કર્યુંજ છે કે મહેશ તરફ મારો પ્રેમપક્ષપાત છે."

"હું ઇચ્છું છું કે મહેશના યજ્ઞેશ ઉપરના પત્રો તમારા પ્રેમપક્ષપાતનો ભ્રમ કોઇ દિવસ ભાંગો."

દાદર ઉપર યજ્ઞેશના પગલાંનો અવાજ સંભળાયો અને રમા રમેશે બારણા તરફ નજર ફેરવી. યજ્ઞેશે ઓરડામાં પ્રવેશ કર્યો કે તુરતજ રમેશે તેને ધમકાવ્યો.

"અહીં બેસાડીને ગયો તે ગયોજ ?"

"તેમાં તમને શો ગેરલાભ થયો છે ? યજ્ઞેશભાઇના કાગળિયા વીંખવાની નિરાંતે ફુરસદ મળી !" રમાએ યજ્ઞેશ તરફનો પક્ષપાત હળવા ભાષામાં વ્યક્ત કર્યો.

"યજ્ઞેશ રમેશની વધારે નજીક આવ્યો અને તેના હાથમાંથી કાગળ ખેંચી લેવાની ચેષ્ટા કરવા લાગ્યો.

"તારી મંજુરી વિના એ હું નહિ વાંચું. આ અક્ષર મહેશના છે. મહેશનો પત્ર વાંચવાની સહેજ જીજ્ઞાસા થઇ અને તે લીધો. હવે તું રજા આપે તો વાંચું."

"એમ કોઇ કોઇના પત્રો ન વંચાય જરા વિવેક રાખો." રમાએ રમેશને પાઠ ભણાવ્યો.

"અમારા એનો સંબંધ એમ ખોટા વિવેકનો નથી."

"રમેશ, મહેશના હસ્તાક્ષર વાંચવા હોય તો બીજો પત્ર આપું. પણ આ ન વાંચ તો ઠીક."

"તારો ખાનગી ભાગ મને બતાવ એટલે એ નહિ વાંચું. મારે કંઇ ખાનગી હોય તો તે વાંચવાની સહેજ પણ ઇચ્છા નથી."

"યજ્ઞેશભાઇ, રમેશથી તમારે એવું કશું ખાનગી હોય એમ હું પણ નથી માનતી."

સ્વાભાવિક રીતેજ રમાથી રમેશનો પક્ષ લેવાઇ ગયો.

"ત્યારે રમેશ, હવે તારાથી કંશું ખાનગી રાખી શકું તેમ નથી. મહેશની ઇચ્છાનો અનાદર કરીને પણ તને એ પત્ર વાંચવાની છૂટ આપું છું. તું જરા મોટેથી વાંચ એટલે રમા પણ સાંભળે."

રમેશ પત્ર વાંચવા લાગ્યો.

"પ્રિય યજ્ઞેશ,

આ પત્ર ઉતાવળમાં લખું છું તેથી જરૂર પૂરતુંજ લખી શકું તો માફ કરજે. તેં ઉપાડેલી લગ્ન જીવનની ચર્ચા ઉપર મારે ઘણું ઘણું કહેવાનું છે. મારી ખાત્રી થતી જાય છે કે રમેશે તારા વિચારમાં ઘણું પરિવર્તન કરી નાખ્યું છે. પણ તમે બન્ને ભૂલ કરો છો. તું કંઇ પણ

ઝેવરનું પગલું લે તે પહેલાં મારી દલીલો બરાબર સમજી લેજો. આ ઉપર આઠ દિવસ પછી વધારે લખીશ.

આ પત્ર લખવાનો હેતુ તો એટલોજ છે કે આજથી દશેક દિવસ ઉપર એક હજાર રૂપિયાની નોટ મેં રમેશ ઉપર રજીસ્ટરથી મોકલી છે તેને કશી ગંધ ન આવે એટલા માટે મેં તે કાગળ ખંભાતથી રવાના કરેલો. એક મિત્રને ત્યાં ખંભાત જવાનો પ્રસંગ બનેલો, તે તકનો લાભ લીધો. એને એ પૈસા બરાબર પહોંચ્યા છે કે કેમ તેની જરા આડકતરી રીતે તપાસ કરીને મને તુરત લખજો. જોજે રમેશને જરા પણ ખબર ન પડી જાય.

બસ, આજે હવે વધારે નહિ.

મહેશ."

પત્ર પૂરો થયો. રમેશ રમાની સામે જોઇ રહ્યો. તેના મોઢા ઉપર સ્મિત હતું. રમાએ મહેશની સામે એક નજર નાખી આડું જોયું. તેના મોઢા ઉપર આશ્ચર્ય અને મૂંઝવણ હતાં. યજ્ઞેશ આ બન્ને જોઇ રહ્યો હતો. તેના મોઢા ઉપર સંતોષ અને આનંદ પથરાઇ રહ્યા.

હરભાઇ.

જુવાનના તરંગો.

: ૧ :

તા. ૯-૨-૧૯....

ગૃહપતિ .....ભાઇ છે તો મજેના. એમના આવ્યા પછી જે કેટલાક મહત્ત્વના ફેરફારો છાત્રાલયમાં થયા છે તે થવાનો સંભવ ન હતો. પણ આવું ઘેલું તેમને કોણે શીખવ્યું હશે? પેલા રામપ્રસાદનું કામ લાગે છે. નહિતર વિદ્યાર્થીઓની ટપાલ ફોડવાનો અળખામણો વિચાર તેમના મનમાં કદિ પણ ન આવે. છાત્રાલયની આવી કઢંગી રીતને લીધે જ મારે હવે કોલેજના શિરનામે પત્રો મંગાવવાના કે? છાત્રાલયની આવી રીતો ક્યાં સુધી સહન કરવાની?

પણ એ વાતનો વિચાર હમણાં નહિ કરું આજે તો મારી પત્નીના કાગળે મને અસ્વસ્થ કરી મૂક્યો છે. શું એની ભાષા? કેવા એના વિચારો? કેવી એની જોડણી? અરે પ્રભુ, આ હિંદુસંસાર તો આજના જુવાનોનું સત્યાનાશ વાળવા બેઠો છે. એનાં માબાપે તો એને ન ભણાવી પણ આ મારાં માબાપને પણ ખબર

નહિ પડતી હોય કે દીકરો કોલેજમાં ભણે છે તો તેની વહુનામાં કંઇક લાયકાત લાવવા માટે તો ભણાવવાનો પ્રબંધ કરીએ ?

ત્યારે મારે શું કરવું ? વડોદરા કે મુંબઇ મોકલાવું ? પણ પૈસા કોણ આપે ? ત્યારે ઉંધું ચાલીને આ બધું સહન જ કર્યે જવું ? હજી એને પૂરો કાગળ લખતા નથી આવડતો. કયાંઇક વાકય અધૂરૂં રહ્યું છે તો કયાંઇક કર્તા કે ક્રિયા-પદ જ નથી લખ્યું ! કયાંઇક કાનો માત્રા ઉડી ગયાં છે તો કયાંઇક હ્રસ્વાઇ, દીર્ઘાઇ ઉડીને બીજા કોઇ અક્ષરને વળગ્યાં છે ! આટલા ઉપરથી હું સમજી શકું છું કે તેને તૈયાર કરવા માટે કેટલી દરકારની જરૂર છે. પણ એ એ દરકાર કોણ રાખે ? સાસુ સસરા પરણાવીને છૂટી ગયાં; અને આ માબાપે પણ દીકરાની વહુને ઘરે લાવવાનો લ્હાવો મ્હાણી લીધો ! હવે તો બાને માટે આરામ લેવાના દિવસો ગણાય એટલે વહુને માથે જ ઘરનો બધો કારભાર હોય ને !

ત્યારે આ વહુના વરનું શું ? એનો અભ્યાસ આગળ ન ચાલે તો મારો ભાવી સંસાર નિરસ અને કડવો થઇ જાય. એનો અભ્યાસ આગળ ચલાવવાં માટે હું નિઃસહાય છું. ત્યારે રસ્તો શો ?

જુવાન દીકરાના મનોરથો ન સમજતાં અથવા તો દીકરાની જીવનસૃષ્ટિનો ખ્યાલ પણ ન કરી શકતાં હોય તો પછી તેમને બધા સર્જવાનો અને પોષવાનો અધિકાર તાંથી મળે છે ?

હાલ તુરત તો એકજ માર્ગ—મારે મારો કોલેજનો અભ્યાસ ઉંધું માથું ઘાલીને પૂરો કરવો એને ઘરના કામમાં દટાઇ જવા દેવી અને પછી સ્વતંત્ર ગૃહસંસાર રચવાનો સમય આવે ત્યારે બધું બળ ખરચીને પણ મારે જ એને તૈયાર કરવી, પ્રભુ એ નિશ્ચય ટકાવી રાખે.

: ૨ :

તા. ૧૭-૨-૧૯...

મારા ગૃહપતિ સાહેબ તો એમ સમજે છે કે હવે મારી પત્નીના પત્રો આવતા બંધ થયા છે; પણ આજે આ તેનો કૉલેજના શિરનામાનો પાંચમો પત્ર છે. મારા જેવડા મોટી ઉંમરના વિદ્યાર્થીઓ ઉપર આવા પ્રતિબંધો મૂકીને મોટેરાઓ શો ફાયદો ઉઠાવવા ઇચ્છતા હશે ? તેઓ માને છે કે જુવાન વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ઘડવા માટે તેમણે ખૂબ કાળજી રાખવાની હોય છે. અને જુવાને ઉપર ખૂબ નિયમન મૂકવાનું હોય છે. તેમને એ

કોણ સમજાવે કે આવાં નિયમનોથી કયાંઇ પણ ચારિત્ર્ય ઘડાતાં નથી! જે વસ્તુ હું અત્યંત નિખાલસતાથી કરી શકત અને જે બાબતમાં હું મારા ગૃહપતિની પોતાની સલાહ લઇને ચાલી શકત તે બાબતે આવા નિયમનથી કેવું સ્વરૂપ પકડયું છે તેની તેમને શી ખબર પડે? હું માનું છું કે જુવાનીના આ કાળમાં પણ પત્નીના વ્યવહારમાં સમજુ વડીલ ઘણા સરસ માર્ગદર્શક થઇ પડી શકે, મારોજ દાખલો લઉં તો મને તો આજે સહાનુભૂતિવાળા અને સમજુ વડીલની ખૂબજ જરૂર જણાય છે. મારી પત્નીનો એકેએક પત્ર અનેક પ્રશ્નો અને મૂંઝવણોથી ભરપૂર હોય છે. તે પ્રશ્નો ઉકેલવાના કે મૂંઝવણો ટાળવાના પ્રયત્નો કરૂં છું તેમ તેમ તો કોકડું વધારે ને વધારે ગૂંચવાતું જાય છે. પણ મને કોણ માર્ગ સૂઝાડે? માબાપને તો વાતજ ન કરાય. બિચારી બૈરીને પત્ર લખવા માટે પણ કોઇ પાડોશીની દયા ઉપર જીવવું પડે છે! આવી સ્થિતિ હોય ત્યાં માબાપ તો સાવ નકામાંજ હોય તેમાં શી નવાઇ? મારે ગૃહપતિ તરફનું દ્વાર પણ બંધ! અને કૉલેજના પ્રોફેસરોને તો આવી અંગત વાતોમાં પડવાની ફુરસદજ કયાંથી હોય? મિત્ર શોધવાની ખૂબ મહેનત કરૂં

છું પણ સન્મિત્રોયે કયાં રેઢા પડ્યા છે? પત્ની બિચારી સ્વર્ગી વિહોણી છે તેનો પોકાર તો રોજ ચાલુજ છે. ત્યારે હવે અમારે કરવું શું? પ્રભુ સૂઝાડે તે માર્ગે ચાલ્યા જવું. અરેરે! હિંદુ સંસાર કેવો વિચિત્ર છે?

: ૩ :

તા. ૨૭-૨-૧૯...

આ ગૃહપતિ સાહેબ કેવા વિચિત્ર ખ્યાલો ધરાવે છે તેની કશીજ ગમ પડતી નથી. મારા મનમાં તો એમ કે આ પ્રસંગવશાત્ મારી પત્ની શહેરમાં આવી ચડી છે તો તેનો ખૂબ લાભ લઇ લઇશ. મારૂં છાત્રાલય તેને બતાવીશ; મારા મિત્રો સાથે ઓળખાણ કરાવીશ, મારે રસોડે જમાડીશ; શહેરનાં સુંદર સ્થળો જોવા તેડી જઇશ; શિક્ષણની બાબતમાં કંઇ નથી થઇ શકયું તો પણ આવા આવા કાર્યક્રમો ગોઠવી જીવનનો લહાવો લઇશ અને પરણિત જીંદગીનો કંઇક રસ જરૂર લૂંટીશ! પણ આ સાહેબ તો ભારે નીકળ્યા. તેમનું ખરૂં પોત તો આજેજ પ્રકાશ્યું? છાત્રાલયમાં એને આવવાની પણ બંધી! બહું સહન થયું છે પણ આ સહન થઇ શકે તેમ

લાગતું નથી. મેં તો મારી પત્નીને અનેક આશાઓ આપી છે. મારા ગૃહપતિ તો તેને મળવા જવાની પણ બંધી કરે છે. અને સાથે ફરવા હરવા તે કેમ જવાય? વિદ્યાર્થી અવસ્થામાં આવા ચાળા કરવા તે ન શોભે! અરેરે, બિચારો ગૃહપતિ પોતાનો જુવાનીનો કાળ પણ ભૂલી ગયો જણાય છે!

ત્યારે શું મારે મારી સ્ત્રી પાસે ભોંઠા પડવું? તેને ફરવા હરવા તો ન લઇ જવી? પણ તેને મળવું પણ નહિ? ના, ના. તે કદિ પણ નહિ બને. મેં તો મારો જે કાર્યક્રમ નક્કી કર્યો છે તે પ્રમાણેજ વર્તીશ. આજ સાંજથીજ તેનો અમલ. ગૃહપતિ એને આ છાત્રાલયમાં ન આવવા દે તો એ એની મુનસફીનો પ્રશ્ન છે. મારે તે પ્રશ્નની સાથે જરા પણ લેવાદેવા નથી. પણ મારી પોતાનીજ બૈરીને મળવાની પણ બંધી? અને તેની સાથે મારાથી ફરવા હરવા ન જવાય? જાઓ જાઓ, એ કાર્ય કદિ પણ નહિ બને. ગૃહપતિને તે ન પોસાય તો ભલે મને રજા આપે. હું મારૂં ફોડી લઇશ. પણ જુવાનના લગ્નજીવનની આડે આવવાનો કોઇને કશો પણ અધિકાર નથી. બસ, આજ સાંજથીજ શરૂ. જોઉં છું શું થાય છે.

૪-૫-૧૯.

આખું સત્ર આ વખતે તો છાત્રાલયમાં ખૂબ ખરાબ ગયું. બાકી રહ્યું તું તે ચાલતી વખતે છેવટે પણ પેલા ડાકોરીયા સાથેનો પ્રસંગ બની ગયો અને કડવા બની રહેલા છાત્રાલય જીવનને વધારે કડવું બનાવતો ગયો. આવતા સત્રની શરૂઆતમાં છાત્રાલયમાં જતાંવેંતજ એ બાબતની સ્પષ્ટતા તો ગૃહપતિ સાથે કરી લેવી પડશે કે ફરીથી એવા પ્રસંગો ઉભા થવા ન પામે અને ગેરસમજુતોની પરંપરા ન વધે.

ટ્રેનમાં મીસ શાંતાની કંપની બહુ સુખપ્રદ નીવડી. આખી ટર્મની ગમગીનીનું સાટું એ વીશ કલાકમાં વળી ગયું. મીસ શાંતા કેટલી ચંકાર સુવતી છે? અમારી કોલેજના પેલા ગણીતના પ્રોફેસરના નામાંકિત બનાવ ઉપર તે કેવાં reflections નાખતી હતી? કોલેજનાં એ વર્ષો ન કરી શકયાં તે ટ્રેઇનના વીશ કલાકે કર્યું. હવેથી મીસ શાંતા મારાં પરમ સ્નેહી બન્યાં છે.

મુંબઇની કોલેજોનું વાતાવરણ પણ આટલું બધું સંકુચીત હશે તેમ નહિ ધારેલું. વર્ગમાં એક બીજા સ્નેહી મિત્રો વાતો પણ ન કરી શકે? મારો અને મીસ શાંતાનો આ સંબંધ બંધાયો

તો હવે અમારે કોલેજમાં એક બીજાને મળવું પણ નહિ? આ જૂના જમાનાના માણસો નવા જમાનાને ઓળખતાં કયે દિવસે શીખશે?

આવતી કાલે મીસ શાંતાનો પત્ર આવવોજ જોઇએ. એ પણ કેવાં? એમના પત્રની હું કેટલી આતુરતાથી રાહ જોતો હોઇશ, તેની પણ તેમને ખબર નહિ હોય? આવતી કાલે જો પત્ર નહિ આવે તો તો પછી મારે તેમને તાર જ કરવો પડશે.

તા. ૫-૫-૧૯...

અરેરે! હિંદુસમાજ કેટલો વહેમી છે? અને તેમાંએ સ્ત્રીઓની સ્થિતિથી તો તોબા! સ્ત્રીઓને આપણે સમાન હક્ક આપવાની વાતો તો કરીએ છીએ પણ તેઓ તેવા હક્કને લાયકજ ક્યાં છે? મારાં શીરનામાનો પત્ર મારી પત્નીને ફોડવાની શી જરૂર હતી? એણે મારી પાસે માગણી કરી હોત તો હું જરૂર તેને વાંચવા આપત; પણ આમ હું ગેરહાજર હોઉં ત્યારે ટપાલ આવે અને તેમાંથી મારા શીરનામાનો પત્ર ફોડાય એ તો કેવડા જંગલી!

એને પત્ર વાંચ્યા પછી એ આટલી બધી ખુશ થઇ છે શું કામ? મીસ શાંતાના પત્રમાં એવું છે પણ શું કે તેને આટલું બધું મોઢું ચડાવવાનું મળે છે? હા, કદાચ પેલું સંબોધન હશે. પણ

તેમાં શું? My dear love—મારા વ્હાલા એ સંબોધન જૂના મનને જરા વિચિત્ર લાગતું હશે; પરંતુ નવા જમાનામાં તો હૃદયના પ્રેમનું એ દ્યોતક છે. આ તો પોતે તેટલા પ્રેમથી બોલાવી શકે નહિ અને મિત્રોના પ્રેમની ઇર્ષ્યા કરે! સ્ત્રીઓના અને ખાસ કરીને જુવાન સ્ત્રીઓના સંસારમાં ધૂળ મેળવનાર આ ઇર્ષ્યા જ છે. હિંદુ સંસારમાં આજે ભાગ્યેજ એવી સ્ત્રી જોશો કે જેને પોતાના ધણીની ઇર્ષ્યા નહિ આવતી હોય અને તેના તરફ સાશંક નજરથી નહિ જોતી હોય. આ પરિસ્થિતિ ભારે હાનિકર્તા છે. તેમાંથી હવે આપણે જુવાનોએ તો નીકળીજ જવું જોઇએ. મારી પત્નીને થોડાએક આઘાતો શરૂઆતમાં લાગશે તો ભલે લાગે; પરંતુ મારે તેને બતાવી આપવુંજ જોઇએ કે જુવાનોને આવી મૈત્રીમાં ઓર આનંદ આવે છે. પોતાના જીવનમાં જે કંઇ ખૂટતું અમને જણાય છે તેનું ઘડતર અમે આ રીતે વાળી લેવા માગીએ છીએ.

આજે રાત્રે આ વિષય ઉપર એની સાથે ખૂબ ચર્ચા કરી લઉં અને પછી મીસ શાંતા આવે ત્યારે સાથે બેસીને ચર્ચા કરશું. મારી પત્નીને ઉદાર ચિત્ત બનાવવી એ પહેલું કામ હું મીસ શાંતાને માથે નાખીશ.

૬-૫-૧૯...

આ ઘરમાં તેં શું થવા બેહું છે? એવકુફ બાયડીએ બાને વાંત કરી અને ઘરમાં મોટો હોળો પેઠો. અજ્ઞાન બાયડીઓ પોતાનું આમજ બગાડે છે. મારા જેવા જુવાનીયાઓને છૂટા છેડાનો માર્ગ લેવો પડે તો હવે મને દોષિત નહિ ગણી શકે.

બાએ તો ભારે કરી! મીસ શાંતાને અહીં આવવાનીજ બંધી! ઘરે ઉતારો આપું તો મા અપવાસ આદરે અને સ્ત્રી ધાંધલ મચાવે! હે પ્રભુ, આ હિંદુસંસારમાંથી તો હવે વહેલો છોડાવ. મારા મનમાં તો કંઇ કંઇ મનોરથો ભર્યા હતા. મીસ શાંતાને ચાર પાંચ દિવસ શાંતિથી રાખીશ; ગોમતી જેવા જેવી સુંદર સુંદર જગ્યાએ તેડી જઇશ; સાંજની સહેલગાહો ગોઠવીશ; વનભોજનના લહાવા લઇશ; મિત્રોને ત્યાં પીકનીક યોજીશ વગેરે વગેરે. આજે અમારાં સ્વપ્નાંઓ તૂટી પડતાં લાગે છે. મીસ શાંતા મારો આ ઘરસંસાર જુએ તો પણ મારી સાથેના મૈત્રિ બંધ કરે. મને તે કેમ પોસાય? ત્યારે હવે શું કરવું?

ઘરમાં તેડાવીને ફજેતો કરવો એ ઠીક નહિ. કોઇ મિત્રને ત્યાં ઉતારો અપાવું? ના, એમ કરવાની પણ મન ના કહે છે. ત્યારે?

હા, ઠીક યાદ આવ્યું. સ્ટેશન ઉપરજ જમીયતરામ મહારાજની વીશી છે તેના ઉપરના માળ ઉપર ખાસ વ્યવસ્થા કરાવું. જમીયતરામનો છોકરો મારો ભાઇબંધ છે તેનો લાભ લેવા દે. હું પણ બે ચાર દિવસ મીસ શાંતા સાથે ત્યાંજ રહીશ. મીસ શાંતાને કહીશું કે ઘરમાં મહેમાનોની ભરતી ખૂબ છે તેથી આપણને ફાવે તેવું નથી માટે આ ખાસ મગરૂડ કરવી પડી છે. ત્યાં રહ્યા રહ્યા જે કાંઇ ગોઠવણો કરવી હશે તે ખુશીથી થઇ શકશે, અને ઘરના કકકાસથી બચી જવાશે. મારી સ્ત્રીની પૂછપરછ તો એ જરૂર કરશે પણ તેમને કહીશું કે સ્ત્રીને અચાનક તેનો ભાઇ ખૂબ બિમાર થઇ જવાનો તાર આવવાથી બિયર જવું પડયું છે. બસ આમલો પાર ઉતરી જશે !

ચાલો ત્યારે મિત્રોને ખબર કરૂં અને આ બધી ગોઠવણમાં તેમની કાંઇક મદદ લઉં.

તા. ૯-૫-૧૯...

મારે જબરો ગોટાળો થઇ જાત. પાર્કના બીજા દરવાજાથી નીકળી ગયાં તે ઠીક થયું. બનતાં સુધી તો મીસ શાંતા કશુંજ સમજ્યાં નથી. પણ જો સમજી ગયાં હશે તો તો મૈત્રિ તૂટીજ સમજવી.

પણ એને આ શું સૂઝયું? હિંદુસંસારનાં બૈરાં ખરેખર તોબા! એને કહ્યું કોણે હશે કે અમે સાંજના પાર્કમાં ફરવા જવાનાં છીએ? આપણાં બૈરાંઓ આમ દેખીતી રીતે તો શરમાળ અને બહુ ઓછાબોલાં કહેવાય છે તો પછી પાર્ક જેવા જાહેર સ્થળમાં એણે આવડી મોટી રાડો પાડી તેનું શું? અને બૂમો પણ કેવી? "એ રાંડ મારી શોકય! કોકના ધણીને ઉપાડી જતાં..." અરે, મને તો ડાયરીમાં એ બધી ગાળો ઉતારતાંયે શરમ આવે છે. અને એ એટલેથી પણ ન અટકી તે જઇને બા બાપુ પાસે ગમે તેમ ભરાવ્યું લાગે છે. નહિતર બા આટલાં બધાં રૂએજ નહિ. આંખમાંથી ધાર ખેંચતાં નથી. અને બાપુ તો પોતાનું મોઢું હવે સમાજમાં દેખાડતાંજ શરમાશે તેવું કહ્યા કરે છે. પણ મેં એવું તે શું કર્યું છે? મારી કોલેજના કોઇ મિત્ર સાથે બે ઘડી ફરૂં હરૂં, હસું બોલું તે કંઇ પાપ ગણાતું હશે? આટલી નજીવી બાબતમાં આ બધાં આટલાં બધાં હેરાન હેરાન કેમ થઇ ગયાં હશે?

પણ હવે તે બધાંને વાળવાં શી રીતે? બૈરી તો હું તેની પાસે જાઉં છું કે ઘૂંઘટો તાણીને રોવાજ બેસે છે; બા તો સાવ મુંગીજ થઇ ગઇ

હોય તેમ મૂઢની માફક ખાધા પીધા વિનાં બેસી રહી છે; અને બાપા ઓછામાં ઓછો વખત ઘરમાં હવે ગાળે છે. મીસ શાંતા આવ્યા પછી એક પણ શબ્દ બાપા મારી સાથે બોલ્યા નથી. આ બધાનો ઉપાય શો?

કોલેજ ઉઘડવાને તો હજી બાસો દોઢ માસ બાકી છે. પણ હવે અહીં પેટ્ટ બાળવા કરતાં હું તો મુંબઇજ જાઉં અને છાત્રાલયમાંજ બાકીનું વેકેશન પૂરું કરું.

તા: ૫-૬-૧૯...

જ્યારે ચિત્ત આનંદમાં હોય છે અને આસપાસનું વાતાવરણ સંતોષકારક હોય છે ત્યારે કેવા સરસ વિચારો આવે છે? અને કોઇ કોઇ વાર એજ મનમાં અતિ ભયંકર વિચારો સ્થાન મેળવે છે! ઘણીએ વાર પાછળથી એ વિચારો યાદ આવે છે ત્યારે મારાથીજ માની નથી શકાતું કે એ વિચારો મારામાં ક્યાંથી પ્રવેશ્યા? ઘણી વાર શૂન્યાકાશની જેમ હું પણ મૂઢની માફક બેસી રહું છું અને ચિત્તપ્રદેશ વિચારમુક્ત હોય છે.

આ બધાનું શું પરિણામ? વિચારોને જેમ આવે તેજ રીતે જવા દેવા? તેમાંના સારાનરસા

વિચારોનું પ્રથક્કરણ કરીને પ્રગતિને પથે કેમ ન જઇ શકાય? મારા માનસિક રોગોનું ઔષધ હજી વૈદ બનીને કેમ ન શોધું? વિચારો આવે ને જાય પણ તે બહાર ન પડે ત્યાં સુધી અંતરમાં અત્યંત અસંતોષ રહી જતો હોય તેમ ઘણી વાર ભાસે છે. કોઇની પાસે દિલ ખોલીને સારાનરસા વિચારો વ્યક્ત કરવાનું બહુએ મન થાય છે પણ કોની પાસે એ વિચારો કહી બતાવું ને હળવો થાઉં?

જુવાનીમાં તોફાન અને મસ્તી સ્વાભાવિક છે. જુવાનો ઉકળતા, ઘણઘણતા, ઉભરાતા, ધુંધવાતા, ફફડતા, ગુંગળતા હોય છે. બાળકમાંથી સીધા કંઇ માણસ થઇ જવાય? જુવાની એ બેની વચ્ચેનો સંધિસમય છે. જુવાનોથી ચાલુ સમાજવ્યવસ્થા, દેશની ગુલામી કે વડીલો અને માબાપની સંકુચિત વૃત્તિ સહન નથી થઇ શકતી. જ્યાં ને ત્યાં તે પોતાના વિચારો અને વિરોધો બહાર પાડવા મથે છે; પણ તેને કોઇ સાંભળતું કે ઉત્તેજન આપતું નથી. ઘણી વાર તેને સાંખી લેવાને બદલે સામેથી ઠપકો મળે છે, તો ઘણી વાર તેની મશ્કરી પણ થાય છે. એવું થાય છે ત્યારે ઉકળતા, ઉભરાતા જુવાનો ધુંધવાયા કરે

છે. કોઇ નબળા પોચા હોય છે તે ફફડે છે અને ઘણી વાર ગુંગળાઇ જાય છે.

તા. ૬-૬-૧૯...

માબાપો અને તેનાં સંતાનો વચ્ચેનો સંબંધ કેવળ પ્રેમનો અને મમતાનો છે. સલાહ અને શીખામણ આપવી એ એમનું કર્તવ્ય છે. પણ તેમણે પોતાના પુત્ર કે પુત્રીની ઇચ્છાઓ-મહત્ત્વાકાંક્ષાઓ અને આદર્શો જાણવાનો પ્રયત્ન પણ સાથે સાથે કરવો જોઇએ.

ઘેર આવ્યો તેને બીજે દિવસે મને શું મળ્યું? ઉત્સાહભેર આનંદથી ઉછળતો હું ઘેર આવ્યો અને મેં અહીં શું જોયું? મારે જે ઉત્તેજન અને વ્હાલના બે શબ્દો જોઇતા હતા તે પણ ન મળ્યા! મને ખાવાનું નથી જોઇતું; મને પૈસા નથી જોઇતા. મને નથી જોઇતો મોજશોખ, વૈભવ કે ગાડીઘોડા. કંઇએ મારે તો નથી જોઇતું. મને જો કોઇ સાચી રીતે સમજી પિછાની શકતું હોય અને આ રીતે મારી ઉણપો પૂરી શકતું હોય તો તેજ મને તો ગમે. એથી વિશેષ કરવા માટે હું ઝંખતો નથી.

માબાપ ઇચ્છે છે કે છોકરાઓ વિનયી થાય, આજ્ઞાંકિત થાય અને છતાંયે હુશિયાર, ચાલાક

અને બહાદુર થાય. પણ એ બધી વસ્તુઓ કઈ જગ્યાએથી આવે? એ વસ્તુઓ જોઈતી હોય તો પણ કંઈ એકદમ મળે છે? મહેનતથી, ખંતથી અને પ્રેમપૂર્વક એ વસ્તુઓ સંતતિમાં ઉતારી શકાય એ માબાપ કેમ ભૂલી જાય છે? આ જમાનો બંડનો છે. ચારે બાજુ બંડ અને બળવોજ દેખાય છે. ધરમાં, સમાજમાં, દેશમાં, જગતમાં બધેય જૂનું તોડી નવું કરવાની પ્રબળ વૃત્તિ દેખાય છે. હજી તો જૂનું તૂટયું નથી એટલે પહેલું કામ તો ભાંગતોડ અને ભાંગફોડ કરવાનુંજ છે. ઘરમાં જ્યારે જ્યારે આવું બને છે ત્યારે ત્યારે બંડખોર વૃત્તિ એકદમ જુવાનના હૃદયમાં જોર કરી ઉઠે છે.

તા. ૭-૬-૧૯...

ગદ્ધાપચ્ચીશીની વાત વડીલો પાસેથી મેં પહેલી વાર સાંભળી. જુવાનની લાગણીઓ અને જુવાનની આશાઓને આ ગદ્ધાપચ્ચીશીની મૂર્ખાઈઓ અને બાલિશતા સાથે સરખાવતાં વડીલોને કંઈએ નહિ થતું હોય? જો જુવાનની મોટી આશાઓને અને સ્વતંત્ર વિચારોને ગદ્ધાપચ્ચીશીનાં ગાંડપણ ગણીને ઉતારીજ પાડવાં હોય તો પ્રેમ અને વ્હાલની મિથ્યા વાતો શા માટે કરવી?

૧૬ થી ૨૫ વર્ષ સુધીની આ અવસ્થાને બધા કેમ ધુતકારી કાઢે છે અને એની મશ્કરી કરે છે? એજ અવસ્થામાં માણસ પોતાનું ચારિત્ર્ય ઘડે છે અને ભવિષ્યનું પોતાનું કર્તવ્ય નક્કી કરે છે. એ અવસ્થામાંથી પસાર થતી વખતેજ બાળકમાંથી માણસ થવાય છે. એજ આખા જીવનનો સુંદરમાં સુંદર સમય છે કે જ્યારે સર્જન-શક્તિ ખીલે છે અને સર્વત્ર આનંદ પ્રવર્તતો હોય છે. ૨૫ વર્ષ પછી જીવનમાં પ્રવેશ કરવાનો સમય આવે છે અને જ્યારે બધા દુઃખોની સામે થવાનો પ્રસંગ આવે છે ત્યારે માણસ સહેજે શાંત બની જાય છે. તેની ઘણી ખરી આશાઓ અને સ્વપ્નાંઓ ભાંગી પડે છે, અને તે એક સામાન્ય માનવીની માફક સમાજની ધુંસરીએ જોડાઇ જાય છે. જો આ ગદ્ધાપચ્ચીશીમાં જુવાને પોતાના વિચારો મક્કમ કર્યા હશે અને પોતાની જાતને, આવતા દુઃખ માટે તૈયાર કરી હશે તો આ વર્ષ પછી ત શાંત નહિ થાય. જે જુવાન ૧૬ થી ૨૫ વર્ષ સુધીમાં પણ છોકરીની માફક ઘરને ખૂણે શાંત અને ઠંડો બેસી રહેશે તે ૨૫ વર્ષ પછી જરૂર કચરાઇ જશે અને કોઇ તેનો ભાવ નહિ પૂછે. હું આ ગદ્ધાપચ્ચીશીની વાતમાં

જરાય માનતો નથી. એવી મૂર્ખાઇ ભરેલી વાતો માનવા જેટલો હું મૂર્ખ નથી. મને એ વાતમાં શ્રદ્ધાજ નથી.

જ્યાં સુધી હું વિચાર અને આચારમાં શુદ્ધ છું ત્યાં સુધી કોઇની તાકાત નથી કે મને કંઇએ કહી શકે. જો ઇશ્વર જેવી કોઇ ચીજ હોય તો તે પણ આની સાક્ષી પૂરશે. મને કોનો ડર? કોનો ભય? મારે તો સીધાજ ચાલ્યા જવું છે. પછી ભલે ગમે તેટલાં સંકટો આવે. મારે સહેલો માર્ગ નથી જોઇતો; સીધો જોઇએ છીએ.

તા. ૧૯-૬-૧૯...

મંગળવારે લખવાનું શરૂ કર્યું અને તેજ વખતે શ્રી.....ભાઇના ગ્રેજ્યુએટ પુત્ર મળવા આવ્યા. બી. એ. પાસ થઇને પણ શું કરવું? પરિણામ આવ્યા પછીજ તેને માટે ખરી મૂંઝવણ શરૂ થઇ છે. આજના એવા નિર્બળ જુવાનો માટે કરુણા સિવાય બીજું કશું માગ હૃદયમાં નથી. તેમની તો દયાજ આવે છે! એ હવે શું કરશે? મજુરી તો આવડે નહિ ત્યારે કોઇ સ્કૂલમાં માસ્તર થશે કે કોઇ ઓફિસમાં કારકુન થશે. બીજું એનાથી શું થઇ શકે તેમ છે? તેની શરીરસંપત્તિ પણ ક્યાં સારી છે? આજની

આખીયે શિક્ષણ પદ્ધતિ સડેલી છે. અને દેશ ગુલામીમાં છે ત્યાં સુધી આ સ્થિતિ નહિજ સુધરે. કોઇ જગ્યાએ ચેતન નથી, ઉત્સાહ નથી. જ્યા જોઇએ ત્યાં આર્થિક દબાણમાં માણસો કચડાતાં દેખાય છે, અને પેટ માટે ગમે તે કરવા તૈયાર થઇ જાય છે! જાતને વેચે છે, અંતઃકરણને પાયમાલ કરે છે અને માનસિક દૃષ્ટિએ અતિશય નીચી કોટિ ઉપર જાય છે; હિંમત રહેતી નથી અને દૃષ્ટિ સંકુચિત થતી જાય છે. પછી તે realities of life સાથે સમાધાન આદરે છે, અને તેનું મરણ થાય છે. આ આપણા જુવાનો! આ આપણા ગ્રેજ્યુએટો! આવું અપમાન અને આવું દુઃખ સહન કરવા કરતાં આપઘાત કરે તો પણ સારૂં નહિ? અને બાળલગ્ન? એ ભૂત તો કોઇને છોડતુંજ નથી! તે બિચારાનાં લગ્ન ત્રણ વર્ષ ઉપરજ થયાં છે. હવે એ લગ્નના બંધને એને કેદીજ બનાવી નૂકયો છે. તે શું કરશે? એ જુવાન તારી આ દશા?

* * *

કાલે સાંજે ...ને ત્યાં જમવા ગયા હતા. જમવામાં મજાજ ન આવી. જમવાનો રિવાજ બહુ જૂનો છે, પણ મને તે ગમતો નથી: સરખે

સરખાં એકઠાં થઇ જમતાં હોય, લહેર કરતાં હોય તો તો ઠીક, પણ આમ જે આવે તેને ભેગાં કરી ભોજન કરવું તેમાં શી મજા?

કાલે સાંજના બહુજ માથું દૂખતું હતું. રાત્રે.....ને ત્યાં ભોજનનું આમંત્રણ હતું. ભોજનમાં શીખંડ મુખ્ય હતો: બીજી પણ ઘણી વાનીઓ હતી. શીખંડ તો મારાથી ખવાયોજ નહિ મને ખાવાની કોઇ વસ્તુ ઉપર 'બહુ ખાઉં' તેવો ભાવ તો થતોજ નથી! જુદી જુદી વાનીઓ ગમે પણ થોડુંક ખાઉં એટલે સંતોષ થઇ જાય. રાતના માથું સખત દૂખવા માંડયું અને ઊંઘ એક દોઢ વાગ્યા સુધી ન આવી. પથારીમાં તરફડીયાં માર્યાં કર્યાં. ઊંઘ ન આવે ત્યારે માણસની કેવી ખરાબ દશા થાય છે? મનમાં કંઇ કંઇ તર્ક, વિતર્ક, કુતર્ક આવ્યાંજ કરે; અને આપણી ઇચ્છા ન હોય તો પણ મન કે બુદ્ધિ પોતાનું કામ કર્યા કરે અને આપણને સતાવે. ઊંઘ ન હોય તો માણસ કદાચ બે દિવસમાં ગાંડોજ બની જાય. ઊંઘ કેવી જરૂરની અને સુંદર વસ્તુ છે! અને મન પણ કેવું વિચિત્ર છે કે વિચારો કર્યાજ કરે અને છતાં થાકે નહિ! વિચારો પણ કેટલા બધા હશે

કે ખૂરેજ નહિ! વિચારોની વિવિધતા પણ આશ્ચર્યજનક હોય છે!

* * *

લોકો ચોરી શા માટે કરતા હશે? પૈસાદારો જેવે ચોક. ધોળે દિવસે મોટી ચોરીજ કરી રહ્યા છે ને? આવડા મોટા પગારો લેવાનો એમને શો અધિકાર છે? ગરીબોને ભોગે અને ગરીબોને દુઃખ દઇને, તેમના મુખમાંથી અન્ન ખેંચી લઇને લોકો પૈસાદાર થાય તે ચોરી નહિ તો બીજું શું? ત્યારે મોટો ચોર કોણ? મોટા પગારના અમલદાર કે તેના ઘરનો નજીવા પગારનો નોકર? અમલદારોના ઘરમાં ચોરી થવાનો બનાવ જ્યારે જ્યારે બંને છે ત્યારે ત્યારે ગરીબ તવંગર વચ્ચેનો અણછાજતો સંબંધ એકદમ દેખાઇ આવે છે.

પૈસાદાર એટલે પ્રામાણિક અને ગરીબ એટલે અપ્રમાણિક, ચોર, લુચ્ચો લફંગો! કેવું વિચિત્ર? મનુષ્યસ્વભાવમાં ગરીબ તવંગરના ભેદ જેવું કશું હોઇ શકેજ નહિ. ઇશ્વરે બંધાને એ વિષયમાં તો સરખાજ નથી કર્યા? ઉલટું કદાચ આ કહેવાતા દુર્ગુણો પૈસાદારમાંજ વધારે હશે, નહિતર એ પૈસાદાર કેવી રીતે થયા હોય? સ્વાર્થી થયા વિના પૈસાદાર થવાનું શક્યજ નથી.

તા. ૨૧-૬-૧૯...

"બહાર કેવી મજા છે? વરસાદ આવું આવું થઇ રહ્યો છે. કોઇ કોઇ છાંટા તો પડવા પણ માંડ્યા છે. આકાશ મેઘાચ્છાદિત છે અને સામેના રસ્તા ઉપરનાં મોટાં ઝાડો લહેરથી ઝૂલે છે. કુદરત આખી આનંદમગ્ન છે અને પક્ષીઓ પણ કિલ-કિલાટ કરે છે. ગઇ કાલે સાંજે વરસાદ આવ્યો હતો. આજે પણ આવશે. વર્ષાઋતુની ભવ્યતા અને મજા ઉનાળાના સુક્કા દિવસો પછી કેવાં ગમે છે? વર્ષા કેવી ઉદાર અને વિશાળ હૃદયની છે? પૃથ્વી ઉપર અમી વરસાવવું એજ એનું કામ. એ આપણને કેટકેટલું આપે છે? એના વડેજ આપણે જીવતા નથી? અને ઉનાળો? બધું સૂકવી દે છે. આશા હોય ત્યાં નિરાશા અને સુખ ત્યાં દુઃખ અને આનંદ હોય ત્યાં દિલગીરી ફેલાવે છે. કેવું વિચિત્ર!

"પણ વર્ષાની આકર્ષકતા એથી જ નથી વધતી. વર્ષાનું સૌંદર્ય ઉનાળાની શુષ્કતાથી અધિકતર થાય છે. અને સુખ દુઃખનું પણ એવું જ નથી શું? વરસ પછી વરસ આવે છે અને શિયાળો, ઉનાળો, ચોમાસું પણ એક પછી એક ક્રમ પ્રમાણે ચાલ્યાં આવે છે. કાયમ

શિયાળો કે કાયમ ઉનાળો કે કાયમ ચોમાસું કોઇ દિવસ હોઇ શકે? તેમજ સુખ અને દુઃખ પણ એક પછી એક જીવનમાં આવે છે અને આવવાનાં. સદાને માટે સુખ કે સદાને માટે દુઃખ આ જગતમાં કોઇને માટે નં જ હોય. ત્યારે હું પણ દુઃખ માટે તૈયાર કેમ ન રહું? મને સર્વદા સુખ ક્યાંથી મળે? દુઃખ અને સુખ મને સરખાં જ ગમવાંજ જોઇએ. કારણકે દુઃખ ન હોય તો સુખની ખબર ન પડે સુખનો આનંદ દુઃખ વિના કેમ અનુભવાય?

"મારા માર્ગમાં મુશ્કેલીઓ આવે તે પણ મને તો ગમે. કારણકે એવે વખતે મને મારી શક્તિઓ વાપરવાની તક મળે છે અને મારી કિંમત બતાવી શકાય છે. સંકટમાંથી કે મૂંઝવણમાંથી વિજયી થઇને બહાર આવવું એ સૌથી મોટું સુખ નથી? એથી આત્મસંતોષ થાય છે અને મનનું રંજન થાય છે. મારે મુશ્કેલીઓની સાથે સાથે જ તેમાંથી સફળતાપૂર્વક બહાર નીકળવાની શક્તિ જોઇએ છે, મારા ઉપર વધારે સંકટો આવશે તો જ મારી બુદ્ધિ અને શક્તિ ખીલશે અને કેળવાશે ને? મને મારી જાતમાં વિશ્વાસ છે, પણ મારે મારી શક્તિને કસવી છે અને આગળ વધવું છે.

"...મારૂં હૃદય સાચેજ અતિ કોમળ થઇ ગયું છે. લાગણી પ્રધાન થવું ગમે છે. પણ તેવા થઇએ ત્વારે સહન પણ ઓછું નથી કરવું પડતું. સહેજ સહેજમાં લાગી આવે તે કેવું? અને ન લાગી આવે તે પણ ખરાબ નહિ? પત્થર જેવા થવાં કરતાં ફૂલ જેવાં થવું વધારે સારૂં નહિ? લાંબો વખત પત્થર જેવા બનીને રહેવાં કરતાં થોડો વખત જીવવું પણ ફૂલ જેવા કેમ ન થવું? મને ફૂલ ગમે છે તો હું ફૂલ જેવો જ રહીશ. લલે વહેલો ચીમળાઇ જાઉં. પ્રેમને મારા મુખ્ય સિદ્ધાંત તરીકે સ્વીકાર્યા પછી લાગણીને મારાથી દૂર કેમ કરાય? પ્રેમ અને લાગણી તો સદાને માટે સાથે ને સાથેજ જવાનાં. લાગણી ન જોઇતી હોય તો પ્રેમને પણ દૂર કરવો રહ્યો"

તા. ૨૨-૧૨-૧૯...

"..... જુદા જુદા તારાઓને ઓળખવા, તેમની રચના જાણવી, તેમને વિષે પ્રચલિત દંતકથાઓ જાણવી, તેમના રૂપરંગ જોવા, તેમની ભૌગોલિક સ્થિતિ સમજવી અને નવરા પડીએ ત્યારે તેમની સામે તાકી રહેવું એ બહુ રસિક કાર્યક્રમ છે. તેવું જ પક્ષીઓનું પણ છે. સહુના અવાજ પારખવા, તેમનું સૌંદર્ય નીહાળવું. તેમની

ખાસિયતો સમજવી એ પણ એટલું જ મજાનું છે, તેવું જ ફૂલોનું.

"..... માણસ જેમ પ્રેમ કરે છે તેમ પ્રેમની અપેક્ષા પણ રાખે છે. આ વૃત્તિથી કોઇ માણસ નિરાશ થાય—જ્યારે તેને લાગે કે પોતાની ધારણા પ્રમાણેનો પ્રત્યુત્તર મળવો મુશ્કેલ છે ત્યારે તેણે પોતાની તે વૃત્તિને બીજા કોઇ માર્ગે વાળી લેવી એ સારૂં છે. જેમ જેમ વધારે જડ વસ્તુ તરફ મમત્વ રહે તેમ તેમ માણસ વધારે સલામત છે. માણસ માણસના પ્રેમમાં ઘણાં અંતરાયો આવે. સામી વ્યક્તિની મનોદશા ઘડીએ ઘડીએ પલટાતી રહે. તેના કરતાં માણસ કોઇ પ્રાણી કે પક્ષી તરફ મમતા ધરાવે તો માણસના પ્રમાણમાં તે પ્રાણી કે પક્ષી વધારે મક્કમ હોય. તેનેય છોડીને માણસ ફૂલ તરફ પોતાનો પ્રેમ વાળે. તેનેય છોડીને સર્વવ્યાપી તારા સાથે મૈત્રી સાધે. જેને તારાઓ સાથે પ્રેમ હશે તે કેવો સુખી હશે? તારાઓ તો તેને કદિપણ નિરાશ નહિ કરતા હોય?

"મને તારાઓમાં અને પક્ષીઓમાં રસ છે. પક્ષીઓને પારખવાં અને સાંભળવાં મને બહુ ગમે છે. તારાઓ સામે તાકી રહેવું અને

મનની કંઇ કંઇ મુરાદો તેમને કહેવી મને ગમે છે. પણ એ પ્રેમ હું મારો બધો શોક ભૂલી જાઉં તેવી સબળતા આપશે તે દિવસે હું કેટલો સુખી હોઇશ ?

"પણ આ વૃત્તિ પાછળ કોઇ કડવા અનુભવની પ્રેરણા તો નહિ હોય ને ?"

તા. ૨૩–૧૨–૧૯...

"આજે પહેલ વહેલા ત્રણ તારાઓ ઉગ્યા: શુક્ર, ગુરુ અને મંગળ. ગુરુ અને ચંદ્ર સાવ પાસે હતાં ત્યારે તેનો દેખાવ એરીંગ જેવો લાગતો હતો; સોનાની ગોળ મોટી ટીકડી હોય અને નીચે મોતી ઝબકતું હોય તેમ લાગતું હતું. મંગળ રાતો છે તે સિવાય તેમાં બીજું કશું સૌંદર્ય નથી. સૌથી સુંદર તો શુક્ર. તેનો રંગ પણ અજબ સ્વચ્છ સ્ફટિકશો. ગુરુ કરતાં પણ નિર્મળ અને તેજસ્વી. મનસ્વી પણ ખરો. સૌથી વહેલો ઉગે. દશ વાગે ત્યાં તો અદૃશ્ય થઇ જાય. સવારે સૌથી મોડો આથમે. ઘણી વખત તો સૂર્યોદય પછી પણ એ ભાઇ દેખાતા હોય છે. અંધારીયાની પાછલી રાતે જ્યારે શુક્ર ચળકે છે ત્યારે તો કોઇ અજબ કવિતા શો લાગે છે !"

તા. ૨૪-૧૨-૧૯...

" .. ...નું પુસ્તક પૂરું કર્યું ગામડાનાં સુખી કુટુંબોને શહેરની મીલજીવનની મલિનતાઓ કેવી રીતે નષ્ટપ્રાય કરી મૂકે છે તેનો એમાં કરુણ ચિતાર છે. ગામડીયાઓનો અને શહેરીઓનો, ગામડાઓનો તેમજ શહેરોનો લેખકનો અભ્યાસ કેટલો બધો ઉંડો છે? નવલકથા સારામાંની એક છે. ગુજરાતીમાં એવી ક્યારે સરજાશે?

".....આજે મેં મારા મન ઉપર એક સારો વિજય મેળવ્યો. એવો હું હમેશાં મેળવતો રહું. પ્રભુ મને તેમાં સહાય થાય.

"જીંદગીમાં આપણે ન ઈચ્છીયે તેવા કરુણ પ્રસંગો બને છે તે વખતે આપણને ખૂન કરવાનો અને રડવાનો-બધુંય કરવાનો અધિકાર છે. પણ જીંદગી જીવવી હોય તો એ બધું છોડી દઇ પોતાની નાવને સમતોલ કરી લેવામાં જ પુરૂષાર્થ સમાએલો છે.

".....સુંદર ચાંદની છે. મૃગશીર્ષ હમણાં જ માથે આવશે. વ્યાધ કેવો ચળકે છે? શિકારીઓ કેમ આવા આકર્ષક લાગતા હશે?

જ્યાં સુધી મનુષ્યમાં પાશવતા છે ત્યાં સુધી લોહીમાં તેને Romance લાગશે જ.

"વાતાવરણ મનોહારી છે. બહુ આનંદ છે.

"આ કૂતરાઓ કેવું કારમું ભસે છે? આ શિયાળીયાંઓનું રૂદન અને સિંહની વેદના ચીસો કવિતાને ઉડાડી દે તેવાં છે. વાતાવરણમાં કેવો જબ્બર તંફાવત એક મિનિટમાં થઇ જાય છે? મન ઉપર આવી અસરો થવા દેવી બહુ સારી નથી; નહિ તો તો કોઇ કામ પૂરેપૂરૂં પાર ન પડે."

તા. ૨૫-૧૨-૧૯...

"સાચે જ રામના હૃદય જેવી અને વિશ્વામિત્રના તપ જેવી નિર્મળ અને તેજસ્વી ચાંદની છે. શિયાળાની ઠંડી અને વાતાવરણની શાંતિ ચંદ્રના અમીમાં ઉમેરો કરે છે. તારાઓ તેજસ્વી નથી પણ મીઠા તો લાગે જ છે અંતરમાં ઉન્માદ આવે છે અને દૂર દૂર શાંતિમાં ભમવા જવાનું મન થાય છે. આવી સરસ ચાંદનીમાં, આવી પ્રચ્છન્ન શાંતિમાં, આવી ગુલાબી ઠંડીમાં, અગમ્ય ટેકરીઓમાં અનંતતાને ખોળે આળોટવાનું મન થાય છે. દૂર દૂર ક્ષિતિજરેખા સાથે જ વણાઇ ગએલી સાગરની

રૂપેરી વેલ સંત્રીની ખુલ્લી તલવાર જેવી દુનિયાને પડખે પડી છે. પડખેની વાડીમાંથી ખૂચનાં ફૂલોની મધુર સુવાસ વહે છે, અને અંતરમાં શાંતિ ભરે છે. કોઇ બોલતું નથી. બુલબુલ હમણાં બોલ્યું હતું. સૌંદર્ય, સંગીત અને શાંતિનો સુમેળ છે. કવિતાકાળ છે. મનમાં કે કે કારણ વિના ઉન્માદ આવે છે. બધે ચેતન ચેતન લાગે છે. કવિતા બહાર આવવા મથામણ કરી રહી છે પણ આવતી નથી. કંઇક ખૂટે છે એમ લાગ્યાં કરે છે. આવી વૃત્તિ મેં ઘણીવાર અનુભવી છે.

પિતાની ડાયરી.

જુવાનો તો ડાયરી રાખે છે, પરંતુ જુવાન હૃદયને ઓળખવાનો પ્રયત્ન કરનારા પિતાઓ પણ ઘણી વખત નાની નાની નોંધો પોતાની ડાયરીમાં કરે છે. તેવા એક જુવાન વિદ્યાર્થીના પિતાની ડાયરી મને જોવાનું સદ્ભાગ્ય મળ્યું. તેમાંથી થોડું એક મેં ચૂંટી લીધું છે. તેમની રજાથી એ અહીં છાપું છું. ભવિષ્યમાં આવાં બીજાં અનેક ટાંચણો પસંદ કરી કરીને મૂકવાનો પણ ઇરાદો છે. જુવાન હૃદયી પિતાઓ મને પોતાની આવી ડાયરીઓ આપે તો મારા ઉપર અને સમાજ ઉપર કેટલો ઉપકાર થાય? જુવાન હૃદયના તરંગો, વિચારો, મનોરથો અને અભિલાષાઓ આપણે જાણવા ઉત્સુક છીએ—એટલા માટે કે આપણે હાથે જુવાનોને અન્યાય ન થઇ જાય તો પછી જુવાનને પિછાનવા માટે રહેલા પિતાઓના પણ વિચારો આપણે જરૂર જાણીએ કે જેથી આજે તેમને પણ ઘણી વખત થતે અન્યાય અટકે.

હરભાઇ.

બાળકો થાજો મા, થાજો તો જાજો મા, અને જાજો પણ રીસાજો તો મા જ !

+ + +

અમારૂં માબાપોનું હૃદય જુવાન બાળકો ઓળખતાં થઇ જાય તો પ્રેમની દુનિયામાં કેવું પરિવર્તન થાય ? ઘેર ઘેર સ્વર્ગ જામે.

+ + +

સમજુ અને પોતાની જાતને ડાહ્યાં ગણતાં માબાપો પણ પોતાનાં જુવાન બાળકને ન ઓળખી શકે તેવું નહિ બનતું હોય ?

+ + +

જુવાન છોકરાંઓનાં હૃદય ઘણાં આળાં હોય છે. સાવ સાચી વાત. પરંતુ 'માબાપોનાં હૃદયો કયારેક તો એથીયે વધુ આળાં 'થઇ જાય છે એમ છોકરાંઓ સમજી જાય તો ? એવી પળો ઓછી હશે; પણ જેટલી ઓછી તેટલી વધારે તીવ્ર એમાં તો શંકા નથી જ.

+ + +

આજે આ ચિ...ને થયું છે શું ? 'બાપુ' ગમે તે કારણે પણ સહેજ દુઃખી દેખાયં તો એક ક્ષણ પણ એ બેદરકાર રહે એ અસંભવિત; સિવાયં કે તેનો સ્વભાવ બાળસુલભ ટીખળ

ઉપર ચડી ગયો હોય અથવા તો પોતે જ કંઇક દુઃખી થયેલ હોય. છતાં આજે તે આમ મારાથી દૂર કેમ રહે છે?

+ + +

ચિ...ને નવરાશ મળે કે તુરત જ તેની સાથે જીવનની અનેકવિધ વાતો કરવાના શોખીન મારા જેવાને આજે આ શું થયું છે? બોલવાની આટલી બધી તીવ્ર ઇચ્છા હોવા છતાં આજે હોઠ ઉઘડતા કેમ નથી? મારા જીવનનો પણ આ એક કાયદો જ છે ને? કોને ખબર પડે છે કે હૃદયના લાગણીઓના વેગો કઇ દિશામાં વહી રહ્યા છે?

+ + +

મોટેરાંઓ મરજી પડે ત્યારે જાહેરમાં રોઇ શકતાં હોય તો?

+ + +

આમ તો કંઇ સમજાતું નથી. પરંતુ એટલું તો હું દેખી જ શકું છું કે ચિ...ઉપરથી ગમે તેવા દેખાવાના પ્રયત્નો કરે છતાં અંતરથી ખૂબ દુઃખી છે. મારા વર્તનથી તેમ થવા પામતું હોય તો મારા જેવા પિતાને એ ન શોભે. મારો ધર્મ તો તેને હરેક રીતે સુખી કરવાનો છે તે કેમ ભૂલાય?

+ + +

આજના મારા વર્તનથી ચિ...ને કંટાળો આવ્યો હશે? ના, ના: તેમ માનવું એમાં તો એનું અપમાન છે. હું એ તો બરાબર સમજી શકું છું કે એ મારૂં dearest child છે તો હું તેનો dearest papa છું.

\+ \+ \+

ઘણીએ વખત હું ભૂલી જાઉં છું કે ચિ... આખરે તો હજી બાળક છે, અને તેની સરખામણીએ તો હું જરૂર મોટો છું. પરિણામે કયારેક કયારેક એવું પૂછાઇ જવાય છે અથવા તો વર્તાઇ જવાય છે કે જેથી તેનું હૃદય મૂંઝાય. આમાં પણ મારા જેવાંએ ખૂબ દરકારવાળા બનવું ઘટે.

\+ \+ \+

'प्राप्ते तु षोडशे वर्षे पुत्रं मित्रवद् आचरेत्'. એ ઉક્તિ બોલવી બહુ સહેલી છે પણ આચરવી તો અત્યંત કઠિન જણાય છે. ચિ...ની ઉંમર વીશ વર્ષની થઇ; પણ તેની સાથે મિત્ર તરીકે વર્તવામાં ખૂબ મુશ્કેલી આવે છે. કંઇ વાતનો કે કંઇ ચર્ચાનો પ્રસંગ નીકળે એટલે તુરત જ પિતા થઇ જવાય છે! એ મારાથી નાનો છે એટલું જ નહિ પણ મારો દિકરો છે એ ભાવ મનમાંથી ખસતો જ નથી.

પરિણામે એની દલીલોમાં ગમે તેટલું તથ્ય હોય છતાં મારા અભિપ્રાય પ્રમાણે જ ચાલવું જોઇએ તેવો આગ્રહ મનમાં રહ્યા જ કરે છે. મિત્રથી પરાસ્ત થતાં કશું જ થતું નથી; પણ દિકરા પાસે હારી જતાં મનમાં સહેજ દુઃખની લાગણી થઇ આવે છે. ત્યારે 'પુત્રાત્ પ્રચ્છેત્ પરાજયમ્' એ તો 'આદર્શ' જ હશે કે?

+ + +

ગઇ કાલે મોહનભાઇ મળ્યા અને તેમણે જે વાત કરી તેથી મનમાં ભારે મંથન ચાલી રહ્યું છે. ચિ. ...એ પોતાની બધી મૂંઝવણો મોહનભાઇ પાસે ખાલી કરી અને સલાહ માગી એ તો જાણે કે ઠીક, પણ મારી પાસેથી જે પ્રકારની અનુકૂળતા જોઇએ છીએ તે માટે પણ તેમને જ કહ્યું અને મોહનભાઇએ મને ભલામણ કરી. આ શું? દિકરાઓ બાપા પાસે ખુલ્લા દિલથી વાત જ ન કરી શકે એ તે શું હશે? ચિ. ...એ પોતાની બધી મૂંઝવણો મને કહી હોત તો હું પણ સરસ ઉકેલ લાવી આપી શકત. તેમાં મને શંકા નથી. પણ એણે મને કેમ ન કહ્યું? મેં ક્યાં કોઇ દિવસ પૂછયું છે કે ભાઈ તારે કંઇ અમુક વિષયમાં કહેવાનું છે? બાપ દિકરો એ નજીકમાં નજીકના સંબંધીઓ અને છતાં કેટલું અંતર?

મોહનભાઇનો ચિરંજીવી પણ પોતાના દિલની બધી વાતો મોહનભાઇને નથી કહેતો પણ તેમના એક મિત્રને કહે છે તેમ જાણવામાં આવ્યું છે. પિતા પુત્ર વચ્ચે આવો પડદો એ સાહજીક હશે ? તે ઇષ્ટ છે ? મોહનભાઇ તો કહેતા હતા કે તેનો દિકરો જો પોતાની બધી વાતો કહેવા નહિ આવે તો પોતે જ પૂછશે. પોતાની વાતો તેને કહેશે અને એ રીતે મિત્રસંબંધ કેળવશે. કેવો સુંદર વિચાર ? હું પણ તેમ કાં ન કરૂં ?

\+ + +

આજે મને નવી વાત સમજાઇ છે. ચિ. ... એ ઘરની તે દિવસની ધમાલની બધી વાત મોહનભાઇને જઇને કહી અને પોતે શું કરવું તે બાબતમાં સલાહ માગી. મને આ ખબર મોહન-ભાઇએ પોતે જ આપ્યાં. જ્યારે જ્યારે આવું બને છે ત્યારે ત્યારે મોહનભાઇ મને તુરતજ વાત કરે છે. તેટલા માટે મોહનભાઇ તરફ ખરેખર મને પૂજ્યભાવ પ્રગટે છે. પોતે આમ જુવાનોના સલાહ-કાર બને અને સાથેજ માબાપને પણ પરિચિત રાખી તેમનાં પણ સલાહ અને સહાનુભૂતિ મેળવે એ અત્યંત આદરણીય છે. પણ મને મોહનભાઇની ઇર્ષ્યા પણ આવે છે તે મારે કબૂલ કરવું જોઇએ.

મોહનભાઇ એક વડીલ મિત્ર જેવા છે, તો હું ખુદ બાપ છું ને? જે વાત તેમને કહેવાય તે મને કાં કહે નહિ?

પણ તેમાંથી જ મને તો પાઠ મળ્યો. તે દિવસે ચિ. ...મારી પાસે આવ્યો હતો અને એકાંતમાં તે સંબંધમાં વાત કાઢવાનો પ્રયત્ન કરતો હતો. પરંતુ હું એ ન સમજ્યો. મને થયું કે કુટુમ્બની આવી વ્યવહારિક જંજાળમાં આવા નિર્દોષ જુવાનને શું કામ નાખવો? પણ હું ભૂલ્યો. એને તેની ચર્ચા નહોતી કરવી પણ ઉભી થએલી પરિસ્થિતિમાં પોતાનું સ્થાન નક્કી કરવું હતું. મને અભિમુખ થાય તેવા આવા તો અનેક પ્રસંગોને મેં ગુમાવ્યા હશે. હવેથી તો તેમ ન બને, અને તેને ઓળખવાના તથા સમજવાના તમામ પ્રસંગોને વધાવી જ લેવા તેવો નિયમ રાખીશ.

\+ + +

ચિ. .....ને પોતાના મિત્રો સાથે મુસાફરીએ જવું હતું. મેં ના કહી અને કારણ આપ્યું પૈસાની મુશ્કેલી. પૈસાની મુશ્કેલી છે તે વાત સાચી છે. આપણે સાચી વાત મૂકીને દિકરાઓને અટકાવી શકીએ. પરંતુ આ તો મેં તેને ત્રીજુ

વખત ના કહી. ત્રણ સત્રથી એ કહ્યા કરે છે અને હું તેને દરેક વખતે એક એક સત્ર આગળ કેલ્યા કરું છું. આ વખતે મેં તેને અટકાવ્યો ખરો પણ મને ગમ્યું નથી. પંદર દિવસ પછીજ વ્યવહારનું ખર્ચ આવવાનું છે તેથી મુસાફરીમાં પૈસા નાખી ન દેવાય એવી તેની પાની દલીલ છે. ગમે તેવી આર્થિક મુશ્કેલી વેઠીને વ્યવહારના ખર્ચો કરાય છે તો પછી દિકરાની કેળવણી માટે આવા ખર્ચો શા માટે નહિ?

૧-૮-૧૯...

પુત્ર સોળ વર્ષનો થાય ત્યાર પછી તેની સાથે મિત્રસમ વર્તવું તેવું શાસ્ત્રવચન છે. પરંતુ આ શાસ્ત્રવચન વ્યવહારમાં કામ આવતું નથી દેખાતું. ઘણા માબાપો તો પુત્ર તરફ પુત્ર સિવાય બીજી કોઇ દષ્ટિથી જોઇ જ નહિ શકતા હોય એટલે પુત્ર મિત્ર થાય જ કયાંથી? મને એવું નથી. હું પુત્ર તરફ મિત્ર દષ્ટિથી જોઇ શકવા સમર્થ છું એમ મને ખાત્રી છે. હું તેવા પ્રયત્નો પણ કરું છું. પરંતુ તેમાં ઘણી વખત પિતાનું હૃદય તો ઘણી વખત પુત્રનું હૃદય આડે આવે છે.

ગઇ પંદરમી તારીખે ચંદ્રનો મિત્ર બની મિત્રભાવે મેં પત્ર લખ્યો. તો તેનો ચંદ્રે અવળો

અર્થ કર્યો. પિતા તરફથી તો એ ભાવભીના પત્રોની આશા રાખે છે! અને દિકરો જુવાન થયો હોય, પિતા સાથે મિત્ર બની શકાય છે તેમ માનતો પણ હોય એટલે પછી બાપને 'સુક્કા' 'ઘરડા' તેવા વિશેષણો પણ લગાડી દે. મારો તેના ઉપરનો પત્ર વિચારી ગયો અને તેનો જવાબ વાંચી ગયો ત્યારે તેના કહેવામાં કંઇ સત્ય તો લાગ્યું. પણ ત્યારે કરવું શું?

તેનો પત્ર આવ્યા પછી બે દિવસ વિચાર કર્યો. અને પછી એક ભાવભીનો પત્ર લખ્યો. પત્ર વાંચી ભાઇ સાહેબ ખૂબ હસ્યા તેમ પોતાના જવાબમાં જણાવે છે. શા માટે? પત્રમાં તેને વેવલાવેડા લાગ્યા! આવડી મોટી ઉંમરના દિકરા સાથે આવો પત્રવ્યવહાર તે ચલાવાતો હશે? આ તે વાત્સલ્ય કે વેવલાવેડા?

ત્યારે હવે કરવું શું? દિકરાને મિત્ર બનાવવા જઇએ તો સુક્કા બનીએ અને તેના વત્સલ બાપ બનવા જઇએ તો વેવલા બનીએ.

તા. ૫-૮-૧૯...

પત્ર વ્યવહારથી ગેરસમજુતિની પરંપરા ઉભી થાય છે તેવો અનુભવ થવા લાગ્યો છે. મેં ધાર્યું ન હતું તેવો અર્થ મારા કાગળમાંથી ચંદ્રે

કાઢયો. તેનો ખુલાસો કરવા બેઠો તો અનર્થ પરંપરા વધી! નવો જમાનો દિકરાઓ સાથે છેક જ છૂટથી વર્તવા પોકાર કરીને કહે છે; પણ નવા જમાનાના આવા વિધાયકોને આની ખબર નહિ હોય?

દિકરા સાથે બુદ્ધિના ક્ષેત્ર ઉપર વિચરવું તેના કરતાં હૃદયના ક્ષેત્ર ઉપર રમવું એ વધારે ઉપકારક હશે. હૃદયના ઉમળકાઓને ઝટ મૂર્ત સ્વરૂપ આપી દેવું સહેલું નથી. હૃદયની હૂંફ અનુભવાવી શકાય છે. બોલી કે લખી બતાવી શકાતી નથી. હૃદયને ઓળખવા માટે બુદ્ધિની મદદ લેવી એ વ્યર્થ છે. બુદ્ધિ હૃદયને ઓળખાવી શકે તેની મર્યાદા છે, હૃદયને ઓળખવા માટે તો હૃદય જ જોઇએ; અને હૃદયનો સ્વભાવ મોઢે અબોલ હોય છે.

તા. ૭–૮–૧૯...

ગઇ કાલના કામદેવના પત્રે જરા અસ્વસ્થ કરી મૂકયો છે. કામદેવને ચંદ્રભાઇની ઇર્ષ્યા આવે છે કાં? ચંદ્રભાઇ તરફ મારો પક્ષપાત છે અને કામદેવને હું અવગણું છું તેવો વિચાર જ એના મનમાં કયાંથી આવ્યો હશે? બાપને કાંઇ દિકરા તરફ ખાસ પક્ષપાત હોય નહિ તેમ આપણે માનીએ

છીએ. બાપ પણ માણસ છે ને મનુષ્ય સહજ નિર્બળતાને વશ થઈ જરા વધારે રૂપ ગુણવાળા દિકરા તરફ સહેજ પક્ષપાત રહી જાય તે પણ સંભવિત છે. સંભવિત શા માટે? સત્ય છે. કામદેવને શી ખબર છે કે તેના રૂપથી મુગ્ધ થઇને તો અનેકોની ટીકા સહન કરી મેં તેનું નામ કામદેવ પાડયું છે. ચંદ્રના કરતાં એ રૂપાળો છે, તેનો ચહેરો તેના અંગનું માર્દવ અને તેના શરીરનો ઘાટ એ બધાંએ મારો તેના તરફ પ્રેમ-પક્ષપાત બંધાવ્યો છે. એ મોટો થયો તેમ તેની બુદ્ધિ પણ તેના શરીરની માફક તેજસ્વી થતી ગઇ અને તેના તરફના મારા પક્ષપાતમાં વધારો થયો. બુદ્ધિપૂર્વક મેં આ હકીકત કોઇને જણાવા દીધી નથી. આમ છતાં કયારેક કયારેક ચંદ્રને એની ખબર પડી જ હતી. પણ આજે કામદેવ ઉલટું વિચારે તેનું શું કારણ? હા, કદાચ આમ હોય. ચંદ્રને ખોટું ન લાગે તે ખાતર તેના માટે હું કયારેક કંઇ ખાસ કરતો. આનો અર્થ કામદેવે ઉંધો લીધો હોય તો નવાઇ નહિ!

ઉંડો વિચાર કરું છું ત્યારે તો મારે મન ચંદ્ર અને કામદેવ એ એક જ શરીરની બે આંખો છે. મનુષ્યનું મન પણ કેવું વિચિત્ર છે? બન્ને એક જ

શરીરના અવયવો હોવા છતાં કયારેક કોઇ એક અવયવ અવગણી જવાય તેવું બને છે. આમાં એ અવયવોને નુકશાન છે તેના કરતાં અનેકગણું વધારે શરીરને છે.

તા. ૨૭–૮–૧૯...

છાત્રાલયો કેળવણી લેવાની સગવડ કરી આપવા માટે અચૂક ઉપયોગી છે; પરંતુ દિકરાને છાત્રાલયમાં મૂકીને માબાપ થોડુંએક ગુમાવે પણ છે જ. છાત્રાલયમાં તો સમૂહતંત્ર હોય; સમૂહતંત્રને કારણે વ્યવસ્થા અને નિયમો હોય. એવા તંત્રમાં પડી જવાને કારણે ઘણી વખત માણસ યંત્રવત્ બની જાય છે.

ચંદ્રની કુટુંબ તરફની લાગણી કેટલી સૂક્ષ્મ અને મુલાયમ હતી? અને આજે? તેના વર્તનમાં બધો જ વ્યવહાર અને નર્યું શાસ્ત્ર! આ તો દિકરાને સંસ્કારી અને વિદ્વાન માણસ બનાવવા જતાં દિકરો ખોયા જેવું થયું. મને તો લાગે છે કે આજે માબાપોને શાસ્ત્રીય દિકરાઓ જોઇએ છીએ તેના કરતાં વધારે પોતાનાં અપત્યો જોઇએ છીએ?

કામદેવને છાત્રાલય જીવનથી સંતોષ નથી. ક્યાંથી હોય? છાત્રાલયમાં બીજું બધુંય હશે પણ

માબાપની હૂંફ તો નહિ જ હોય. એમ થાય છે કે એને તો ઘેર બોલાવી લઉં અને અહીં રાખીને ભણાવું. વળી એ ચંદ્ર પાસે જવાની માગણી પણ કરે છે. તેની મનની આજની સ્થિતિમાં તેને ચંદ્ર સાથે રાખવો મને ઠીક નથી લાગતો. હમણા તો ભલે છે ત્યાં ને ત્યાં રહ્યો.

તા. ૩૦-૮-૧૯...

ચંદ્રનો દિલ પીગળાવનારો કાગળ આવ્યો. જુવાન માણસો ગમે એટલી શેખી કરે પણ માબાપના દિકરા મટવાના છે? મારો કાગળ ન જાય અથવા તો મોડો જાય તેથી દુઃખી થાય છે. મારી એક લીટીની પણ તેને કિંમત છે! પણ ચંદ્ર જેવા દિકરાને એ કોણ સમજાવે કે મારે તો તેના હસ્તાક્ષરની પણ કિંમત છે. એની સાથેના મારા તમામ મતભેદો આજના તેના પત્રે ભૂલાવી દીધા છે. હું તેની સાથે કશી જ ચર્ચા કરવા નથી ઇચ્છતો. એ મને પત્ર લખે. હું એને પત્રો લખું એટલે બસ. દિકરા ઉપર માબાપ કદિ સાચી રીતે ચીડાઇ, શકવાનાં જ નથી. અને દિકરો ગમે તેટલાં ફાંફાં મારે પણ માબાપને કદિ છોડી કે વિસારી શકવાનો જ નથી.

માબાપ અને દિકરાના સંબંધો ઉછીના લીધેલા કે બાંધેલા નથી; એ તો લોહીના છે, સ્વયંભુ છે.

\+ \+ \+

...એને મેં હૈયાનું હીર ચૂસાવીને ઉછેર્યો છે. એ નાનો હતો. મારા આંધળાની લાકડી હતો. મારી આંખનું રતન હતો. એને કયાં ખબર છે કે એ 'હતો' નહિ, આજે પણ 'છે'. 'છે' માંથી 'હતો' એ એના મનનો ખ્યાલ છે—ભ્રમ છે. એને આ વાત સમજાવું? ના, ના! આવી વાતો સમજાવાતી તે હશે? કેટલીએક બાબતો એવી હોય છે કે જે વાણીનો વિષય બની જ ન શકે. સમજવા જેવું બધું જ વાણીમાં ઉતારવાની આવશ્યકતા પણ નથી. વાત્સલ્ય એ વાણીથી પર છે. પર રહે તેમાં જ તેની શોભા છે. અને એ આજે ન સમજે કે હું જીવું ત્યાં સુધી ન સમજે તેમાં ખોટું શું છે? એ ગમે તેટલો મોટો થાય તો પણ મારૂં તો બાળક જ ને!

\+ \+ \+

હું એ દિકરાને સૂકો લાગ્યો? પણ લાગું જ ને! વાત્સલ્યની ભીનાશ મારામાં ન દેખાય તો એમાં વાંક મારો જ. બાળક જુવાન થાય

ત્યારે એની જરૂરીઆતો બદલાય છે. એના જુવાન મનને હું બરાબર પિછાની ન શકું કે સંતોષી ન શકું તે સ્વાભાવિક છે. મને એનું જરાયે દુઃખ નથી. આ વાત એ ન સમજે તેનું મને ભારે દુઃખ છે.

\+ \+ \+

એ હવે પરણવાનો વિચાર કરે છે અને મારી સલાહ માગે છે. જુવાન છોકરાઓ માબાપની વત્સલ હૂંફ મેળવતા બંધ થાય, અથવા તો એવી હૂંફ એમને અપૂર્ણ લાગે તે વખતનો કાળ એમના જીવનમાં કંઇક ક્રાંતિનો કાળ હોય છે આવા કાળમાં તેમના મનમાં લગ્નના વિચારો જોસભેર ઉભરાય છે. લગ્ન તરફ આકર્ષાતા મનને આ પણ એક મોટું કારણ બને છે. હું એને શી સલાહ આપું? એ પરણીને પણ મારો રહે એ મારા મનની એક મોટી અભિલાષા છે. હિંદુ સમાજમાં–અરે હિંદુસમાજમાં શા માટે? દુનિયાની તમામ પ્રજાઓના સમાજમાં–માબાપોને એક મોટી બીક એ હોય છે કે દિકરાઓ પરણીને માબાપના મટી જાય છે. મારા મનમાં પણ આ એક મોટી બીક છે. કોણ જાણે કેમ, પણ હું જીવું ત્યાં સુધી એ મારી સાથે જ રહે–સહેજ પણ વિખુટો ન પડે તેવી ઉગ્ર વૃત્તિ

મનમાં રહ્યા કરે છે. એ વૃત્તિ સંતોષવા માટે કેટકેટલા ભોગો આપવા જોઇએ એનો વિચાર કરું છું ત્યારે ડરી જાઉં છું. એવા ભોગો એ આપી શકે? એ આપે તેમ મારાથી ઇચ્છાય? મેં એવા કશા ભોગો મારી જીંદગીમાં આપ્યા છે ખરા કે જેથી મને તેમ ઇચ્છવાનો અધિકાર આવે?

ત્યારે જા ભાઇ, જા. તું જેમ સુખી અને સંતોષી થા તેવું કર. તેમ કરવા જતાં મારા સંબંધેનો વિચાર નહિ કરતો. હું તો હવે ઘરડો થવા લાગ્યો છું. ઘડપણ એ બાલપણ જેવું વિચિત્ર હોય છે. ઘડપણના મનોરથો કઢંગા અને બેવકૂફ પણ હોય છે. એને પોષવા એવું કોઇ જુવાનને માથે કશું બંધન હોઇ જ ન શકે. તને પણ તેવા બંધનમાંથી મુક્ત કરું છું. તને મુક્ત કર્યા છતાં મારા મનની આશાઓ તો કાયમ રહેવાની. આશાઓ તો અમર છે ને? પણ એવી આશાઓ તો આશાઓ જ રહે તે ઇષ્ટ છે. તેવી આશાઓ પરિપૂર્ણ થાય તો તેની ખુબી ઉડી જાય; અને નિરાશામાં ફેરવાઇ જાય તો આઘાત પહોંચાડે.

\+ \+ \+

તું નાનો હતો ત્યારથી મારા જીવનની ઝીણામાં ઝીણી બાબતો તને કહેવાનું મેં શરૂ કર્યું હતું. ધર્મ અને નીતિ જેવી મારા જીવનને ઉપયોગી જણાતી પરંતુ તને નકામી અને શુષ્ક લાગતી વાતો પણ મેં તને ગંભીર થઇને કહી છે. તેં પણ તેટલી જ ગંભીરતાથી તે સાંભળી છે મારા મનની ગડમથલો તને કહેવામાં મેં આનંદની પરાકાષ્ટા ગણી છે. તે સાંભળવામાં તેં પુત્રધર્મની પરાકાષ્ટા સ્વીકારી છે. એ દિવસો મારા માટે નથી ગયા. તારા માટે ગયા હોય તો મને ખબર નથી.

મારૂં હૃદય પ્રેમથી ભરપૂર છે. એ પ્રેમ ઠાલવવાનાં અનેક સ્થળો હોય છે. કવિ નાનાલાલ આવા પ્રેમોનું વર્ણન કરે છે. 'માતપ્રેમ' 'તાત-પ્રેમ' 'પુત્રપ્રેમ' 'ભગિનીપ્રેમ' 'પતિપ્રેમ' 'પત્નીપ્રેમ' 'પુત્રીપ્રેમ' વગેરે. મેં એ બધા પ્રેમોને 'પુત્રપ્રેમ' માં સંક્રાંત કરવાનો પ્રયોગ કર્યો છે. કેટલે અંશે એ પ્રયોગ સફળ થયો છે અને થશે એ તો ભાવિ નક્કી કરશે.

જેટલો પ્રેમ વધારે ગાઢ તેટલો વધારે તેના વિનિમય માટે અસંતોષ. જ્યા અહીં હતી ત્યારે હું એમ વિચારતો કે એ જ્યારે બહાર જશે ત્યારે

પત્રોથી તેને ધરવી દઇશ! જયંત જ્યારે જ્યારે ઘેર આવે છે ત્યારે ત્યારે તેને ગંભીર થઇને વચન આપું છું કે હવે પછીથી તો તેને એવા એવા પત્રો લખીશ કે તે પ્રસન્ન પ્રસન્ન થઇ જાય! જયા જાલંધર ગઇ, જયંત અમદાવાદ ગયો. હવે શું છે?

જયા લખે છે: "બાપુ! આવા પત્રો લખો છો તેના કરતાં તો પત્રો નજ લખો તો? અથવા તો લખવા પડે તો અમે ખુશીમાં છીએ. તમે હશો; તેવા પત્રો લખતા હો તો કેવું સારૂં? મને તમારા આવા પત્રો વાંચ્યા પછી શંકા થવા માંડે છે કે બાપુ હવે શુષ્ક તો નહિ થવા માંડ્યા હોય ને?"

અને જયંત લખે છે: "હું જુવાન છું; બીજા જુવાનોની અંદર ભાત પાડું તેવો જુવાન છું. સ્વતંત્ર વ્યક્તિત્વ કેળવવાના કોડ છે; પરંતુ બાપુનો દિકરો રહેવાના—બાપુ પાસે બાળક રહેવાના એટલા જ કોડ છે. તમે આવા ખુશીખબરના પત્રો લખો તે મને ન ચાલે. પત્રો લખો તો રસિક લખો. મન પોરમમાં રહે તેવા લખો, અભ્યાસમાં પણ કોંટો રહે તેવા લખો. તમે પત્રો નહિ લખો તો ચલાવી લઇ શકીશ, પણ આવા લખશો તે નહિ ચલાવી લઉં."

જયા જયંત બન્નેની વાત-ફરિયાદ સાચી છે. ત્યારે આમ કેમ થાય છે?

માબાપને છોકરાંઓ પોતાનાં થાય તે ગમે છે. છોકરાંઓ નાનાં હોય ત્યારે તેમને રમાડવામાં પોતાનાં જીવનનો સારામાં સારો વખત પણ ગાળે છે. પણ છોકરાંઓ મોટાં થાય ત્યારે? છોકરાંઓ દૂર જાય ત્યારે? ત્યારે તો તેમને પોતાનાં ધંધામાંથી ફુરસાદ નથી મળતી! છોકરાંઓ મોટાં થયાં, સમજુ થયાં. ઘણું ઘણું આશા રાખતાં થયાં, ત્યારે માબાપને કામ વધે છે! આ કામની દલીલ પાછળ કંઇ ગંધાતું તો નથી કે?

છોકરાંઓ રમકડાં જેવાં લાગે છે માટે તો માબાપો તેમને રમાડતાં નહિ હોય, પોતાને ઠીક પડે, ગમે તે પ્રમાણે છોકરાંઓને નચાવી કૂદાવી શકાય છે માટે તો માબાપો તેમની સાથે વખત નહિ ગાળતાં હોય? પોતાને ફાવે તે રીતે બાળકો ઉપર વાત્સલ્ય વરસાવી શકાય છે—પછી ભલે બાળકોને તે ગમે કે ન ગમે, તે માટે માબાપો તેમને વહાલ નહિ કરતાં હોય? ઘણાં માબાપોને બાળકો ચૂંગળાઇ જાય ત્યાં સુધી વહાલ કરતાં જોયાં છે; ઘણાં માબાપોને છોકરાંઓને ચૂંમીઓથી નવરાવી નાખતાં જોયાં છે; ઘણાં માબાપોને બાળકોને લીંસી દેતાં જોયાં છે. છોકરાંઓ મોટાં થાય પછી પણ આ બધું

અશકય થઇ પડે, છોકરાંઓ દૂર જાય પછી પણ આ બધું અશકય થઇ પડે માટે તો માબાપ બેદરકાર નહિ બનતાં હોય ? વાંક કોનો ? પોતાનું વ્યક્તિત્વ વિકસાવી રહેલાં, માબાપોનાં રમકડાં જ બની રહેવા નહિ ઇચ્છતાં બાળકોનો ? કે પોતે ધારે તે પ્રમાણેજ વાત્સલ્ય દાખવી શકે અને મુંગાં નિર્દોષ બાળકોને હુલાવી ફુલાવી શકે તો જ અને ત્યારે જ વખત મેળવી શકે તેવાં માબાપોનો ?

કોણ જાણે

પણ જયા જયંતની બાબતમાં તો મને મારો પોતાનો જ વાંક દેખાય છે.

\+ \+ \+

મને વહેમ પડે છે કે જયા અને જયંત બન્ને મારા તેમના ઉપરના પત્રો એક બીજાને મોકલે છે, વંચાવે છે અને પછી જ મને જવાબ લખે છે ! કદાચ એક બીજાના જવાબો પણ વાંચતા હોય ! !

જયા લખે છે: "આવી નરી બુદ્ધિની ચર્ચાથી ભરેલો પત્ર વાંચવો તે કોને ગમે ? અમારે ત્યાં ટપાલ બપોરે મળે છે; બપોરે તો અમે ભણવા ગયાં હોઇએ તેથી અમારે તો હંમેશાં સાંજે જ ટપાલ વાંચવાની હોય છે. સાંજે આવીને

તમારો કાગળ જોઉં એટલે તો હર્ષથી નાચવા જ લાગું. આ કાગળ જે આનંદથી ઉઘાડયો તે આનંદ ઠેઠ સુધી ન ટકયો. વિદ્યાલયમાં તે દિવસે બુદ્ધિનું વાતાવરણ વધારે જામેલું. પૂરા પાંચ કલાક સુધી બુદ્ધિને ઘસ્યા પછી પાછી એવી જ વાતો વાંચવા મળી ત્યારે જરા કંટાળો આવ્યો. બાપુ ! તમને કહું ? જો એ પત્ર તમારો ન હોત તો હું વાંચ્યા વિનાનો જ પાછો મૂકી દેત ! તમે બુદ્ધિની ચર્ચાવાળા કાગળો ભલે લખો. તે મને ગમે છે: તેમાંથી મને લાભ પણ થાય છે, પણ બુદ્ધિની ચર્ચા કરવામાં એ ન ભૂલો કે તમે તમારી લાડકી દિકરી ઉપર પત્ર લખો છો મને કાગળમાં 'મારા બાપુ' દેખાવા જ જોઇએ."

જયંત પણ પોતાના પત્રમાં આમ લખે છે :—

"ચાલુ રાજકારણ સંબંધેના તમારા વિચારો મારાથી જરા પણ અજાણ્યા નથી. તમે બુદ્ધિની દલીલો કરીને એકની એક વાત મારા મન ઉપર ઠસાવવા માગો છો. તમે તો જાણો જ છો કે એ બાબતમાં મારે થોડોએક મતભેદ તમારી સામે છે જ. આજના દરેક જુવાનને માતપિતા સામે તેવા મતભેદો રહેવાના જ. પણ આવા

મતભેદોની ચર્ચા પત્રોમાં કરવાને બદલે તમારી સાથે તો મ્હોંએ કરવી જ મને ગમે. તમારો પત્ર આવ્યો તે દિવસે અમારા ઇતિહાસના પ્રોફેસર સાથે આ જ વિષય ઉપર ગરમાગરમ ચર્ચા થએલી. બરાબર તે જ વખતે તમારો પત્ર મળ્યો. તમે સહેજે સમજી શકશો કે ગરમાગરમ ચર્ચા થયા પછી જેની સાથે આપણે મતભેદ થયો હોય છે તેના તરફ ઘડીભર પણ થોડો ઘણો કંટાળો આવે જ છે. પ્રોફેસર તરફનો મારો થોડો કંટાળો અને તેમાં તમારો પત્ર મળ્યો. એટલે ઇચ્છું કે ન ઇચ્છું તો પણ તમારી તરફ જરાક કંટાળો પેદા થયો. ખરૂં કહું તો એ 'મારા બાપુ'-નો પત્ર ન હોત તો હું તે વખતે વાંચત પણ નહિં.

"પણ હું લખવા માગું છું તે બીજી વાત છે. તમે પોતે આવી બાબતોમાં આટલું આટલું લાંબું લખો તેના કરતાં મારી પાસેથી તેવું લખાણ માગો. તમારા પત્રોમાંથી તો મારે 'બાપુ' દેખવા છે. તમે એમ નહિં સમજતા કે અમે જુવાન થયા કે બુદ્ધિશાળી થયા કે માબાપથી દૂર રહેતા થયા એટલે માબાપની હૂંફ નથી ઇચ્છતા. દરેક જુવાનને માબાપની વત્સલ

ફૂંકની જરૂર રહે જ છે. દરેક જુવાન જાણે-અજાણ્યે પણ આ લાગણી અંતરમાં સેવી રહ્યા હોય છે. એ લાગણી ઘણા વખત સુધી વ્યકત કરવાનો અવકાશ જ ન મળે તો પછી તેની હૈયાતી જ વીસરાઇ જાય તે સંભવિત છે; પણ તેથી તેનો અભાવ છે તેમ માનવાની ભૂલ કોઇ ન કરે. મને આશા છે કે મારૂં કહેવાનું હું સ્પષ્ટ કરી શકયો છું."

બન્ને ભાઇ બ્હેનનાં પત્રો મારા માટે કેવા પાઠ સમાન છે? મારે અહીં મારી ડાયરીમાં તો કબૂલ કરવું જ જોઇએ કે હું બન્ને ભાઇ બ્હેનને પત્રો લખવા બેસું છું ત્યારે એવા પત્રો માટે જે નિરાંત જોઇએ તે મારી પાસે નથી હોતી. પત્રો લખવાનો ઉમળકો આવે ત્યારે વખત નથી મળતો, અને વખત મળે છે ત્યારે મનની શાંતિ નથી હોતી! પછી તો બન્ને માટે પત્રો લખવા બેસું છું અને તેમાં બન્ને જણાને મારો ઉમળકો બતાવવાનો જાણી બૂઝીને પ્રયત્ન કરૂં છું! પરંતુ આ બન્ને યુવાન બાળકો પાસે એ કયાં ઢાંકયું રહી શકે તેમ છે?

હવેથી વધારે સ્વાભાવિક અને વધારે પ્રામાણિક થવાના પ્રયત્નો કરીશ.

મુંબઇ ઇલાકાના સરકારી કેળવણી ખાતાએ ના. એસ.
૮૬ (બી)-૪૪૬-સી. તા. ૫-૯-૩૨ થી પાઠ્ય પુસ્તક
તરીકે મંજુર કરેલ.

હાઇસ્કૂલ, (માધ્યમિક શાળા) અને ટ્રેનિંગ સંસ્થા-
ઓના વિદ્યાર્થીઓ માટે પ્રાચીન લેખકોથી માંડીને અદ્યતન
સાહિત્યમાંથી વિદ્યાર્થી યોગ્ય સુંદર ચૂંટણીનું:—

મંજુલાલ રણછોડલાલ મજમુદાર
એમ. એ; એલએલ. બી. રચિત નવું પાઠ્ય પુસ્તક

ગુજરાતી સાહિત્ય પરિચય

પુસ્તક ૧ લું કીંમત ૦-૧૦-૦

ગુજરાતી સાહિત્ય પરિચય

પુસ્તક ૨ જું કીંમત ૦-૧૪-૦

શ્રીમતી વિદ્યાબ્હેન રમણભાઇ નીલકંઠ તથા
સૌ. પ્રેમલીલા કે. મહેતા રચિત
ગૃહ વિજ્ઞાનનાં નવીન પુસ્તકો—

ગૃહદીપીકા

પુસ્તક ૧ લું મૂલ્ય ૦—૫-૦
,, ૨ જું મૂલ્ય ૦-૧૦-૦

પ્રકાશક: ઠા. બેચર મેઘજી એન્ડ સન્સ.
રાજકોટ—(કાઠીઆવાડ).

દરેક પુસ્તકાલયને સંગ્રહવા યોગ્ય

શ્રી. ગોકુલદાસ રાયચુરા કૃત.

(૧) કાઠિયાવાવાડની લોકવાર્તાઓ ૧-૮-૦
(૨) વ્યાસજીની વાર્તાઓ ૧-૮-૦
(૩) દાલ ચીવડાની દશ વાર્તાઓ ૧-૮-૦
(૪) સ્નેહપૂર્ણા ૩-૦-૦

શ્રી. મંજુલાલ ર. મજમુદાર કૃત.

(૫) ગુ. સાહિત્ય પરિચય પુ. ૧લું ૦-૧૦-૦
(૬) સદર પુ. ૨જું. ૦-૧૪-૦

શ્રી. વિદ્યાબ્હેન નીલકંઠ અને સૌ. પ્રેમલીલા મહેતા કૃત.

(૭) ગૃહદિપીકા પુ. ૧લું. ૦-૫-૦
(૮) ગૃહદિપીકા પુ. ૨જું. ૦-૧૨-૦
(૯) પૃથ્વીનો પરિચય (અંબાણીકૃત) ૧-૮-૦
(૧૦) શ્રી શાંકર ભાષ્ય શ્રીમદ્ભગવદ્ગીતાજી

શ્રી. વિશ્વનાથ સદારામ પાઠક કૃત

કાચું પુંઠું ૬-૦-૦ પાકું પુંઠું ૮-૦-૦

ઠા. બેચર મેઘજી એન્ડ સન્સ
રાજકોટ—(કાઠિઆવાડ)